વિ. સંવત ૨૦૮૧, અષાઢ સુદ - પૂનમ
THURSDAY
10 JULY 2025
LOKASATTA JANASATTA
VADODARA

(A Leading Gujarati Daily Since 1951)

# લોકસત્તા જનસત્તા

@LoksattaJansatta @loksattajansatta YouTube @theloksatta www.loksattanews.co.in નીડર અને નિષ્પક્ષ

• કુલ પાના ૧૨ • કિંમત ₹ ૫.૦૦ • YEAR-74 • VOL 218

CMD : Sanjay Shah



તસવીર : કેયુર ભાટિયા

**ગુજરાતમાં વધુ એક બ્રિજ ધરાશાયી**

# ગંભીરા બ્રિજના બે કટકા : ૧૩ના મોત

## મધ્ય ગુજરાતથી સૌરાષ્ટ્રને જોડતા વડોદરા જિલ્લાના પાદરા નજીક મહિસાગર નદી પર આવેલ બ્રિજ પરથી વહેલી સવારે વાહનો આવનજાવન કરી રહ્યા હતા એવા સમયે બ્રિજ તૂટતાં પાંચ વાહનો નદીમાં ખાબક્યાં

વડોદરા,. તા. ૯

ગુજરાતમાં બ્રિજ પાડવાનો સિલસિલો યથાવત રહ્યો છે. મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રને જોડતો વધુ એક બ્રિજ ધરાશાયી થઇ ગયો હતો. મહીસાગર નદી ઉપર બનાવાયેલો ગંભીરા બ્રિજ વહેલી સવારે બે ભાગમાં વિભાજીત થઇ ગયો. બ્રિજનો એક જર્જરિત હિસ્સો ધડામ દઈને નદીમાં ખાબક્યો અને તેની સાથે પાંચ વાહનો પણ નદીમાં ગરક થઇ ગયા. આ ઘટનામાં સાંજ સુધીમાં ૧૧ વ્યક્તિઓના મોત થયા થયા હતા જ્યારે પાંચ વ્યક્તિઓના રેસ્ક્યુ કરીને જીવ બચાવવામાં આવ્યા હતા.

ધ્ય ગુજરાતથી સૌરાષ્ટ્રને જોડતા ગંભીર બ્રિજનો એક હિસ્સો આજે સવારે ૭.૪૫ કલાકની આસપાસ ધરાશાયી થયો હતો. આ બ્રિજ ઉપર વહેલી સવારે અનેક લોકો નોકરી માટે આવનજાવન કરતાં હોય છે આ ઉપરાંત અનેક મોટા વાહનો પણ આ બ્રિજ ઉપરથી પસાર થઇ રહ્યા હતા. દરમિયાન અચાનક બ્રિજ ધડામ દઈને તૂટી પડતા પાંચ વાહનો નદીમાં ખાબક્યા હતા. આ ઘટનામાં એક ઇકો કાર, એક પીકઅપવાન, બે ટ્રક અને એક રીક્ષા નદીના પાણીમાં ગરક થયા હતા. બનાવની જાણ આસપાસના નાગરિકો તેમજ તંત્રને થતા તંત્ર ઘટનાસ્થળે દોડી આવ્યું હતું અને બચાવકામગીરી યુદ્ધના ધોરણે શરુ કરી હતી. એનડીઆરએફની ટીમ, વડોદરાનું ફાયર વિભાગ તેમજ સ્થાનિક તરવૈયાઓની ટીમ બચાવ કામગીરીમાં લાગી હતી. એક બાદ એક મૃતદેહોને કાઢવામાં આવ્યા હતા. આ ઘટનામાં ૧૩ વ્યક્તિઓના મોત થયા છે. તો પાંચ વ્યક્તિઓના રેસ્ક્યુ કરીને તેઓને બચાવી લેવામાં આવ્યા હતા. તેઓને સારવાર અર્થે વડોદરાની એસએસજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ૫૦ વર્ષ જૂનો આ બ્રિજ છેલ્લા કેટલાય સમયથી જર્જરિત હતો અને તેના સમારકામ માટે અનેક રજૂઆતો પણ કરવામાં આવી હતી પરંતુ તંત્રના પેટનું પાણી ન હાલતા અંતે આ મોટી હોનારત સર્જાઈ હતી. આ ઘટના બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સહિતના આગેવાનોએ દુઃખ વ્યક્ત કર્યું હતું અને મૃતકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

### પીએમ મોદીએ રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી સહાયની જાહેરાત કરી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વડોદરા જિલ્લામાં પુલ તૂટી પડવાથી થયેલી જાનહાની પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. પીએમ નરેન્દ્ર મોદીએ અકસ્માતમાં ઘાયલ થયેલા લોકો માટે ઝડપી સ્વસ્થ થવાની પણ પ્રાર્થના કરી છે. તેમજ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી પ્રત્યેક મૃતકના પરિવારજનોને રૂ. ૨ લાખ અને પ્રત્યેક ઈજાગ્રસ્તને રૂ. ૫૦,૦૦૦ની સહાયની જાહેરાત કરી છે. પ્રધાનમંત્રી કાર્યાલય દ્વારા સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી જણાવાયું હતું કે, ગુજરાતના વડોદરા જિલ્લામાં પુલ તૂટી પડવાથી થયેલી જાનહાનીથી ખૂબ જ દુ:ખદ છે. જેમણે પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે તેમના પ્રત્યે મારી સંવેદના. ઘાયલો ઝડપથી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના.

### મુખ્યમંત્રી દ્વારા તાત્કાલિક તપાસના આદેશ અપાયા

દુર્ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા માર્ગ-મકાન વિભાગને તાત્કાલિક તપાસના આદેશો આપ્યા છે. આ માટે ચીફ એન્જિનિયર-ડિઝાઈન તથા ચીફ ઈજનેર-સાઉથ ગુજરાત અને પુલ નિર્માણમાં નિષ્ણાત અન્ય બે ખાનગી ઈજનેરોની ટીમને તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને બ્રિજ તૂટી પડવાના કારણો તથા અન્ય ટેકનિકલ બાબતો પર પ્રાથમિક તપાસ હાથ ધરીને અહેવાલ આપવા સૂચના આપી હતી.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શોક વ્યક્ત કર્યો : દુર્ઘટનામાં મૃતકોના વારસદારને રૂા. ૪ લાખની સહાયની જાહેરાત

આણંદ અને વડોદરાને જોડતા માર્ગ પરના ગંભીરા બ્રિજ તૂટી પડ્યો હતો. આ દુર્ઘટના બાબતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા શોક વ્યક્ત કરવામાં આવ્યો હતો. એટલું જ નહીં મૃતકોના વારસદારને રૂ. ૪ લાખની સહાયની જાહેરાત કરી હતી. તેમજ ઈજાગ્રસ્તોને રૂ. ૫૦૦૦૦ની સહાયની જાહેરાત કરાઈ હતી. ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા ઉપર પોસ્ટ મૂકીને જણાવ્યું હતું કે, આણંદ અને વડોદરાને જોડતા ગંભીરા બ્રિજના ૨૩ ગાળા પૈકીનો એક ગાળો તૂટી પડવાથી સર્જાયેલી દુર્ઘટના દુખદ છે. આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા મૃતકોના આત્માની શાંતિ અર્થે પ્રાર્થના કરું છું. ઈજાગ્રસ્ત થયેલા લોકોની તત્કાળ સારવાર વ્યવસ્થા માટે વડોદરા કલેકટર સાથે વાતચીત કરીને અગ્રતા ક્રમે પ્રબંધ કરવાની સૂચનાઓ આપી છે. તેમજ દુર્ઘટના સ્થળે બચાવ રાહત કામગીરી માટે સ્થાનિક નગરપાલિકા અને વડોદરા મહાનગરપાલિકાની ફાયરબ્રિગેડ ટીમ બોટ્સ અને તરવૈયાઓ સાથે કાર્યરત છે, તેમજ એનડીઆરએફની ટીમ પણ ઘટના સ્થળે પહોંચીને બચાવ કામગીરીમાં જોડાઈ છે.



**પટનામાં ઇમર્જન્સી લેન્ડિંગ કરવાની ફરજ પડી**

# ૧૭૫ મુસાફરો ભરેલું ઇન્ડિગો વિમાન ટેક ઑફ કરતાં જ પક્ષી સાથે ટકરાયું

## પક્ષી અથડાયા પછી વિમાનના એન્જિનમાં કંપન જોવા મળ્યું

પટના, તા.૯

સવારે પટના એરપોર્ટથી દિલ્હી જઈ રહેલી ઇન્ડિગોની એક ફ્લાઇટને ટેકઓફ કર્યાની થોડી મિનિટો પછી જ કટોકટીમાં પરત ફરવું પડ્યું. ફ્લાઇટ દરમિયાન એક પક્ષી વિમાનના એક એન્જિન સાથે અથડાયું, જેના કારણે ટેકનિકલ ખામી સર્જાઈ. સલામતીને ધ્યાનમાં રાખીને, પાયલોટે સાવચેતીભર્યો નિર્ણય લીધો અને ફ્લાઇટને પટના એરપોર્ટ પર સુરક્ષિત રીતે પાછી ઉતારી. વિમાનમાં કુલ ૧૭૫ મુસાફરો હતા.ફ્લાઇટે પટના એરપોર્ટથી સવારે ૮:૪૧ વાગ્યે ઉડાન ભરી હતી, પરંતુ ટેકઓફ કર્યા પછી તરત જ, એક એન્જિનમાં કંપન અનુભવાયું, જેના કારણે વિમાનને પટના પરત ફરવું પડ્યું. હાલમાં, તકનીકી તપાસ ચાલી રહી છે અને મુસાફરોને દિલ્હી લઈ જવા માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી રહી છે.પટણા એરપોર્ટ દ્વારા જાહેર કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "પટણાથી દિલ્હી જતી ફ્લાઇટ IGO5009 એ ટેકઓફ કર્યાના થોડા સમય પછી, ૦૮:૪૨ IST પર પક્ષી સાથે અથડાયાની જાણ કરી હતી. રનવે પર નિરીક્ષણ દરમિયાન એક મૃત પક્ષીના ટુકડા મળી આવ્યા હતા.

**ભારતના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ ચિંતિત દેખાયા**

# ચીન-પાકિસ્તાન-બાંગ્લાદેશ સાઠગાંઠ પર સતર્કતાની જરૂર

## ચીન, પાકિસ્તાન અને બાંગ્લાદેશનું ગઠબંધન ભારત માટે ખતરો : CDS જનરલ અનિલ ચૌહાણ

નવી દિલ્હી, તા.૯

ભારતના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે એક થિંક-ટેન્ક કાર્યક્રમમાં કહ્યું હતું કે, ભારતની રાષ્ટ્રી. સુરક્ષા આજે બહાર અને આંતરિક બંને મોરચા પર દબાણમાં છે. તેમણે ચીન, પાકિસ્તાન અને બાંગ્લાદેશના સંભવિત જોડાણને ભારતની સ્થિરતા અને સુરક્ષા માટે મોટું જોખમ ગણાવ્યું. તેમણે કહ્યું કે, આજની વૈશ્વિક સ્થિતિ ખૂબ જ અસ્થિર છે, આખી દુનિયા જૂની વ્યવસ્થાથી નવા વૈશ્વિક સંતુલન તરફ વધી રહ્યા છે. આ પરિવર્તન વચ્ચે અમેરિકાની ભૂમિકા પણ અનેક સ્તરે જટિલતા પેદા કરી રહી છે. ઝફજી એ ભાર મૂકીને કહ્યું કે, 'એક મજબૂત અને લવચિક અર્થવ્યવસ્થા કોઈપણ દેશની રાષ્ટ્રીય શક્તિનો પાયો હોય છે. આર્થિક અને વ્યાપારિક સુરક્ષા પણ રાષ્ટ્રીય સુરક્ષાનો મહત્ત્વનો ભાગ છે. સ્થિર વિકાસ અને ચકાઉ પ્રગતિ માટે મજબૂત અર્થવ્યવસ્થા જરૂરી છે. બહારના પ્રભાવોથી સુરક્ષા ત્યારે જ સંભવ છે, જ્યારે દેશની આંતરિક સ્થિતિ મજબૂત હોય અને તેનો આર્થિક આધાર સ્થિર રહે.'

જનરલ ચૌહાણે કહ્યું કે, ભારત જેવા વિવિધતા ભરેલા દેશમાં સામાજિક અને આંતરિક સુરક્ષાને હલ્કામાં ન લેઈ શકાય. આપણો દેશ બહુભાષી, બહુધાર્મિક અને બહુજાતીય છે. એવામાં સામાજિક એકતાને જાળવી રાખવું ખૂબ જરૂરી છે. સામાજિક સુરક્ષા વ્યવસ્થામાં આંતરિક સુરક્ષાને પણ મહત્ત્વનું સ્થાન મળવું જોઈએ.' આ સાથે તેમણે ચેતવણી પણ આપી કે, જો ભારતને આંતરિક રૂપે નબળું પાડવામાં આવ્યું, તો બહારના જોખમ વધુ અસરકારક થઈ જશે.

જનરલ ચૌહાણે કહ્યું કે, ચીન, પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે જો કોઈપણ પ્રકારનો વ્યૂહનૈતિક સહયોગ હોય છે, તો તેની સીધી અસર ભારતની સુરક્ષા પર પડે છે. આ ત્રણેય દેશોના સામાન્ય હિત ભારતની વિરોધમાં એક વ્યૂહનૈતિક પડકાર બની શકે છે. ખાસ કરીને ત્યારે જ્યારે બાંગ્લાદેશના રાજકારણની સ્થિતિ અસ્થિર છે અને ત્યાંના પૂર્વ વડાંપ્રધાન શેખ હસીના ભારતમાં શરણ લઈ રહ્યા છે.'

ઝફજીએ મે ૨૦૨૫માં થયેલા 'ઓપરેશન સિંદૂર'નો ઉલ્લેખ કરતા કહ્યું કે, આ પહેલું ઉદાહરણ હતું જ્યારે બે પરમાણુ સંપન્ન દેશ ભારત અને પાકિસ્તાન સીધા સૈન્ય સંઘર્ષમાં સામેલ થાય.

**ઝારખંડ હાઇકોર્ટમાં CBIની અરજી સ્વીકારાઇ**

# ઘાસચારા કૌભાંડમાં લાલુ પ્રસાદ યાદવની સજા વધારવાની માગ

પટના, તા.૯

ઘાસચારા કૌભાંડ સંબંધિત એક કેસમાં, ઝ્રમ્ૈંએ ઝારખંડ હાઈકોર્ટમાં લાલુની સજા વધારવાની માંગ કરી છે. તપાસ એજન્સીએ આ અંગે કોર્ટમાં અરજી કરી હતી. કોર્ટે સીબીઆઈની અરજી સ્વીકારી લીધી છે.જસ્ટિસ રંજન મુખોપાધ્યાય અને જસ્ટિસ અંબુજ નાથની ડિવિઝન બેન્ચે ઝ્રમ્ૈંની અરજીને સુનાવણી માટે સ્વીકારી લીધી છે. સીબીઆઈ વતી લાલુ પ્રસાદ યાદવ, બેક જુલિયસ અને સુધીર કુમાર ભટ્ટાચાર્યની સજા વધારવાની માંગ કરવામાં આવી છે. અગાઉ, નીચલી કોર્ટે આ લોકોને સાડા ત્રણ વર્ષની જેલની સજા ફટકારી હતી. સીબીઆઈએ કેસમાં મહત્તમ સજાની માંગ કરી રહી છે. આ કેસ દેવઘર તિજોરીમાંથી ગેરકાયદેસર ઉપાડ સાથે સંબંધિત છે. એપ્રિલમાં, સીબીઆઈએ ઝારખંડ હાઈકોર્ટમાં ઘાસચારા કૌભાંડમાં લાલુ યાદવની સજા વધારવા માટે અરજી કરી હતી. અરજી સ્વીકારીને કોર્ટે આ કેસમાં આગામી સુનાવણી ત્રણ મહિના પછી રાખવા જણાવ્યું હતું. ટ્રેઝરીમાંથી ગેરકાયદેસર ઉપાડના કેસનો સમાવેશ થાય છે.

**પહેલા ૧ જુલાઈથી પ્રતિબંધ લાદવાનો હતો**

# દિલ્હી સહિત ૫ શહેરમાં ૧ નવે.થી જૂના વાહનોને ફ્યુઅલ નહીં મળે

નવી દિલ્હી, તા.૯

દિલ્હીમાં એન્ડ-ઓફ-લાઇફ અથવા ઓવરએજ વાહનો પર ફ્યુઅલ પ્રતિબંધ ૧ નવેમ્બર સુધી મુલતવી રાખવામાં આવ્યો છે. મંગળવારે એર ક્વોલિટી કમિશનની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો. ૧૦ વર્ષથી વધુ જૂના ડીઝલ વાહનો અને ૧૫ વર્ષથી વધુ જૂના પેટ્રોલ વાહનોને EOL વાહનો કહેવામાં આવે છે. અગાઉ જારી કરાયેલા નિર્દેશો અનુસાર, આવા વાહનોને ૧ જુલાઈથી દિલ્હીમાં ફ્યુઅલ મળવાનું ન હતું. હવે તેમને ૩૧ ઑક્ટોબર સુધી રાહત આપવામાં આવી છે. ૩ જુલાઈના રોજ, દિલ્હીના પર્યાવરણ મંત્રી મનજિંદર સિંહ સિરસાએ કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટને આવા વાહનો સામે કાર્યવાહી રોકવા વિનંતી કરી હતી.ખરેખરમાં, CAQMએ એપ્રિલમાં આદેશ આપ્યો હતો કે ૧ જુલાઈથી જૂના વાહનોમાં ફ્યુઅલ ભરવામાં આવશે નહીં, જેથી પ્રદૂષણ ઘટાડી શકાય. દિલ્હી ઉપરાંત, આ નિયમ ગુરુગ્રામ, ફરીદાબાદ, નોઈડા, ગાઝિયાબાદ અને સોનીપતમાં પણ લાગુ થશે.

**બીઓબી, એસબીઆઇ અને કેનેરા બેંક દ્વારા**

# હવે ઍકાઉન્ટમાં મિનિમમ બૅલેન્સ નહીં રાખનારાઓને કોઈ ચાર્જ નહીં લાગે

નવી દિલ્હી, તા.૯

આપણામાંથી મોટાભાગના લોકોની સમસ્યા હોય છે કે બેંક એકાઉન્ટમાં પૈસા ના હોવાને કારણે બેંક તરફથી એવરેજ મિનિમમ બેલેન્સ ચાર્જ કાપી લેવામાં આવે છે. પરંતુ હવે સેવિંગ્સ એકાઉન્ટના કસ્ટમર્સને આની ચિંતા કરવાની જરૂર નથી. એસબીઆઈ સહિત કેટલીક મોટી બેંકોએ હાલમાં જ મિનિમમ મંથલી બેલેન્સના રૂપમાં લગાવવામાં આવતા ચાર્જને સંપૂર્ણપણે નાબુદ કરવામાં આવ્યો છે. જો હવે તમારા ખાતામાં પૈસા નથી તો પણ બેંક દ્વારા આના માટે કોઈ પણ પ્રકારનો ચાર્જ નહીં વસૂલવામાં આવે. આ યાદીમાં સૌથી પહેલું નામ આવે છે.. બીઓબી દ્વારા તમામ સ્ટાન્ડર્ડ સેવિંગ્સ એકાઉન્ટ પર મિનિમમ બેલેન્સની શરત પૂરી નહીં કરવા પર લગાવવામાં આવતા ચાર્જને પહેલી જુલાઈ, ૨૦૨૫થી હટાવી દીધો છે. જોકે, પ્રીમિયમ સેવિંગ્સ એકાઉન્ટ સ્કીમ્સ પરથી આ ચાર્જ નથી હટાવવામાં આવ્યો. આ સિવાય ઇન્ડિયન બેન્ક, કેનેરા બેંક,અને એસબીઆઈ દ્વારા નિર્ણય લેવાયો છે.

**અરુણાચલના મુખ્યમંત્રીની ચેતવણી**

# ચીનમાં વિશ્વનો સૌથી મોટો ડેમ પ્રોજેક્ટ ભારત માટે 'વોટર બોંબ'

ઇટાનગર, તા.૯

અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડૂએ ચીનના વોટર બોમ્બને લઈને ભારતને ચેતવણી આપી છે. ચીન તિબેટના યારલુંગ ત્સાંગપોમાં બ્રહ્મપુત્રા નદી પર વિશ્વનો સૌથી વિશાળ ડેમ બનાવી રહ્યો છે, જેને લઈને મુખ્યમંત્રી ખાંડૂએ ચિંતા વ્યક્ત કરી છે. તેમણે ચીનના વિશાળ ડેમને 'વોટર બોમ્બ' ગણાવ્યો છે અને આ ડેમથી આખા પ્રદેશનું અસ્તિત્વ જોખમમાં મૂકાવાની આશંકા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, 'ચીનનો ડેમ પ્રોજેક્ટ કોઈપણ આંતરરાષ્ટ્રીય જળ સંધિનો ભાગ નથી, તેથી તે ખૂબ જ ખતરનાક છે. જો તેઓ અચાનક પાણી છોડશે તો સિયાંગ નદીનો સંપૂર્ણ વિનાશ થઈ જશે. ડેમની અસર માત્ર અરુણાચલ પ્રદેશમાં જ નહીં, આસામ અને બાંગ્લાદેશને પણ મુશ્કેલીમાં મૂકી શકે છે. જો ચીને પાણી વહેંચણી કરારો પર હસ્તાક્ષર કર્યા હોત, તો આ પ્રોજેક્ટનો ઉપયોગ પૂરને નિયંત્રિત કરવામાં મદદ કરવા માટે થઈ શક્યો હોત.' સીએમ પેમા ખાંડૂએ વધુમાં કહ્યું કે, 'સિયાંગ નદી કિનારે વસતા આદિ જાતિ અને અન્ય સમુદાયોની આજીવિકા પર સંકટ આવી શકે છે.

### એમ. એસ. યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલ કેમ્પસની મેસમાં રાત્રે પનીર ભૂરજી, ખીર, રોટલી, દાળ અને ભાત ભોજનમાં પીરસવામાં આવ્યાં હતાં

# MSUની ગર્લ્સ હોસ્ટેલમાં ૨૦૦થી વિદ્યાર્થિનીને ફૂડ પોઈઝન

## વિવિધ ફેકલ્ટીના જુદાજુદા હોલમાં રહેતી ૧૨૪ વિદ્યાર્થિનીને SSGમાં દાખલ કરાઈ : યુનિ. અને હોસ્ટેલના સત્તાધીશો હોસ્પિટલ દોડી આવ્યા

વડોદરા, તા.૯

એમ. એસ. યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલમાં ૮મી જુલાઈ ૨૦૨૫ની રાત્રે એક સાથે વિદ્યાર્થિનીઓને પેટમાં દુઃખાવો, ઉલ્ટી થવી જેવી ફરિયાદો સામે આવી હતી. શરૂઆતમાં વિદ્યાર્થિનીઓને હોસ્ટેલમાં જ પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. પરંતુ વિદ્યાર્થિનીઓની સંખ્યા વધતા તેમજ તેમની તબિયત વધારે લથડતા તેમને એસએસજી હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. યુનિવર્સિટી સત્તાધીશો પાસેથી મળતી માહિતી અનુસાર હોસ્ટેલમાં કુલ ૯૦૦ જેટલી વિદ્યાર્થિનીઓ રહે છે. જે પૈકી ૩૭૫ વિદ્યાર્થિની તેમજ ૧૯ જેટલા મેસ કર્મચારી દ્વારા રાત્રી ભોજન લેવામાં આવ્યું હતું. જેમાંથી ૩૦૦થી વધુ વિદ્યાર્થિનીઓની તબિયત લથડી હતી. જેમાંથી ૧૨૪ જેટલી વિદ્યાર્થિનીઓને એસએસજીમાં સારવાર અપાઈ હતી. જ્યારે અન્યને ખાનગી હોસ્પિટલ, યુનિવર્સિટી હેલ્થ સેન્ટરમાં સારવાર આપવામાં આવી હતી. એટલું જ નહીં કેટલીક વિદ્યાર્થિનીઓને હોસ્ટેલમાં જ પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. જોકે, સમગ્ર ઘટનાના પગલે મોડી રાતે યુનિ. હોસ્ટેલ કેમ્પસમાં દોડધામ મચી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ૮મી જુલાઈ ૨૦૨૫ની રાત્રે લગભગ ૮.૩૦ કલાકે યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી ૯૦૦થી વધુ વિદ્યાર્થિની પૈકી ૩૭૫ વિદ્યાર્થિનીએ મેસમાં ભોજન લીધું હતું. જેમની સાથે મેસના ૧૯ કર્મચારીએ પણ ભોજન લીધું હતું. જેમાં વિદ્યાર્થીનીઓને પનીરનું શાક (અથવા પનીર ભુરજી), રોટલી, દાળ-ભાત અને ખીર જેવી વાનગીઓ પીરસવામાં આવી હતી. પીરસવામાં આવેલા પનીરના શાકના કારણે વિદ્યાર્થિનીઓને લગભગ રાતના ૧૧ વાગ્યા પછી ઉલ્ટી થવી તેમજ પેટમાં દુઃખાવો થવી જેવી ફરિયાદો શરૂ થઈ હતી. જેમાં ખાસ કરીને એસડી હોલમાં રહેતી વિદ્યાર્થીનીઓને વધારે અસર થઈ હતી. ફૂડ પોઈઝનિંગના કારણે લગભગ ૩૫૦ પૈકી ૧૨૪ વિદ્યાર્થિનીની તબિયત વધારે ખરાબ થતા તાત્કાલિક સારવાર અર્થે તેમને એસએસજી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી.

જોકે, કેટલીક વિદ્યાર્થિનીઓને પ્રાથમિક સારવાર આપતા તેમની તબિયતમાં સુધારો દેખાતા તેમને હોસ્પિટલ લઈ જેવા આવી ન હતી. પ્રાપ્ત વિગતો અનુસાર લગભગ ૨૦૦થી વધુ વિદ્યાર્થીનીઓને ફૂડ પોઈઝનિંગની અસર થઈ હતી. હોસ્ટેલ વોર્ડન દ્વારા રાતે જ ઘટના અંગે યુનિ. સત્તાધીશોને જાણ કરવામાં આવતા તેઓ પણ દોડી આવ્યા હતા. હોસ્ટેલ વોર્ડન દ્વારા વિદ્યાર્થીનીઓને હોસ્પિટલ ખસેડવા માટે તાત્કાલિક ખાનગી એમ્બ્યુલન્સ, વાહનો, રિક્ષાઓનો ઉપયોગ કરાયો હતો. એટલું જ નહીં સ્થાનિક પોલીસ પણ મદદે દોડી આવી હતી.



### યુનિવર્સિટી દ્વારા કોન્ટ્રાકટ ટર્મિનેટ કરાયો



એમ. એસ. યુનિવર્સિટીના સત્તાધીશો દ્વારા મોડી રાતે ૮.૩૦ કલાકે શીલ્પા હોસ્પિટાલીટી સર્વિસીસનો કોન્ટ્રાકટ ટર્મિનેટ કરાયો હતો. જે બાબતે વાઈસ ચાન્સેલર પ્રો. ધનેશ પટેલે જણાવ્યું હતું કે, શીલ્પા હોસ્પિટાલીટી સર્વિસીસ પાસે વિલીડ લાઈસન્સ છે, જે બાદ જ તેમને કોન્ટ્રાકટ અપાયો છે. જોકે, આજની ઘટના બાદ તેનો કોન્ટ્રાકટ રદ કરવામાં આવ્યો છે. તેમજ એજન્સીને બ્લેક લીસ્ટ કરવામાં આવી છે. એટલું જ નહીં શીલ્પા હોસ્પિટાલીટી સર્વિસીસની બેદરકારી બદલ તેમની સામે પોલીસ ફરિયાદ પણ કરવામાં આવશે.

### પાલિકાએ મેસમાંથી ૩૨ નમૂના લીધા

એમ.એસ. યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી ૧૦૦થી વધુ વિદ્યાર્થિનીને ફૂડ પોઈઝનિંગ થઈ ગયા બાદ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય ખાતાના ખોરાક શાખાની ફૂડ સેફટી ઓફિસરોની ટીમ દ્વારા હોસ્ટેલના કેન્ટીન કિચનમાંથી ફૂડ, રો-મટીરીયલ અને પાણીના મળી કુલ ૩૨ નમુના તપાસ માટે લીધા હતા. ઓફિસરોએ ફૂડ ઉપરાંત રોમટીરીયલ દાળ, ચોખા, કઠોળ, અથાણું, પનીર વગેરેના ૨૬ નમૂના લીધા હતા. જ્યારે જે ટાંકીમાંથી પાણી આવતું હતું, તેના છ નમૂના પણ લીધા હતા. તમામ નમુના એનેલીસીસ માટે પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલી અપાય છે.

### પ્રો. શ્રીવાસ્તવે કોન્ટ્રાકટ આપ્યો હતો

એમ. એસ. યુનિવર્સિટીમાં વાઈસ ચાન્સેલર તરીકે ટર્મ પૂર્ણ થાય તે પહેલા જ રાજીનામું આપનાર પ્રો. વિજયકુમાર શ્રીવાસ્તવ દ્વારા ગર્લ્સ હોસ્ટેલમાં ચાર મેસ બંધ કરી માત્ર એક જ મેસ કોન્ટ્રાકટ અપાયો હતો. પ્રો. શ્રીવાસ્તવ દ્વારા શીલ્પા હોસ્પિટાલીટી સર્વિસીસને તમામ ૮૫૦ જેટલી વિદ્યાર્થિનીઓની જવાબદારી આપવામાં આવી હતી. જોકે, તે સમયે કોઈ પણ ચકાસણી કરવામાં આવી ન હોવાનો ઘટસ્ફોટ આજરોજ કોર્પોરેશનના ફૂડ વિભાગની તપાસમાં થયો હતો. જોકે, શીલ્પા હોસ્પિટાલીટી સર્વિસીસને કોન્ટ્રાકટ આપતા વખતે કોઈ દસ્તાવેજ તેમજ લાઈસન્સની તપાસ કરવામાં આવી ન હોવાનું સામે આવ્યું છે.

### લાઈસન્સ વિના કોન્ટ્રાકટ મેળવનાર શિલ્પા હોસ્પિટાલિટીને નોટિસ

કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા કરવામાં આવેલી તપાસમાં કેન્ટીનના સંચાલક શીલ્પા હોસ્પિટાલીટી સર્વિસીસ પાસે ફૂડ લાઈસન્સ જ ન હોવાનું સામે આવ્યું હતું. જે બાદ ફૂડ વિભાગના અધિકારીઓ પણ ચોંકી ગયા હતા કે, યુનિ. સતાધીશો દ્વારા કોન્ટ્રાકટ આપતા પહેલા લાઈસન્સની ચકાસણી પણ કરવામાં આવી ન હતી. જોકે, કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા સંચાલકને ફૂડ સેફટી એકટ મુજબ શીડ્યુલ-૪ તેમજ લાયસન્સ વિના ધંધો કરતા હોવાની નોટીસ ફટકારવામાં આવી છે.

### ૧૨૫ વિદ્યાર્થિનીને પાંચ વોર્ડમાં દાખલ કરવામાં આવી



ઘટનાની જાણ થતા જ યુનિવર્સિટી તંત્ર સક્રિય બન્યું હતું. યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર અને ચીફ વોર્ડન સહિતના વરિષ્ઠ અધિકારીઓ તાત્કાલિક સયાજી હોસ્પિટલ દોડી ગયા હતા. હોસ્પિટલના આરએમઓ ડો. હિતેન્દ્ર ચૌહાણે જણાવ્યું હતું કે, રાત્રે એમ.એસ. યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલમાંથી ઊલટીની કમ્પ્લેન સાથે એક પછી એક કુલ ૧૨૫ જેટલી વિદ્યાર્થિનીઓને અહીં લાવવામાં આવી હતી. જેમને પાંચ જુદા જુદા વોર્ડમાં દાખલ કરવામાં આવી છે. તમામને હાલમાં દાખલ કરવામાં આવી છે. સદનસીબે, હાલ તમામ વિદ્યાર્થિનીઓની તબિયત સુધારા પર છે અને કેટલીક વિદ્યાર્થિનીઓને પ્રાથમિક સારવાર અપાયા બાદ રજા પણ આપી દેવામાં આવી છે.

### વિદ્યાર્થિનીએ કહ્યું, મને રાતે ૧ વાગે પેટમાં દુઃખાવો શરૂ થયો હતો

હોસ્ટેલની અંદરથી પણ વિદ્યાર્થિનીઓએ પોતાના અનુભવો વર્ણવ્યા હતા. કેરળની એક વિદ્યાર્થિની, જે હંસા મહેતા ગર્લ્સ હોસ્ટેલમાં રહે છે તેણે જણાવ્યું હતું કે, મેં રાત્રે હોસ્ટેલમાં ભોજન લીધું હતું, જેમાં પનીર ભુરજી, ખીર, રોટલી અને ભાત ખાધાં હતાં. રાત્રે એક વાગ્યા પછી તબિયત લથડી હતી અને પેટમાં ખૂબ જ દુખતું હતું.

### મોડી સાંજ સુધી સત્તાધીશો બેઠકોમાં વ્યસ્ત રહ્યા

યુનિવર્સિટીના ઈન્ચાર્જ વાઈસ-ચાન્સેલર પ્રોફેસર ધનેશ પટેલે સવારે એસએસજી હોસ્પિટલ ખાતે ખાતરી આપી હતી કે, મેસમાં શું સ્થિતિ છે તેની સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. જોકે, સાંજે ૮ વાગ્યા સુધી યુનિ.ના સત્તાધીશો બેઠકમાં વ્યસ્ત રહ્યા હતા.

### આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ સંવેદના દાખવવાનું ચૂકયા

ગત વર્ષે વડોદરામાં પુરના સંકટમાં વડોદરામાં ડમ્ફર ઉપર બેસીને ફોટો શેર કરી શેખી મારનાર સંવેદના હીન આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આજે પણ વિદ્યાર્થિનીઓ પ્રત્યે સંવેદના દર્શાવી ન હતી. પ્રવક્તા મંત્રી અને શિક્ષણ મંત્રી હોવા છતાં ઋષિકેશ પટેલે ફૂડ પોઈઝનિંગનો ભોગ બનનાર વિદ્યાર્થિનીઓ અંગે સંવેદના વ્યક્ત કરી ન હતી.

### જમવામાં રોટલીની ક્વોલિટી ખૂબ જ ખરાબ હતી : માનુષી

દિલ્હીની વિદ્યાર્થિની માનુષીએ જણાવ્યું હતું કે, ગઈકાલે જ અમારું મેસ ખૂલ્યું હતું અને બધાએ ત્યાં ભોજન લીધું હતું, જે કોઈ લોકોએ ત્યાં ભોજન લીધું હતું તે તમામને ફૂડ-પોઈઝનિંગની અસર થઈ છે. જમવામાં પનીર ભુરજી, દાળ-ભાત, રોટલી હતી. એમાં રોટલીની ક્વોલિટી ખૂબ જ ખરાબ હતી. શાકમાં મને કઈ લાગ્યું નહોતું અને મેં ખીર ખાધી નથી, પરંતુ મને રોટલીમાં ખૂબ જ ગડબડ લાગતી હતી. રાત્રે એક વાગ્યા બાદ પેટમાં ખૂબ જ દુખાવો થયો હતો અને ઝાડા થઈ ગયા હતા, સાથે જ વોમિટિંગ થઈ રહી હતી.

### યુનિવર્સિટીનું હેલ્થ સેન્ટર ખરા સમયે જ કામ ન આવ્યું

એમ. એસ. યુનિવર્સિટી ગર્લ્સ હોસ્ટેલની બાજુમાં જ યુનિ.નું હેલ્થ સેન્ટર છે. જોકે, તેમાં નાઈટ શિફ્ટમાં કોઈ ડોક્ટર કે અન્ય સ્ટાફ હોતો નથી. પરંતુ આટલી મોટી ઘટના બની હોવા છતાં સત્તાધીશો દ્વારા હેલ્થ સેન્ટરના ડોક્ટરને બોલાવવામાં આવ્યા ન હતા. જો, તાત્કાલિક હેલ્થ સેન્ટરના ડોક્ટર અને સ્ટાફને બોલાવી લેવામાં આવ્યા હોત તો આટલી મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓની તબિયત ખરાબ થઈ ન હોત. તેમને પ્રાથમિક સારવાર સમયસર મળતા તેમને દાખલ કરવાની નોબત પણ આવી ન હોત.

### સાંસદની રજૂઆત બાદ વડોદરા વહીવટદારોના નામ ખુલ્યા અને પીઆઈની બદલીથી ખળભળાટ

# વડોદરાના ૨૨ PIની આંતરિક બદલી, વહીવટદારો યથાવત

## વહીવટદારો સામે પગલા ન લેવાતા પોલીસ કમિશનરની કાર્યવાહી સામે પણ પ્રશ્ન

વડોદરા, તા. ૯

વડોદરા શહેર પોલીસ કમિશનર દ્વારા આજરોજ અચાનક ૨૨ પોલીસ ઈન્સ્પેક્ટરની આંતરિક બદલી કરવામાં આવતા પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથેની સંકલન બેઠકમાં શહેરના સાંસદ દ્વારા પોલીસ સ્ટેશનોમાં ફરજ બજાવતા વહીવટદારો સામે અવાજ ઉઠાવવામાં આવ્યો હતો. આ મુદ્દાને લોકસત્તા જનસત્તા દ્વારા વાચા આપવામાં આવી હતી. ત્યારે પોલીસ કમિશનર દ્વારા વહીવટદારોની સીધી બદલી ન કરીને પોલીસ ઈન્સ્પેક્ટરોની બદલી કરતા પોલીસ કમિશનરના વહીવટ સામે પણ અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે.




વડોદરાના સાંસદ દ્વારા શહેરના પોલીસ મથકોના વહીવટદારને લઈને પોલીસ કમિશનરને સ્પષ્ટ રજૂઆત કરવામાં આવી હતી કે, જ્યારે પોલીસ કમિશનર કોઈની બદલી કરતા હોય તો એને પોલીસ મથકમાંથી છૂટા કરવામાં વિલંબ કેમ થતો હોય છે? આવી બાબતોથી પ્રજામાં પોલીસ અને સરકારની છબી ખરડાતી હોય આવા મામલામાં પોલીસ અધિકારીઓને બદલીના ઓર્ડર પછી પોલીસ કર્મચારીને જે તે સ્થળેથી છૂટા કરવામાં આવ્યા છે કે નહીં? તેનો પણ તપાસ કરવી જોઈએ અને જો એમને છૂટા કરવામાં વિલંબ થતો હોય તો એના કારણો વિશે ઊંડાણપૂર્વકની તપાસ પણ કરવી જોઈએ. આ રજૂઆતનો અહેવાલ લોકસત્તા જનસત્તા દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો, જેને લઈને શહેર પોલીસ કમિશનરે આજ રોજ મોડી સાંજે વડોદરા શહેરના ૨૨ જેટલા પોલીસ ઈન્સ્પેક્ટરોની બદલી કરી દેવામાં આવી હતી. આ બદલીઓમાં ખાસ કરીને શહેરના સાત પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટરોને ટાર્ગેટ કરવામાં આવ્યા હતા. આ એ પોલીસ ઈન્સ્પેક્ટરો હતા, જેમણે શહેર પોલીસ કમિશનરે વહીવટદારોની બદલી કરી હોવા છતાં તેમને ફરજ મોકૂફ ન કર્યા હોવાથી બદલીનો ભોગ બનવું પડ્યું હતું. જેમાં નંદેસરી પોલીસ મથકના એસ. જે. પંડ્યાને સયાજીગંજના સેકન્ડ પીઆઈ, મકરપુરા પોલીસ મથકના વી. એસ. પટેલને કંટ્રોલ રૂમ, અટલાદરા પોલીસ મથકના એમ. કે. ગુર્જરને બાપોદ, બાપોદ પોલીસ મથકના એમ. આર. સંગાડાને અટલાદરા, પાણીગેટ પોલીસ મથકના વાય. એમ. મિશ્રા, જવાહરનગરના પોલીસ ઈન્સ્પેક્ટર એ. બી. મોરી અને સમા પોલીસ મથકના એમ. બી. રાઠોડને ટ્રાફિક શાખા ખસેડાયા છે. આ બદલીઓના પગલે શહેરના બાકી રહેલા તમામ પોલીસ ઈન્સ્પેક્ટરોમાં ફફડાટ જોવા મળ્યો હતો. સાંસદની સીધી રજૂઆત અને લોકસત્તા જનસત્તાના અહેવાલ બાદ આટલી મોટી સંખ્યામાં થયેલી બદલીઓ પોલીસ તંત્રમાં ચાલી રહેલા આંતરિક તણાવ અને રાજકીય દબાણને સ્પષ્ટપણે દર્શાવે છે. જોકે, વહીવટદારોના મુદ્દે સીધી કાર્યવાહી કરવાને બદલે પીઆઈની બદલીઓ કરતા પોલીસ કમિશનરના વહીવટ પર પણ સવાલો ઉઠી રહ્યા છેકે, શું આ ખરેખર સમસ્યાનું મૂળભૂત સમાધાન છેકે પછી માત્ર સપાટી પરનું પગલું?

### માંજલપુરના ધારાસભ્ય યોગેશ પટેલ દ્વારા મ્યુનિ. કમિશનરને રજૂઆત

# સ્મશાનોની કામગીરી આઉટસોર્સિંગથી કરાવવા અંગે પુનઃ વિચારણાની માગ

## પુનઃ વિચારણા થાય ત્યાં સુધી ઠરાવનો અમલ ન કરવા પણ રજૂઆત

વડોદરા, તા.૯

વડોદરા કોર્પોરેશન દ્વારા શહેરના તમામ ૩૧ સ્માશાનોની કામગીરી આઉટસોર્સીંગથી વિવિધ સંસ્થાઓને સોંપવામાં આવી છે. જોકે, આ સંદર્ભે વિરોધ થઈ રહ્યો છે. ત્યારે માંજલપુર વિધાનસભાના સિનિયર ધારાસભ્યએ મ્યુનિ. કમિશનરને પત્ર લખીને સ્માશાનોની કામગીરી આઉટસોર્સીંગ થી કરાવવા અંગે થયેલા ઠરાવ અંગે પુન : વિચારણાં કરવા અને ત્યાં સુધી આ ઠરાવનો અમલ સ્થગિત કરવો જોઈએ તેવી રજૂઆત કરી છે.

માંજલપુરના ધારાસભ્ય યોગેશ પટેલે મ્યુનિ.કમિશનરને લખેલા પત્રમાં જણાવ્યું છે કે, વડોદરા શહેરના વિવિધ ૩૧ સ્મશાનોની કામગીરી આઉટસોર્સીંગ થી સંસ્થાઓ પાસે કરાવવા અંગેની એક દરખાસ્ત તત્કાલિન મ્યુનિ. કમિશનર દ્વારા નવેમ્બર ૨૦૨૪ના રોડ સ્થાયીમાં મોકલી હતી. જેમાં બે વર્ષ માટે આ કામગીરી કરાવાની ભલામણ આવી હતી. સ્થાયી સમિતીએ માર્ચ ૨૦૨૫ થી મંજૂરી આપી હતી. જેનો અમલ બે દિવસ પૂર્વે એટલે ઠરાવના ત્રણ મહિના પછી કરવામાં આવ્યો.વધુમાં તેમણે કહ્યું હતુ કે, આ ઠરાવના અમલ થી લોકોમાં ઘણી ગેરસમજો ઉભી થઈ છે.ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓ કામગીરી સારી રીતે કરી રહી છે.ત્યારે આઉટસોર્સીંગથી કામગીરી કેમ કરાવવી?

**ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓ કામગીરી સારી રીતે કરી રહી છે, ત્યારે આઉટસોર્સિંગથી કામગીરી કેમ કરાવવી?**

આ સંદર્ભે નાગરિકોમાં પણ ઘણાં પ્રશ્નો ઉપસ્થિત થયાં છે.સામાન્ય રીતે મૃત્યુ પછીની થતી ક્રિયા બાબત નાગરિકોની અંગત લાગણી જોડાયેલી હોય છે.ત્યારે તેમાં કોઈ ફેરફાર થાય તો નાગરિકોની લાગણીને ઠેસ પહોંચી રહી છે.તેમ કહ્યું હતુ. આ અંગે મ્યુનિ. કમિશનર સાથે ટેલિફોનિક ચર્ચા પણ કરી હતી.

### ડેસરની યુવતીનું અપહરણ કરી લગ્નની લાલચ આપી દુષ્કર્મ ગુજાર્યું

# લગ્નની વાત કરતાં યુવતીને કાલોલ બસસ્ટેન્ડે મૂકી આરોપી ફરાર થયો

વડોદરા, તા.૯

ડેસર તાલુકાની યુવતીનું લગ્નના ઈરાદે અપહરણ કરીને તેની સાથે દુષ્કર્મ ગુજારનાર શખ્સ સામે ડેસર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે,યુવતીએ લગ્ન માટે દબાણ કરતાં તેનીને કાલોલ બસ સ્ટેન્ડ ખાતે મુકીને નરાધમ ફરાર થઈ ગયો હતો. યુવતીની ફરિયાદના આધારે ડેસર પોલીસે ગહન તપાસ હાથ ધરી છે.

ડેસર પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ યુવતી પિતા સાથે મજૂરી અર્થે હાલોલ તાલુકામાં રહેતાં હતા.દરમિયાન પડોશમાં રહેતાં દલપતસિંહ ઉર્ફ રવિ લક્ષ્મણસિંહ ગોહિલે યુવતીને લગ્ન માટે પ્રસ્તાવ મુક્યો હતો પણ તે ઠુકરાવી દીધો હતો. આ પછી યુવતી તેના વતનમાં જતી રહી હતી ત્યારે પિતા ખેતરમાં ગયા હતા ત્યારે યુવતીના ઘેર દલપતસિંહ ગયો હતો અને લગ્નની લાલચ આપી યુવતીને પોતાની સાથે લઈ ગયો હતો.ખાનગી વાહનમાં મંજુસર લઈ ગયો હતો અને ભાડાના મકાનમાં રાખી હતી તે પછી યુવતીની મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો.એક માસ મંજુસરમાં રાખ્યા બાદ યુવતીને સમલાયામાં ભાડાના મકાનમાં રાખી હતી અને અવાર-નવાર સંબંધ બાંધ્યો હતો.પણ જ્યારે દલપતસિંહ બહાર જાય ત્યારે ઘરમાં તાળું મારીને પુરીને તે જતો હતો.તે પછી ૨૧મી મેના રોજ લગ્ન કરવા કાલોલ જઈએ છીએ તેમ કહીને યુવતીને દલપતસિંહ કાલોલ લઈ ગયો હતો અને કાલોલ બસ સ્ટેન્ડ ખાતે મુકીને ફરાર થઈ ગયો હતો. તે પછી યુવતી પિતાના ઘેર જતી રહી હતી.યુવતીની ફરિયાદના આધારે ડેસર પોલીસે ગહન તપાસ હાથ ધરી છે.

**મંજુસર અને સમલાયામાં ભાડાનું ઘર રાખી યુવતીની સાથે મરજીવિરુદ્ધ શરીરસંબંધ બાંધ્યો હતો**

### બરોડા ક્રિકેટ એસોસિએશન હવે દોષનો ટોપલો બીજાના માથે નાખવા નવી નિયુક્તિ કરશે

# BCAમાં ક્રિકેટ ડાયરેક્ટરની નિયુક્તિની હિલચાલ

## પારશ મહામ્બ્રે અંગે આગામી એપેક્ષ કમિટીમાં નિર્ણય લેવાય તેવી પ્રબળ સંભાવના

વડોદરા, તા.૯

બરોડા ક્રિકેટ એસોસીયેશનમાં જ્યારે પણ કોઈ સીલેકસન થાય કે નિયુકતી થાય ત્યારે દોષનો ટોપલો કે જશ સીઆઈસીના માથે આવે છે એટલે સીઆઈસીએ હવે તેનો રસ્તો પણ શોધી નાંખ્યો છે,સીઆઈસીના માથે દર વખતે જે તે બાબતે દોષનો ટોપલો ના આવે તે માટે બીસીએ દ્વારા હવે બીસીએ માટે ક્રિકેટ ડાયરેક્ટરની સ્પેશીયલ પોસ્ટ ઉભી કરશે અને તે માટે પારસ મહામ્બ્રેનું નામ સૌથી આગળ હોવાનું જાણવા મળે છે.

બીસીએના સૂત્રોએ જણાવ્યું હતું કે, સીઆઈસી યેનકેન પ્રકારે તેનું કામ કરે છે પણ ઘણી વાર તેની સામે પણ આરોપ મુકાય છે.સીઆઈસીના સભ્યો પોતાનું કામ કરાવવામાં માહેર છે.

સીઆઈસી ભલામણ કરે એટલે બીસીએમાં પથ્થરકી લકીર પર લખેલું મનાય છે પણ આ બાબતનો એપેક્ષ સભ્યોમાં પણ વિરોધ છે.જેના પગલે બીસીએના એક અધિકારી સીઆઈસીને દોષના ટોપલામાંથી બચાવવા માંગે છે અને બીસીએમાં ક્રિકેટ ડાયરેકટરની નિયુકતી કરવા હિલચાલ શરુ કરી છે.અત્યાર સુધી સીઆઈસીને પોતાનું ધાર્યું કરાવવા બીસીએના કોચ,સીલેકટરનો ઉપયોગ કરવો પડતો હતો પણ જો ક્રિકેટ ડાયરેકટરની નિયુકતી થાય તો સીઆઈસી પર દોષનો ટોપલો ના આવે તે અંગેનું આયોજન કરાયું છે.સામાન્ય રીતે એવો આરોપ મુકાય છે કે સીઆઈસી વિવિધ ટીમના કોચ અને સુકાનીઓ પાસે ધારેલું કરાવે છે પણ પરિણામ પણ કેટલીક ટીમો પાસે સીઆઈસીએ સારા મેળવ્યા છે. જો ક્રિકેટ ડાયરેકટરની નિયુકતી થાય તો સીઆઈસીના માથે દોષનો ટોપલો આવવાની સંભાવના ઘટી જાય તેવી પણ શકયતા છે.સીઆઈસીનું કામ ક્રિકેટ ઈમ્પ્રુવ કરવાનું છે પણ ઘણી વાર સારા ક્રિકેટરોને ઈગ્નોર કરવાના પણ આરોપ તેના પર મુકાયા છે.

### પારસ મહામ્બ્રેની નિયુક્તિથી બીસીએ પર આર્થિક ભાર વધશે

વડોદરાની વિવિધ ટીમો માટે પારસ મહામ્બ્રેની ક્રિકેટ ડાયરેકટર તરીકે નિયુકતી થાય તો તેને બીસીએ દ્વારા મોટો પગાર આપવો પડશે.હાલ બીસીએ રણજી ટીમના કોચને રૂ.૪૦ લાખ જેટલો પગાર અપાય છે ત્યારે પારસને તેના કરતા વધુ પગાર આપવો પડશે એમ જાણવા મળે છે.

### પારસ સીઆઈસીનું માન રાખશે કે ધાર્યું કરશે તે અંગે સવાલ

બીસીએના એક હોદેદારે પોલીસ પરેડ મેદાન પાસે ઉભા રહીને જણાવ્યું હતું કે,પારસને લાવવામાં સીઆઈસીને વધારે રસ છે.સીઆઈસી બીસીએના ક્રિકેટને વધુ ઉપર લઈ જવા માંગે છે એટલે આ કવાયત છે.પારસ સીઆઈસીનું માન રાખશે કે નહી તે બાબતનો સવાલ જ નથી કારણ કે પારસ અને સીઆઈસી સાથે મળીને કામ કરશે તે બીસીએના લાભમાં રહેશે.

Printed and Published by Sanjay Pravinkumar Shah on behalf of Inkpot Publication Private Limited, Printed at 530 & 533, Narsinh Estate, OPP. Lubi Gel LLP, Near Bus Stand, village Manjusar, Taluka Savli, Dist. Vadodara, Gujarat - 391775 and Published at: 3rd Floor, Satva Avenue, Beside Avsar Party Plot, Sama-Savli Main Road, Vadodara-390008. • Editor*: Sanjay Pravinkumar Shah • RNI NO: 1667/57
All rights reserved Reproduction in any manner, electronic or otherwise, in whole or in part, without prior written permission of the Editor is prohibited.
For News Contact : E-mail : pressnote@loksattajansatta.com | For Advertisement Contact : E-mail : advt@loksattajansatta.com

જૂની પેન્શન યોજના લાગુ કરવા તેમજ ખાનગીકરણ સહિત વિવિધ મુદ્દે

# સંયુક્ત કામદાર સમિતિએ રેલી યોજી વિરોધ નોંધાવ્યો

## હડતાળમાં તમામ બેંક, પોસ્ટ ઓફિસો સહિત વિવિધ ૯ જેટલા કામદાર સંગઠનો જોડાયાં

વડોદરા, તા.૯

સંયુક્ત કામદાર સમિતિ અને સંયુક્ત ટ્રેડ યુનિયન સમિતિ દ્વારા સરકારની કામદાર વિરોધી નીતિના વિરોધમાં આજે રેસકોર્ષ સર્કલ ડો. આંબેડકરની પ્રતિમા ખાતેથી રેલી યોજીને કલેક્ટર કચેરી પહોંચીને આવેદનપત્ર આપ્યું હતુ. કામદાર એકતા ઝિંદાબાદના નારા સાથે નીકળેલી રેલીમાં વિવિધ ૯ ટ્રેડ યુનિયનો જોડાયા હતા. ઉલ્લેખનિય છે કે, સેન્ટ્રલ ટ્રેડ યુનિયન દ્વારા આજે દેશવ્યાપી હડતાળનું એલાન આપવામાં આવ્યું હતું.સંયુક્ત કામદાર સમિતિના કન્વીનર સંતોષ પવારે જણાવ્યું હતું કે, આજે સેન્ટ્રલ ટ્રેડ યુનિયનો દ્વારા દેશવ્યાપી હડતાળનું એલાન આપવામાં આવ્યું હતું. આજની હડતાળમાં તમામ



બેંક, પોસ્ટ ઓફિસો સહિત વિવિધ ૯ કામદાર સંગઠનો જોડાયા છે. દેશવ્યાપી હડતાળના ભાગરૂપે આજે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. બેંક કર્મચારીઓ અને પોસ્ટ કર્મચારીઓએ પોતાના મથકો ઉપર દેખાવો પ્રદર્શન કર્યું હતું અને સરકારની કામદાર વિરોધી નીતિઓનો વિરોધ કર્યો હતો.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સંયુક્ત કામદાર સમિતિ દ્વારા બપોરે રેસકોર્ષ સર્કલ ડો.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા ખાતેથી કોન્ટ્રાક્ટ પ્રથા, ઈલેક્ટ્રિસિટીનું ખાનગીકરણ જેવી બાબતોના વિરોધમાં રેલી સ્વરૂપે વડોદરા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી. અમારી મુખ્ય માંગમા કોન્ટ્રાક્ટ પ્રથા રદ કરવી, રૂપિયા ૨૬,૦૦૦ લઘુત્તમ વેતન આપવું, અસંગઠિત કામદારોને ૯૦૦૦ રૂપિયા, જુની પેન્શન યોજના લાગુ કરવી, ઈલેક્ટ્રીક સિટીનું ખાનગીકરણ રદ કરો.

### બેંક કર્મચારીઓ દ્વારા હડતાળ પાળી દેખાવો

વિવિધ કામદાર સંગઠનો દ્વારા પડતર પ્રશ્નો સંદર્ભે આપવામાં આવેલી રાષ્ટ્રવ્યાપી હડતાળમાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના કર્મચારીઓ છોડીને અન્ય તમામ જાહેરક્ષેત્રની ૧૨ બેન્કોના કર્મચારીઓ જોડાયા હતા અને કામગીરી થી અળગા રહ્યાં હતા. આજે દિવાળીપુરા સ્થિત બેંક ઓફ બરોડા, પંજાબ નેશનલ બેંકની શાખા પાસે બેંકના કર્મચારીઓ અને અધિકારીઓ દ્વારા કેન્દ્ર સરકારની ખાનગીકરણ, મજૂર વિરોધી નીતિ સહિતનો વિરોધ કરીને દેખાવો યોજ્યાં હતા.

### ખોડિયારનગર રોડ પર વધુ એક ભૂવો પડ્યો




ખોડિયારનગર રોડ પર આવેલ સાંઈદીપનગર પાસે મુખ્ય માર્ગ પર ભૂવો પડ્યો છે. જેને લીધે એની આસપાસ બેરિકેટ મૂકવાની ફરજ પડી છે. આ રસ્તા પર એક તરફ બ્રિજનું કામ ચાલી રહ્યું છે અને બીજી તરફ ભૂવો પડતાં ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. ભૂવાને કારણે રસ્તા પર ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ રહી છે, જેથી તેને તાત્કાલિક પૂરી દેવામાં આવે તેવી સ્થાનિકોની માગણી છે.

વાઘોડિયા રોડ પરના ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ સંચાલકે મિત્રની કાર ભાડે ફેરવવા આપી હતી

# ભાડે ફેરવવા આપેલી કાર બારોબાર અમરેલીમાં વેચી દેતાં પોલીસ ફરિયાદ

## જીપીએસ લોકેશનના આધારે અમરેલીમાંથી કાર શોધી કાઢી

વડોદરા, તા. ૯

વાઘોડિયા રોડ પર રહેતા અને ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનો ધંધો કરતા વેપારીએ ભાડે ફેરવવા આપેલી થાર કાર બે શખ્સે બારોબાર અમરેલી ખાતે વેચી દીધી હતી. જેથી વેપારીને શંકા જતા તેઓએ અમરેલી પહોંચી ખરીદનાર પાસે ગાડી માંગતા બે શખ્સોએ તેમને વેચી હોવાનું જણાવ્યું હતું. શહેરના વાઘોડિયા રોડ પર પ્રાંચી પાર્ક ડુપ્લેક્ષમાં રહેતા મેહુલભાઈ પંકજકુમાર પરમારે ફરિયાદ નોંધાવી હતી કે, હું સેલ્ફ ડ્રાઇવમાં ટુર એન્ડ ટ્રાવેલ્સનો ધંધો કરૂ છું. ગત ૩ જુલાઈના રોડ રાત્રીનાસમયે મિત્ર રૂચીત પટેલના નામની કાર મારા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ નામથી ધવલ વાઘેલા (રહે, વાઘોડિયા) ને એક મહીના માટે ફોર વ્હિલર ભાડે એક દિવસના ભાડા ૩૭૦૦ રૂપિયા નક્કી કરી આપેલ હતી. ત્યારબાદ આ ધવલનો મને પાંચ જુલાઈના ફોન આવેલ અને જણાવેલ કે, મારા મામાનો છોકરાને અમરેલી જવા થાર ગાડી જોઈએ છે. જેથી મે ૬ જુલાઈના રોજ રાત્રિના સમયે હું મારા મિત્ર રવીનભાઈ જાદવની મહેન્દ્રા થાર કાર મિત્રતામાં મારી પાસે રાખી હતી જે લઈને ત્યાં ગયેલ જયાં ધવલ અને એક અન્ય ઈસમ મે આપેલી કેટા ફોર વ્હિલર ચલાવતો હતો અને ધવલ વાઘેલાને ભાડે આપતી વખતે એગ્રીમેન્ટ બુક પર સહિત તેમજ ગાડી સાથે ફોટો ગ્રાફ પાડીને અશ્વિનભાઈની ફોર વ્હીલર મહેન્દ્રા થાર ગાડી ૩ દિવસ માટે ભાડે આપી હતી. મે ૭ જુલાઈના રોજ મે ધવલ વાઘેલાને કૉલ કરેલ પરંતુ તેઓએ ફોન ઉઠાવેલ નહી. જેથી અમને ધવલ ઉપર શંકા જતા અમારી થારના લોકેશન ઉપર અમરેલી ગયા હતા અને જયાં અમારી કારના લોકેશન ઉપર પહોંચી થાર ચાલક સાથે વાતચીત કરતા જણાવેલ કે, મે આ કાર ધવલ અને ભાવેશએ મને વેચેલ છે અને તમારી જોઈતી હોય તો પાંચ લાખ રૂપિયા આપી દો અને ગાડી લઈજાવ. જેથી હું ત્યાંથી વડોદરા પરત આવેલ અને ૮ જુલાઈના રોજ ધવલે આપેલ ફોન બંધ આવતો હતો. તેના ઘરના સરનામે તપાસ કરતા કોઈ રહેતુ ન હોવાનું જાણવા મળ્યું હતું પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દક્ષિણ ઝોનના કાઉન્સિલરો સાથે બેઠકથી તર્કવિતર્ક

# મેયર, ચેરમેનની ગેરહાજરીમાં પક્ષના નેતા દ્વારા કાઉન્સિલરો સાથે બેઠક!

વડોદરા, તા.૯

વડોદરા કોર્પોરેશનની કચેરી ખાતે તાજેતરમાં મેયર, ડે.મેયર અને સ્થાયી સમિતીના ચેરમેનની ગેરહાજરીમાં પક્ષના નેતા અને દંડકે અધિકારીઓ સાથે કામો સંદર્ભે બેઠક યોજ્યાં બાદ આજે મેયર સહિત મુખ્ય હોદ્દેદારોની ગેરહાજરીમાં દક્ષિણ ઝોનના કાઉન્સિલરોની સાથે બેઠક યોજતાં અનેક તર્ક વિતર્ક સર્જાયા હતા. જોકે, બેઠકમાં ઉપસ્થિત કેટલાક કાઉન્સિલરોએ વિસ્તારના કામોની ચર્ચા માટે બેઠક યોજી હોવાનું કહ્યું હતુ.

વડોદરા કોર્પોરેશનની વડી કચેરી ખાતે તાજેતરમાં મેયર, ડે. મેયર અને સ્થાયી સમિતીના ચેરમેનની ગેરહાજરીમાં સત્તાપક્ષના નેતા મનોજ પટેલ અને દંડક શૈલેષ પાટીલે એન્જિનિયરીંગ વિભાગ સહિતના અધિકારીઓની સાથે બેઠક યોજતાં વિવાદ સર્જાયો હતો. જોકે, આ વિવાદ વચ્ચે આજે પાલિકાની કચેરીમાં દક્ષિણ ઝોન વોર્ડ ૧૬,૧૭,૧૮ અને ૧૯ના ભાજપાના કાઉન્સિલરની સાથે મેયર સહિત હોદ્દેદારોની ગેરહાજરીમાં બેઠક યોજતા અનેક તર્ક વિતર્ક સર્જાયા હતા.જોકે, બેઠકમાં ઉપસ્થિત કાઉન્સિલરો પૈકી કેટલાકે કહ્યું હતુ કે, વિસ્તારના કામોની ચર્ચા માટે બેઠક હતી. વિસ્તારના પ્રશ્નો અંગે ચર્ચા કરાઈ હોવાનું કહ્યું હતુ.

ઉલ્લેખનિય છે કે, પાલિકાના હોદ્દેદારો વચ્ચે વિવાદ કાંઈ નવી વાત નથી. ત્યારે મેયર, ડે.મેયર અને ચેરમેનની ગેરહાજરીમાં યોજાતી બેઠકોને લઈ પણ પાલિકા વર્તુળોમાં અનેક તર્ક વિતર્ક સર્જાયા છે.જોકે, કાઉન્સિલરોને તેમના પ્રશ્નો હોદ્દેદારો સમક્ષ રજૂ કરવા પક્ષ દ્વારા આપવામાં આવેલી સુચના મુજબ યોજાતી હોવાનું પણ કહેવાઈ રહ્યું છે.

એક્ટિવા પર આવેલ ત્રિપુટીએ ટ્રકને ઊભી રાખી ચાલકને ધમકાવ્યો

# GSFC ઓવરબ્રિજ પર અકસ્માત બાદ ટ્રકચાલકને ત્રિપુટીએ લૂંટી લીધો

## ટ્રકચાલકના બે મોબાઇલ, રોકડા રૂપિયા સહિત ૧૪,૮૦૦ની લૂંટ

વડોદરા, તા. ૯

મહારાષ્ટ્ર પાર્સિંગની ટ્રકને ઉભી રાખી સર્વિસ રોડ પર લઈ જઈને તુ એક્સીડન્ટ કરકે ક્યું ભાગા તેમ કહી ટ્રક ચાલકના બે મોબાઈલ, રોકડા રૂપિયા સહિત ૧૪,૮૦૦ની લૂટ કરને એક્ટિવા ચાલક ત્રિપૂટી પલાયન થઈ ગઈ હતીં. ટ્રક ચાલકે છાણી પોલીસ મથકમાં એક્ટિવા ચાલક ત્રિપૂટી સામે ફરિયાદ નોંધાવી હતીં.

મહારાષ્ટ્ર ખાતે રહેતા અભિષેક દત્તાત્રેય લાંડેએ છાણી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે, તે સાગર રોડલાઈન ટ્રાન્સપોર્ટમાં ડ્રાઈવિંગનું કામ કરે છે.

રોડ લાઈન ટ્રાન્સપોર્ટના મેનેજરે મને અને મારી સાથે બીજો ડ્રાઈવર દિનાનાથ લાંડેને અમારા વેરહાઈસથી રાજકોટ જવાનું છે જેથી મે મારા સાથી ડ્રાઈવર દિનાનાથને લઈને સાંજના સમયે મહારાષ્ટ્ર ખાતેના વેર હાઉસથી નીકળ્યા હતાં.

બીજા દિવસે વડોદરા અમદાવાદ જતા નેશનલ હાઈવે ૪૮ ઉફર જી.એસ.એફ.સી ઓવર બ્રીજ પર મોડી રાતના બે વાગ્યાના આસપાસ મારી ટ્રકની આગળ એક સફેદ કલરની એક્ટિવા પર ત્રિપૂટી હાથનો ઈસારો કરી ટ્રક ઉભી રાખવા જણાવતા મે ટ્રક ઉભી રાખી હતીં.

એક્ટિવા પર આવેલ ત્રણેય જણા જેઓ ગુજરાતીમાં વાતો કરતા હતા અને મને હિન્દી ભાષામાં વાત કરી જણાવેલ કે તુ એક્સીડન્ટ કરકે કુંય ભાગા તેમ કહી મારી સાથે બોલાચાલી કરી હતી. ત્યારબાદ મને તેમની એક્ટિવા પર બેસાડીને અમારી પાછળ દિનાનાથને ટ્રક પાછળ પાછળ આવવા દે તેમ જમાવ્યું હતું.

ત્યારબાદ સર્વિસ રોડ આવતા તેમને એક્ટિવા રોકી મને તેમજ ટ્રક ઉભી રખાવી હતી અને જણાવ્યું હતું કે, આપ કે પાસ જીતના પૈસા ઓર રૂપીયા જો ભી હે વો નિકાલ કે દેદો તેમ કહેતા અમે બંન્ને ડ્રાઈવર ગભરાઈ ગયા હતાં. મે મારી પાસે રહેલ રોકડા રૂપિયા, મોબાઈલ તેમજ દિનાનાથ પાસે રહેલ રોકડા રૂપિયા અને મોબાઈલ ફોન સહિત ૧૪,૮૦૦ની લૂટ કરી ત્રણેય જણા એક્ટિવા લઈને ત્યાંથી પલાયન થઈ ગયા હતાં.

પિતરાઇ ભાઇ જેલમાં સજા ભોગવી રહ્યો તો બીજો ભાઇ જાહેર રોડ પર સ્ટંટ કરતો નજરે પડ્યો

# રક્ષિત ચોરસિયાના પિતરાઈને થારમાં સ્ટંટ ભારે પડ્યો

## મકરપુરા પોલીસે થાર ગાડીના ચાલક કૈરવ ચોરસિયા સામે ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરી

વડોદરા, તા. ૯

શહેનરા કારેલીબાગ વિસ્તારમાં આવેલ આમ્રપાલી પાસે હોળીના દિવસે નશામાં ચૂર રક્ષિતે અકસ્માત કર્યો હતો હાલ તે જેલમાં પણ તેનો પિતરાઇ ભાઈ કૈરવ ચોરસીયા થાર ગાડીના ડ્રાઈવિંગ સીટ ઉપર ઉભા થાઈને સ્ટંટ કરવાના ગુનામાં મકરપુરા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે સ્ટંટબાજની કાર કબજે કરી આગળની તપાસ હાથ ધરી છે.

મકરપુરા પોલીસ મથકના પીઆઈ વી.એસ. પટેલે જણાવ્યું હતું કે શહેરના માર્ગો ઉપર બેફામ વહનો ચલાવી સ્ટંટ કરતાં વાહન ચાલકો સામે નજર રાખવા માટે સોશિયલ મીડિયામાં સતત વોચ રાખવામાં આવે છે. પરિણામ



સ્વરૂપ થાર કારના ડ્રાઈવિંગ સીટ ઉપર ઉભા રહીને સ્ટંટ કરી રહેલો એક વિડીયો હજંફ્રઞ્ઞક્ષ્ઢિ પર જોવા મળ્યો હતો. જે થાર કારના નંબરના આધારે તપાસ કરી હતી અને સ્ટંટ કરનાર યુવાનની સામે કાર્યવાહી હાથ ધરી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે થારનો ચાલક તરસાલી મોતીનગરનો રહેવાસી કૈરવ બ્રિજેશભાઈ ચોરસીયા (ઉ.વ. ૨૨) હોવાનું બહાર આવ્યું છે. તેની વધુ તપાસ કરતા કૈરવ ચોરસિયા થોડા સમય પહેલાં કારેલીબાગમાં અકસ્માત કરનાર રક્ષિત ચોરસીયાનો પિતરાઈ ભાઈ હોવાનું જાણવા મળ્યું છે. કૈરવ હાલ અભ્યાસ કરી રહ્યો છે. તેના પિતા બ્રિજેશભાઈ ચોરસીયા દુબઈમાં હોવાનું તપાસમાં ખુલ્યું છે. વધુમાં વાહન ચાલકોને જોખમમાં મૂકે તે રીતના તે પોતાની તારના ડ્રાઈવિંગ સીટ ઉપર ઉભો રહીને સ્ટંટ કરતો હતો. પોલીસે તેને મેમો આપ્યો હતો. અને મેમો બતાવી પોલીસ કાર્યવાહીનો કોઈ ડર ન હોય તે રીતે મેમો બતાવી વિડીયો પોતાના ઈન્સ્ટા પેજ ઉપર મૂક્યો હતો. પોલીસે તેને અને તેના પરિવારને બોલાવી કાયદાનું ભાન કરાવ્યું છે. પોલીસે આ બાબતને ગંભીરતાથી લઈને કાર્યવાહી કરી છે. અને તેની થાર ગાડી પણ કબજે કરી છે. અને આગળની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, ગત હોળીના તહેવારની મોડી રાત્રે કારેલીબાગ આમ્રપાલી પાસે મોડી રાત્રે નશામાં અકસ્માત સર્જનાર રક્ષિત ચોરસિયા અકસ્માતના ગુનામાં હાલ જેલમાં છે. આ ઘટનાએ તે સમયે ભારે ચકચાર જગાવી મૂકી હતી. રક્ષીત ચોરસીયા જેલમાં હોવા છતાં પણ તેનો ૨૨ વર્ષીય પિતરાઈ ભાઈ કૈરવ ચોરસિયા લોકોના જીવ જોખમમાં મુકાય તે રીતે થાર ગાડીમાં ઉભો રહીને સ્ટંટ કરતો હતો. તેનો ભાઈ રક્ષિત જેલમાં હોવા છતાં કૈરવ ચોરસીયાને કોઈ અસર થઈ નથી. તે તેની મસ્તીમાં જ જિંદગી જીવી રહ્યો છે.

જૈમિન મકવાણાએ ગળાફાંસો ખાઈ લેતાં ચકચાર

# રેલવેમાં ઉચ્ચ પદે ફરજ બજાવતા યુવા અધિકારીનો ભેદી સંજોગોમાં આપઘાત

## પોલીસે મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં મોકલી આપ્યો

વડોદરા, તા. ૯

રેલવે વિભાગમાં ઓ એસ તરીકે નોકરી કરતા યુવાને રહસ્યમય સંજોગોમાં ગળે ફાંસો ખાય આપઘાત કરી લીધો હતો. આપઘાતના બનાવને પગલે પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. બનાવની પ્રાપ્ત વિગત એવી છે કે વડોદરા શહેરના સોમા તળાવ રોડ ઉપર એમ એમ વોરા શોરૂમ ની પાછળ આવેલ રિદ્ધિ સિદ્ધિ સોસાયટીમાં જૈમીન ભાઈ મકવાણા ઉંમર વર્ષ ૩૫ તેમના વિધવા માતા અને બહેન સાથે રહેતા હતાં .અને રેલ્વે વિભાગમાં આસિસ્ટન્ટ ઓ એસ તરીકે ફરજ બજાવતા હતા. ગઈકાલે તેઓ નોકરી પરથી ઘરે આવ્યા બાદ



ભેદી સંજોગોમાં રૂમમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. માતા આજે સવારે રૂમમાં સફાઈ કરવા ગઈ ત્યારે પુત્ર જૈમીન ફાંસો ખાધેલી હાલતમાં જોતા જ તે ચોકી ઉઠી હતી. અને કારમી પાડી ઉઠી હતી. જેથી ઘરમાં હાજર પુત્રી પણ દોડી આવી હતી. માતા અને પુત્રીએ ભાઈને ફાંસો ખાધેલી હાલતમાં જોતા રોકકળ કરતા પાડોશીઓ દોડી આવ્યા હતા. આ ઘટનાની જાણ પરિવારના અન્ય સગા સબંધીઓને કરતા તેઓ પણ દોડી આવ્યા હતા. આ ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા પોલીસ બનાવ સ્થળે આવી પહોંચી હતી. અને કાર્યવાહી કર્યા બાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. મૃતક જૈમીન મકવાણાના પિતા ચાર વર્ષ પહેલા કેન્સરમાં મૃત્યુ પામ્યા હતા.

ન્યાયમંદિર પાસે માર્ગ અકસ્માતને પગલે ટોળાં ઉમટી પડયાં

# ન્યાયમંદિર પાસે કારની અડફેટે સાઈકલસવાર આધેડનું મોત

વડોદરા, તા. ૯

ટિફિન સર્વિસ સાથે જોડાયેલા સાયકલ સવાર આધેડ આજે લાલ કોર્ટ ભગતસિંહ સર્કલ પાસે કાર ચાલકે ટક્કર મારતા તેમને ગંભીર ઈજાઓ થવાથી મૃત્યુને ભેટ્યા હતા. કાર ચાલક ભાગવા જતા તેને પબ્લિકે પકડી લીધો હતો. બનાવને પગલે પરિવારજનો હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. રાવપુરા પોલીસે કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે કોલ્ડરૂમ ખસેડવામાં આવ્યો હતો.

અકસ્માત મોતના બનાવની પ્રાપ્ત વિગત એવી છે કે વાઘોડિયા રોડ ઉપર આવેલ પ્રભાત નગર ચાર રસ્તા પાસે નાં જીવન નગર વુડાના મકાનમાં મહેશભાઈ છોટુભાઈ વસાવા ઉંમર વર્ષ ૫૬ તેમના પરિવાર સાથે રહેતા હતા અને સાયકલ પર ટિફિન સર્વિસ આપતા હતા. તે આજે રાબેતા મુજબ સાયકલ પાછળ ટિફિનો લટકાવીને તેમના રોજિંદા અને

**રાવપુરા પોલીસે કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી :મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સયાજીમાં ખસેડાયો**

નક્કી કરેલા ટિફિન આપવા માટે સાયકલ પર મંગળ બજાર તરફ આવી રહ્યા હતા તે વખતે તેઓ લાલ કોર ભગતસિંહ ચોક સર્કલ પાસેથી પસાર થતા હતા. તે વખતે કાર ચાલકે તેમની સાયકલને પાછળથી ટક્કર મારતા તેઓ સાયકલ પરથી ઉછળીને અન્ય ગાડી સાથે અથડાતા હતા. આ બનાવમાં આધેડ મહેશભાઈ વસાવાને છાતી ,મોઢાના ભાગે, તેમજ હાથે પગે ઈજાઓ થતા તેમને સારવાર માટે ૧૦૮ માં સયાજી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે આધેડને મૃત જાહેર કર્યા હતા જોકે આ બનાવને પગલે લોક ટોળા એકત્રી કે થઈ ગયા હતા બીજી તરફ અકસ્માત કરનાર કારચાલક ભાગી જવાનો પ્રયાસ કરતા લોકોએ તેને ઝડપી લીધો હતો ત્યારબાદ પોલીસને સોંપવામાં આવ્યો હતો. રાવપુરા પોલીસે અકસ્માત મોતના બનાવ સંદર્ભે કાયદેસરની કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોટમ માટે ખસેડવામાં આવ્યો હતો.

૪૦થી વધુ ભૂંડનાં એકસાથે મોત કેવી રીતે થયાં?

# વિશ્વામિત્રી નદીમાં ૪૦થી વધુ મૃત ભૂંડ ફેંકાતાં જીવદયાપ્રેમીઓમાં ભારે રોષ ફેલાયો

વડોદરા, તા. ૯

શહેરના પરશુરામ ભઠ્ઠા પાસે મહારાજા નગરની પાછળથી પસાર થતી વિશ્વામિત્રી નદીમાં કોઈ અજાણ્યા શખ્સો સંખ્યાબંધ મરેલા ભૂંડો ફેંકી જતાં ચકચાર મચી જવા પામી છે. નદી પટમાં મરેલા ભૂંડ ફેંકાતા સ્થાનિક લોકોમા ભારે રોષ ફેલાયો છે. પ્રાણી ક્રૂર નિવારણ સંસ્થા દ્વારા તપાસ કરી કાર્યવાહી કરવાની માગણી કરવામાં આવી છે.

શહેરમાંથી પસાર થતી વિશ્વામિત્રની નદી પ્રોજેક્ટ અંતર્ગત વડોદરા કોર્પોરેશન દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે વિશ્વામિત્રની સફાઈ કરવામાં આવી છે. ત્યારે કેટલાક તત્વો દ્વારા વિશ્વામિત્રીને દૂષિત



કરી રહ્યા છે. પરશુરામ ભઠ્ઠા પાસે આવેલ મહારાજા નગર પાછળથી પસાર થતી વિશ્વામિત્રી નદીમાં કોઈ અજાણ્યા શખ્સો મરેલા ભૂંડો ફેંકી જતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. સ્થાનિક કેરોન કાલે સહિત લોકોએ આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે મોડી રાતે કોઈ અજાણ્યા શખ્સો ૩૦ થી ૪૦ જેટલા મરેલા ભૂંડો ફેકીને જતા રહ્યા છે. નદી પટમાં ફેકાયેલા ભૂંડો પૈકી કેટલાક ભૂંડો મગર પાણીમાં ખેંચી ગયા હતા. તેમ છતાં હજુ પણ નદીપટમાં મરેલા ભૂંડો પડી રહ્યા છે. જેના કારણે ભારે દુર્ગંધ મારી રહી છે. ત્યારે આ ભૂંડોનો વહેલી તકે નિકાલ કરવામાં આવે તેવી અમારી માંગ છે.પ્રાણી નિવારણ સંસ્થાના પ્રમુખ રાજ ભાવસારે જણાવ્યુ હતુ કે વિશ્વામિત્રી નદીમાં મરેલા ૩૦ થી ૪૦ ભુંડ ફેકવામાં આવ્યા છે. આજે અમારી ટીમ દ્વારા સ્થળ તપાસ કરવામાં આવી હતી. આ ભૂંડો કેવી રીતે મર્યા છે તે માટે પોસ્ટમોર્ટમ થવું જરૂરી છે. એક સાથે ૩૦ થી ૪૦ ભુંડ મરવા પાછળનું કારણ જાણવું જરૂરી છે. જો કોઈ રોગચાળાના કારણે એક સાથે ૩૦ થી ૪૦ ભુંડ મર્યા હોય તો તે ગંભીર બાબત છે. મરેલા ભૂંડો મગર જેવા જળચર પ્રાણીઓ ખાવાથી પણ નુકસાન થઈ શકે છે. આથી મરેલા ભૂંડો અંગે તપાસ થવી જરૂરી છે.

# ઓપન બરોડા મેજર રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન

વડોદરા, તા.૯

ટેબલ ટેનિસ એસોસીએશન ઓફ બરોડા દ્વારા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ના ટી.ટી. એ. બી એમ. એસ. યુ .ટી ટી સેન્ટર, યુનિયન પેવેલિયન પર જિલ્લાની બીજી મેજર રેકિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન તા. ૧૮થી ૨૦ જુલાઈ, ૨૦૨૫ દરમિયાન કરાશે. આ સ્પર્ધા સ્ટેગ કંપનીના ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડના ૬ ટેબલ પર એર કન્ડીશનર હોલમાં સિંથેટિક ફ્લોરિંગ અને ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ લાઈટિંગમાં રમાશે.કેડેટ બોયઝ અને ગર્લ્સ (અંડર ૧૩), સબ જુનિયર બોયઝ અને ગર્લ્સ (અંડર ૧૫), જુનિયર બોયઝ અને ગર્લ્સ (અંડર ૧૭ એન્ડ ૧૯), મેન્સ અને વિમેન્સ સિંગલ્સ અને વેટર્રસની ચાર સિંગલ્સ ઈવેન્ટ અને ત્રણ ડબલ્સ ઈવેન્ટ્સ યોજાશે જંબલ ડબલ્સ,મેન્સ ડબલ્સ અને મિક્સ ડબલ્સ કુલ અંદાજિત ૧૯ ઈવેન્ટ યોજાશે.

### પાદરાના ગંભીરા બ્રિજ બાદ બોડેલી-છોટાઉદેપુરમાં ઘણા જર્જરિત બ્રિજના કારણે મોટી દુર્ઘટના થવાની સેવાતી દહેશત

# બોડેલી નજીક ૫૦ વર્ષ જૂનો ઓરસંગ બ્રિજ જોખમી-જર્જરિત

### બ્રિજનો લગભગ એક કિ. મી. લાંબો માર્ગ ખખડધજ : વાહનચાલકો માટે જોખમ : મોડાસાથી મુંબઇ તરફનો ટ્રાફિક બોડેલીના ઓરસંગ બ્રિજ તરફ વળ્યો

બોડેલી, તા.૯

બોડેલી ઓરસંગ નદીના પુલ ઉપરના ખાડા વાહન ચાલકો માટે જોખમી જોવા મળી રહ્યા છે. બોડેલી નજીક આવેલો ઓરસંગ નદી પરનો ઓવરબ્રીજ પર મોટી સંખ્યામાં ફોરવીલ ટુ વીલ સહિત ભારી વાહનો પસાર થાય છે તેવામાં આ બ્રિજ પરનો રોડ બન્યો છે રાત દિવસ ધમધમતો ઓરસંગ બ્રિજ જર્જરિત તો છે પણ તેની પેરાફીટ પણ તૂટી જવાની આરે છે, ત્યારે વાહન ચાલકો માટે જોખમી બનેલા ઓરસંગ બ્રિજની મરામત જરૂરી અથવા નવો બ્રિજ બનવો જરૂરી તેવી લોગ માંગ જોવા મળી રહી છે બોડેલી થી સ્ટેચ્યુ ઓફ યુનિટી ને જોડતો બ્રિજ




લગભગ એક કિ. મી.લાંબો બ્રિજ નો માર્ગ ખળખડધજ છે.તંત્ર દ્વારા થિંગડા પુરવાની કામગીરી ક્યારેક થાય છે.પણ તૂટેલી પેરાફિટ નું યોગ્ય સમારકામ થતું નથી.૧૯૯૦માં ભારે પુર આવતા ઓરસંગ બ્રિજ તૂટી ગયો હતો.

ત્યાર પછી અડધા બ્રિજનું સમારકામ થયું હતું.ત્યાર થી અડધો બ્રિજ નવો અને અડધો જૂનો કાર્યરત છે.પણ અત્યારે બ્રિજ જર્જરિત છે બ્રિજની આવરદા પુરી થવા આવી છે. આવા જર્જરિત ઓરસંગ બ્રિજ પરથી રાત દિવસ વાહનો ધમધમી રહ્યા છે.મોડાસાથી મુંબઇ તરફનો ટ્રાફિક બોડેલીનાં ઓરસંગ બ્રિજ તરફ ખૂબ વળ્યો છે. રેતીની ટ્રકો પણ ઓવરલોડ દોડી રહી છે. આવા વ્યસ્ત ઓરસંગ બ્રિજ પર ટ્રાફિક વધતા હવે નદી પર બીજો બ્રિજ બનાવવો જરૂરી બન્યો છે તેમ વાહનચાલકો જણાઈ રહ્યા છે બોડેલી નો વ્યસ્ત ઓરસંગ બ્રિજ જર્જરીત નદી પર બીજો બ્રિજ બનાવા લોકો ની માંગ ઉઠી છે ઓરસંગ નદીના બ્રિજ પરનો રોડ પણ જર્જરીત હોય અને અસંખ્ય ખાડા જોવા મળી રહ્યા છે.

## લીમખેડા હડફ નદી પરના જૂના બ્રિજની મરામત નબળી અને અધૂરી

લીમખેડા, તા.૯

લીમખેડાની હડફ નદી પર આવેલા ૬૫ વર્ષ જૂના બ્રીજની મરામતમાં મોટો ભ્રષ્ટાચાર કરાયાનો આક્ષેપ થઈ રહ્યો છે રૂપિયા ૯૦ લાખના ખર્ચે કરવામાં આવેલી મરામતની કામગીરી નબળી અને અધૂરી સાબિત થઈ છે. જેમાં કોન્ટ્રાક્ટર દ્વારા હલકી ગુણવત્તાનું મટીરીયલ વાપરવામાં આવ્યું હોવાના સ્થાનિકોએ આક્ષેપ કર્યા છે. આ બાબતે આદિવાસી આગેવાન પંકજ કટારાએ જણાવ્યું કે, બ્રિજના જૂના પિલ્લર્સની ફરતે માત્ર કોંક્રીટ નો માલ નાખીને સપાટી પર જ કામ કરવામાં આવ્યું છે. બ્રિજની નીચેની બાજુએ કોંક્રીટની છાંટકામની કામગીરી આયોગ્ય રીતે થવાથી ઘણી જગ્યાએ લોખંડના



સળિયા ખુલ્લા દેખાય છે. વાહનો પસાર થતી વખતે બ્રિજ હલે છે. જે બ્રિજની સલામતી માટે ખરેખર જોખમી છે. આ મામલે સ્થાનિક રહીશોનું કહેવું છે કે, આટલા જૂના બ્રિજને રીપેર કરવાને બદલે નવો બનાવવો જરૂરી હતો. રોજ સેંકડો વાહનોની અવરજવર ધરાવતા આ બ્રિજ ઉપર કોઈ મોટી દુર્ઘટના ટાળવા માટે વાપરવામાં આવેલા મટિરિયલની લેબોરેટરી તપાસની માંગ ઉઠવા પામી છે. જો યોગ્ય તપાસ નહીં થાય તો જિલ્લા કલેક્ટર સમક્ષ રજૂઆત કરવાની ચીમકી આપવામાં આવી છે. બ્રિજની જૂની રચનાને કારણે સામસામેના વાહનો એક સાથે પસાર થઈ શકતા નથી. જે વાહન ચાલકો માટે મુશ્કેલી રૂપ બન્યું છે. આ ગંભીર મામલે સરકાર તરફથી તાત્કાલિક તપાસ અને કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે. સ્થાનિકોના આ આક્ષેપ અંગે લીમખેડા માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ ચુપકીદી સેવીને બેઠા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### બોડેલીના જબુગામ મુખ્ય બજાર ખાતે આંગણવાડીની આસપાસ ગંદુ પાણી ભરાતાં રોગચાળાની દહેશત



બોડેલી : બોડેલી તાલુકા માં આવેલ જબુગામ મુખ્ય બજાર મા આવેલ આંગણવાડી ની બંને બાજુ વરસાદી ગંદુ પાણી ભરાઈ રહેવાના દ્રશ્યો જોવા મળ્યા છે ઉલ્લેખનીય છે કે ગટર લાઈન વ્યવસ્થા હોવા છતાં આ રીતના પાણી ભરાઈ જતા તંત્રની બેદરકારી જોવા મળી છે જ્યારે બાજુમાં જ નાના નાના ભૂલકાઓને શિક્ષણ અર્થે આંગણવાડી આવેલ છે જેની બંને બાજુએ અવર-જવરના મુખ્ય રોડ પર પાણી ભરાયેલું જોવા મળે છે જેનું મુખ્ય કારણ નવું બનાવવામાં આવેલ આરસીસી રોડ કહીએ તો ચાલે એમાં કોઈ પણ જાતનો ઢાળ જ આપવામાં આવ્યો નથી જેથી કરીને પાણી ભરાઈ રહેતા મચ્છરોનો ઉપદ્રવ થવાની શક્યતાઓ પણ જોવા મળી રહી છે જ્યારે વાત કરીએ પાણી ભરાવાની તો તે વિસ્તારના આસપાસ ના દુકાનદારો દ્વારા પહેલા પણ આ પાણી કાઢવા માટે જાત મહેનત કરવામાં આવી હતી અને પાણીનો નિકાલ થાય તે માટે ગટર લાઈન નો ઢાંકણ ઉંચો કર્યો હતો છતાં પણ કોઈ કારણોસર પાણી ગટર લાઈનમાં જતું ન હોવાથી ત્યાં પાણી ભરાઈ રહેવાના દ્રશ્યો જોવા મળે છે અને આરસીસી રોડ ઉપર ખાડાઓના કારણે પણ પાણી ભરાઈ રહે છે જેથી કરીને આસપાસના સ્થાનિકોને પણ ખૂબ જ હાલાકી પડતી હોય એવું લાગી રહ્યું છે.

### મહિસાગર જિલ્લામાં ૮૪ શિક્ષણ સહાયકોને નિમણૂક પત્રો એનાયત : શૈક્ષણિક કાર્યમાં સુધારો આવશે



લુણાવાડા : ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા જાહેર કરાયેલ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની ભરતી ૨૦૨૪ અન્વયે મહીસાગર જિલ્લામાં મેરીટ પ્રેફરન્સના ધોરણે કુલ ૮૯ ઉમેદવારોને મહીસાગર જિલ્લો ફાળવવામાં આવ્યો હતો જે અંતર્ગત ખાનપુર તાલુકાના, મોડલ સ્કૂલ, બાકોર ખાતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહીસાગર જિલ્લા પંચાયતના પ્રમુખ બાબુભાઈ પટેલની અધ્યક્ષતામાં કુલ ૮૪ ઉમેદવારોને ભલામણ પત્ર અને નિમણૂક પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી નૈલેશકુમાર ડી. મુનિયા, શાળા સંચાલક મંડળના આગેવાન, આચાર્ય સંઘના આગેવાન જે.પી.પટેલ, ઉ.મા. સંઘના આગેવાન, માધ્યમિક સંઘના આગેવાન, વહીવટી સંઘના આગેવાન તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા આ ભરતીના કારણે મહીસાગર જિલ્લાની બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક વિભાગની ખાલી રહેલી જગ્યાઓ ભરાઈ જવાથી જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક કાર્યમાં સુધારો આવશે.

### આજથી દાહોદની દૃષ્ટિ નેત્રાલય હૉસ્પિટલ ખાતે મોતિયાના વિનામૂલ્યે ઑપરેશન કેમ્પ



દાહોદ : દાહોદ દ્રષ્ટિ નેત્રાલય આંખની હોસ્પિટલ દ્વારા આજરોજ તારીખ ૧૦-૭-૨૦૨૫ ગુરૂવારથી દ્રષ્ટિ નેત્રાલય દાહોદ ખાતે મોતિયાના મફત ઓપરેશન કેમ્પનો આરંભ થયો છે. જે તારીખ ૩૧-૭-૨૦૨૫ સુધી ચાલશે. જેમાં દરરોજ સવારના આઠ વાગ્યાથી બપોરના એક વાગ્યા સુધી ચાકલીયા રોડ દાહોદ જીઆઈડીસી પાસે આવેલ દ્રષ્ટિ નેત્રાલય ખાતે મોતિયાના મફત ઓપરેશન કરવામાં આવશે. આ નેત્ર યજ્ઞનો દાહોદ શહેર અને જિલ્લા અને જિલ્લા બહારના આસપાસના ગામોના ગરીબ અને જરૂરિયાતમંદ લોકો લે તે માટે આ સેવાકીય અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ કેમ્પમાં મોતિયા, ઝામર, ત્રાંસી આંખ, પડદા, પરવાળા, બાળ મોતીયા જેવી આંખની તમામ તકલીફ વાળા દર્દીઓની તપાસ કરવામાં આવી રહી છે.દ્રષ્ટિ નેત્રાલય ખાતે ઓપરેશન વાળા દર્દીઓ માટે જમવાનું, રહેવાનું તેમજ નેત્રમણી સાથે અત્યંત આધુનિક અને અધ્યતન સગવડોથી સજ્જ દ્રષ્ટિ નેત્રાલય ખાતે મફત ઓપરેશન કરવામાં આવી રહ્યું છે. તપાસ કરાવવા આવનાર દર્દીઓએ પોતાનું રાશનકાર્ડ તેમજ આધાર કાર્ડની ઝેરોક્ષ સાથે એક સગાને લાવવો ફરજિયાત છે.

### હાલોલ નગરપાલિકા તંત્ર દ્વારા

## પાવાગઢ રોડ પર સેશન્સ કોર્ટ નજીક દબાણો દૂર કરવામાં આવ્યાં લોકોએ ગેરકાયદે દબાણ ઊભા કર્યા

હાલોલ, તા.૯

હાલોલ નગરપાલિકાના વહીવટી તંત્ર દ્વારા છેલ્લા કેટલાય દિવસોથી હાલોલ નગર ખાતે આવેલા વિવિધ ગેરકાયદેસર દબાણો તોડી પાડવાની કામગીરીની કરવામાં આવી રહી છે તેમ જ ગેરકાયદેસર દબાણો હટાવવાની સાથો સાથ હાલોલ નગર ખાતે વરસો જુના કે જેને અગાઉ જેને નોટિસ આપવામાં આવી છે તેવા તમામ જર્જરીત મકાનો દુકાનો સહિતના બાંધકામો પણ ઉતારી લેવાની કામગીરી છેલ્લા કેટલાય દિવસથી નગર ખાતે હાથ ધરાઈ રહી છે જે અંતર્ગત આજે બુધવારે ગેરકાયદેસર દબાણ તોડી પાડવાની કામગીરીને આગળ વધારતા હાલોલ નગરપાલિકાના ચીફ ઓફિસર હિરલબેન ઠાકરની અધ્યક્ષતામાં હાલોલ નગરપાલિકાની દબાણ શાખા સહિતની ટીમે હાલોલ નગરની બહાર હાલોલ પાવાગઢ પર સેશન્સ કોર્ટની પાસે સર્વે નંબર ૫૨૯ ઉપર હાલોલ નગરપાલિકાની સરકારી જમીન પર કોઈ પણ પ્રકારની સરકારી પરવાનગી વિના ઉભા કરાયેલા ગેરકાયદેસરના કાચા પાકા દબાણો તોડી પાડવાની કામગીરી હાથ ધરી આ તમામ દબાણો તોડી પાડ્યા હતા જેમાં આજે દબાણ તોડી ખાલી કરાયેલી આ જગ્યા નગરપાલિકાની સરકારી જમીન છે જેમાં આ જગ્યા ઉપર ન્યાયાધીશોના બંગલા બનાવવા માટેની પરવાનગી આપવામાં આવેલ છે જે જગ્યા ઉપર કેટલાક લોકોએ ગેરકાયદેસરના દબાણ ઊભા કરી દીધા હતા જેને આજે હાલોલ નગરપાલિકા તંત્રએ વહીવટી તંત્રની હાજરીમાં પોલીસ બંદોબસ્ત વચ્ચે બુલડોઝર ફેરવી જમીનદોસ્ત કરી દીધા હતા અને સમગ્ર જગ્યાને ખાલી કરાવી હતી.

### છોટાઉદેપુર જિલ્લામાં આવેલ બ્રિજ જર્જરિત હાલતમાં

## છોટાઉદેપુર જિલ્લાના દુમાલી પાસેના બ્રિજ પર મસમોટા ખાડાથી લોકો ત્રસ્ત

### તંત્ર દ્વારા ખાડા પૂરવાની કામગીરી કરવામાં આવતી નથી

બોડેલી, તા.૯

છોટાઉદેપુર જિલ્લામાં આવેલ વધુ પડતા બ્રિજ હાલ જર્જરીત હાલતમાં જોવા મળી રહ્યા છે જ્યારે વાત કરીએ દુમાલી તેજગઢ વચ્ચે આવેલ હાઈવે પરનો બ્રિજ ઉપર મોટા મોટા ખાળા જોવા મળી રહ્યા છે જેને લઈ કેટલાક વાહન ચાલકો અટવાઈને અકસ્માતનો શિકાર પણ બનતા હોય છે અને બાઈક ચાલકો તો આ ખાડાઓને લઈ કેટલીક વાર પડી જતા પણ હોય છે અને ત્યાં જોતા એવું લાગે છે કે આ ખાડાઓ વહેલી તકે પુરાય તો મોટા અકસ્માત થી બચાય એમ છે વારંવાર જિલ્લામાં ઉચ્ચ અધિકારીઓ આજ બ્રિજ ના ખાડાઓ પરથી પસાર થતા હોય છે છતાં કોઈ પણ જાતની ખાડા પૂરવાની કામગીરી કરવામાં આવતી



નથી જેથી કરીને વહેલી તકે આ ખાડા પુરવામાં આવે એવી લોક માંગ ઉઠી છે

છોટાઉદેપુર જિલ્લાના દુમાલી પાસે આવેલ બ્રિજ ઉપર મસ મોટા ખાડા, વાહન ચાલકોને મુશ્કેલી તંત્ર ઘોર નિંદ્રામાં જોવા મળી રહ્યું છે છોટાઉદેપુર જિલ્લામાં આવેલ વધુ પડતા બ્રિજ હાલ જર્જરીત હાલતમાં જોવા મળી રહ્યા છે.

### મહિસાગર જિલ્લા કલેક્ટર કચેરીમાં વારંવાર ક્ષતિગ્રસ્ત ખોટકાતી લિફ્ટો

લુણાવાડા, તા.૯

મહીસાગર જિલ્લાના વડુમથક લુણાવાડા માં કલેકટર કચેરી આવેલ છે જેમાં આશરે પાંચથી દસ વર્ષથી લિફ્ટનો ઉપયોગ થાય છે પરંતુ આ લિફ્ટ વારંવાર ક્ષતિગ્રસ્ત થઈ બંધ થઈ જાય છે જ્યારે વૃદ્ધ માણસો અને દિવ્યાંગ જનો ને બીજા થી ત્રીજા માળે સુધી જવામાં ખૂબ જ અગવડતા અનુભવે છે આ વારંવાર લિફ્ટ અટકી જવી કે બંધ થઈ જવી શું મહીસાગર જિલ્લા કલેક્ટર અથવા તેમના કચેરી ના અધિકારીઓ આ બંધ હાલત ની લિફ્ટો નું નિરાક્ષણ કરતા નહીં હોય? શું આ લિફ્ટનો ઉપયોગ અધિકારીઓ કરતા નહીં હોય? મહીસાગર જિલ્લાના વૃદ્ધ અને દિવ્યાંગનો એક જ આશા છે કે આ બંધ હાલતની લિફ્ટો વહેલામાં વહેલી તકે શરૂ થાય અને આ વારંવાર પડતી બીજા માળે અને ત્રીજા માળે જવાની તકલીફો તેમની દૂર થાય. આ વારંવાર લિફ્ટ અટકી જવી કે બંધ થઈ જાય છે.

### દાહોદ જિલ્લાના વગેલા ગામે ઢાકણી ફળિયામાં એસઓજી પોલીસનો સપાટો

## ખેતર તથા વાડામાંથી રૂપિયા ૨.૦૯ લાખના લીલા ગાંજાના છોડ સાથે ખેતરમાલિક પકડાયો

### ચાકલીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાતાં આગળની કાર્યવાહી હાથ ધરાઈ

દાહોદ, તા.૯

વગેલા ગામે ઢાકણી ફળિયામાં રહેતા ૫૯ વર્ષીય પારુ ભાઈ સૂરપાળભાઈ ડામોરે પોતાના ખેતર તથા વાડામાં પ્રતિબંધિત એવા વનસ્પતિજન્ય માદક પદાર્થ લીલા ગાંજાના ૫૮ છોડોનું ગેરકાયદેસર વાવેતર કર્યુ હોવાની ગુપ્ત બાતમી દાહોદ એસ.ઓ.જી. પી.આઈ. રાણાને મળી હતી. જે બાતમીને આધારે દાહોદ એસ.ઓ.જી. પી. આઈ. રાણા તથા તેમના સ્ટાફના પોલીસ કર્મીઓની ટીમેવગેલા ગામે ઢાકણી ફળિયામાં રહેતા ૫૯ વર્ષીય પારુભાઈ સુરપાળભાઈ ડામોરના કબજા ભોગવટાવાળા ખેતર તથા



ઘરના વાડામાં ઓચિંતો છાપો માર્યો હતો. અને ખેતર તથા વાડામાંથી પ્રતિબંધિત એવા વનસ્પતિજન્ય માદક પદાર્થ લીલા ગાંજાના રૂપિયા ૨,૦૯,૪૦૦/-ની કુલ કિંમતના ૨૦.૯૪૦ કિલોગ્રામ કુલ વજનના ગેરકાયદેસર રીતે વાવેતર કરેલા લીલા ગાંજાના છોડ નંગ-૫૮ પકડી પાડી સાથે સાથે ખેતર માલિક પારુભાઈ સુરપાળભાઈ ડામોરની અટકાયત કરી હતી. અને પકડાયેલ ખેતર માલિક તેમજ પ્રતિબંધિત એવા માદક પદાર્થ લીલા ગાંજાના છોડવાનો જથ્થો ચાકલિયા પોલીસને સુપ્રત કરી આ મામલે ચાકલિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ચાકલિયા પોલીસે આ સંદર્ભે વગેલા ગામના ઢાકણી ફળિયાના પારુભાઈ સુરપાળભાઈ ડામોર વિરુદ્ધ એનડીપીસી એકટની એકટની કલમ-૨૦એ મુજબ નાર્કોટિક્સનો ગુનો નોંધી સદર લીલા ગાંજાના છોડવાનું વાવેતર પહેલી વખત જ કર્યુ કે અગાઉ પણ કર્યુ હતું? અને જો અગાઉ પણ કર્યુ હોય તો તે ગાંજાનો જથ્થો કોને કોને ત્યાં પહોંચાડ્યો હતો? તે બાબતની ઘનિષ્ટ પૂછપરછ હાથ ધરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### શહેરા તાલુકા પ્રાથમિક શિક્ષક કર્મચારી

## ધિરાણ સહકારી મંડળીમાં ચેરમેન અને વા. ચેરમેનની સર્વાનુમતે વરણી



શહેરા, તા.૯

શહેરા તાલુકા પ્રાથમિક શિક્ષક કર્મચારી ધિરાણ સહકારી મંડળીની મળેલી કારોબારી સભામા ચેરમેન અને વાઈસ ચેરમેનની સર્વાનુમતે બીનહરીફ વરણી કરાઇ હતી.

શહેરા તાલુકા મથક ખાતે આવેલી પ્રાથમિક શિક્ષક કર્મચારી ધિરાણ સહકારી મંડળીની કારોબારી સભા મળી હતી. કારોબારી સભામાં નવીન ચેરમેન અને વાઈસ ચેરમેનની વરણી કરવામાં આવી હતી.તાલુકા પ્રાથમિક શિક્ષક કર્મચારી ધિરાણ સહકારી મંડળીના ચેરમેન તરીકે અનિરુદ્ધસિંહ સોલંકી અને વાઈસ ચેરમેન તરીકે સુખદેવભાઈ પટેલની સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. આ ટીચર સોસાયટીના ઉપસ્થિત સભ્યો તેમજ પૂર્વ ચેરમેન અને વાઈસ ચેરમેન એ નવીન બિન હરીફ વરણી થયેલ ચેરમેન અનિરુદ્ધસિંહ અને વાઈસ ચેરમેન સુખદેવભાઈને ફૂલોનું બુકે આપીને મોં મીઠું કરાવીને અભિનંદન પાઠવ્યા હતા.

### દાહોદ તાલુકાના ઉચવાણીયા ગામે

## અગમ્ય કારણસર યુવાને ગળે ફાંસો ખાઈ જીવાદોરી ટૂંકાવી

### લોકોના ટોળાં ઘટનાસ્થળ પર ભેગા થયાં

દાહોદ, તા.૯

દાહોદ તાલુકાના ઉચવાણીયા ગામના હુમલા ફળિયામાં રહેતા ૨૦ વર્ષીય આશાસ્પદ યુવાને કોઈ અગમ્ય કારણસર પોતાના જ ગામમાં જુના તળાવ નજીકના ડુંગરા પર ઓહળાના ઝાડની ડાળી સાથે નાયલોનના દોરડા વડે ગળે ફાંસો ખાઈ જીવતર ટુંકાવ્યાનુ પોલીસ સૂત્રો દ્વારા સત્તાવાર જાણવા મળ્યું છે. ઉચવાણીયા ગામના હુમલા ફળિયામાં રહેતા ખૂનાભાઈ રામચંદ્રભાઈ ભુરીયાના પુત્ર ૨૦ વર્ષીય પંકેશભાઈ ખૂનાભાઈ ભુરીયા નામના આશાસ્પદ યુવાન ગઈકાલે મોડી રાતના બે વાગ્યાના સુમારે કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરેથી નીકળી તેના ગામના જૂના તળાવ નજીક ડુંગરા ઉપર ઓહળાના ઝાડની ડાળી સાથે નાયલોનના દોરડા વડે ગળે ફાંસો ખાઈ લટકી જઈ જીવતર ટુંકાવી લીધું હતું. આ વાતની બીજે દિવસે સવારે નવેક વાગ્યાના સુમારે ગામમાં જાણ થતા ગામ લોકોના ટોળેટોળા ઘટના સ્થળ પર દોડી ગયા હતા. અને આ અંગેની જાણ કતવારા પોલીસને કરતા, કતવારા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. અને ગામ લોકોની મદદથી મૃતક પંકેશભાઈ ભુરીયાની લાશને ઝાડની ડાળીએથી નીચે ઉતારી હતી. અને ત્યારબાદ પંચો રૂબરૂ લાશનું પંચનામુ કરી લાશને પીએમ માટે દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં મોકલી આપી આ મામલે કતવારા પોલીસે મરણજનાર પંકેશભાઈ ભુરીયાની માતા મનાબેન ખનાભાઈ ભુરીયાએ આપેલ જાહેરાતને પગલે સીઆરપીસી ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળિયા કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### સંજેલી તાલુકાનો આદિવાસી સમાજ ચૈતર વસાવાના સમર્થનમાં

## ચૈતર વસાવાને છોડવામાં નહીં આવે તો તીરકામઠા લઈ આંદોલન કરવાની આદિવાસીઓની ચીમકી

### એક તીર - એક કમાન, આદિવાસી એકસમાનના નારા લાગ્યા

દાહોદ, તા.૯

સંજેલી નગરમાં જુના બસ સ્ટેશન ખાતે ગુરુ ગોવિંદ ચોક આગળ સંજેલીના આદિવાસી પરિવાર દ્વારા ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થન મા આદિવાસી ઉતર્યા અને કાનાશાહી સરકાર સામે ભારે સૂત્રોચાર કરવામાં આવ્યા હતા. જો ચૈતર વસાવાને જેલ મુક્ત કરવામાં નહીં આવે તો તીર કામટા લઈ રોડ પર ઉતરી ઉગ્ર આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી હતી. આદિવાસીઓના મસીહા ગણાતા નેતા દેડીયાપાડાના ધારાસભ્યચૈતર વસાવાને ખોટા કેસમાં ફસાવી દેવાયા હોવાના આક્ષેપો સાથે ભારે સૂત્રોચાર કરવામાં આવ્યા હતા અને ચૈતર વસાવાને તાત્કાલિક જેલમાંથી છોડવામાં નહીં આવે



તો અંબાજી થી ઉમરગામ સુધીના આદિવાસી સમાજ દ્વારા તીર કામઠા લઈને ઉગ્ર આંદોલન પર ઉતરવા કટિબદ્ધતા જાહેર કરવામાં આવી હતી. ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવનાર આદિવાસી સમાજના નેતા ચૈતર વસાવાએ આખી બાજપા સરકારને હચમચાવી નાખી છે. જેથી આદિવાસી નેતા આ ભ્રષ્ટાચારને ઉજાગર ન કરે તે માટે આ તાનાશાહી સરકારે ષડયંત્ર રચી અને ખોટા કેસમાં ફસાવવાનું કાવતરું રચી ચૈતર વસાવાને જેલના સળિયા પાછળ ધકેલવામાં આવ્યા હોવાના જલદ આક્ષેપો આદિવાસી સમાજ દ્વારા કરવામાં આવી રહ્યા છે.

### ધાવડિયાની મહિલાની ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારીઓએ સફળતાપૂર્વક પ્રસૂતિ કરાવી

ઝાલોદ, તા.૯

ધાવડીયા તા. ઝાલોદ ગામની મહિલાને અચાનક ડીલેવરીનો દુ:ખાવો ઉપાડતાની સાથે તેમના પતિ એ ૧૦૮ ની મદદ માંગી હતી. ઝાલોદ લોકેશનની ૧૦૮ એમ્બ્યુલન્સને તરતજ કેસ મળતાની સાથેજ ૧૦૮ ના કર્મચારી ઈરૂ ઉર્વશીબેન સોલંકી અને પાયલોટ આર્જુનભાઇ સ્થળ ઉપર જવા માટે રવાના થયા હતા. સ્થળ ઉપર પહોંચી ને પ્રસૂતા માતાને લઈને રવાના થયા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સના પેરામેડિક ઉર્વશીબેન સોલંકી બહેને ૧૦૮ એમ્બ્યુલન્સમાં પ્રસુતા માતાની સુરક્ષિત રસ્તાની સાઈડમાં અમ્બુલાન્સમાં ડીલીવરી કરાવી હતી. અને ફિઝિશિયન ડોક્ટર કૃષ્ણા મેડમને પ્રસુતાની પરિસ્થિતિ અંગે ની માહિતી આપી ૧૦૮ ફિઝિશિયન ડોક્ટર કૃષ્ણા મેડમના માર્ગદર્શનથી ઈરૂ ઉર્વશીબેન સોલંકી ડોક્ટર મેડમના માર્ગદર્શનથી જરૂરી ટ્રિટમેન્ટ આપી માતા અને બાળકને નજીકની જીઢુઉં ઝાલોદ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં.

**ડીજીપી, મુખ્ય સચિવ ગૃહ, તમામ રેન્જના વડાઓ સાથે કાયદો વ્યવસ્થાની સ્થિતિ અંગે સમીક્ષા કરી**

# હર્ષ સંઘવીએ ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી

## એનડીપીએસના કેસોમાં અગાઉની સરખામણીમાં બમણાથી પણ વધુ કેસો કરાતા પોલીસને અભિનંદન પાઠવ્યા

અમદાવાદ તા.૯

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે ખાસ સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાય, ગૃહ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી સુશ્રી નિપૂણા તોરવણે, તમામ પોલીસ કમિશનરશ્રી તેમજ તમામ રેન્જના વડાશ્રીઓ સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.



રાજ્યમાં ડ્રગ્સ સામે ચાલી રહેલી ઝુંબેશ અનુસંધાને ગુજરાત પોલીસ દ્વારા કરવામાં આવેલા એનડીપીએસના કેસોમાં અગાઉની સરખામણીમાં બમણાથી પણ વધુ કેસો કરવામાં આવતા હર્ષ સંઘવીએ ગુજરાત પોલીસને અભિનંદન પાઠવી સ્થાનિક પોલીસ પણ એનડીપીએસના કેસ કરવા અંગે સૂચના આપી હતી. તે ઉપરાંત માત્ર ૧૫ દિવસમાં ડ્રગ્સ માફીયાઓ સામે ડ્રગ્ઝીના મહત્તમ ૧૭ કેસ કરવા બદલ મંત્રીએ ગુજરાત પોલીસને અભિનંદન પાઠવ્યા હતા અને હજુ મહત્તમ કેસ કરવા સૂચના આપી હતી. ગુજરાતમાં ગેરકાયદેસર રીતે વસતા બાંગ્લાદેશીઓ વિરુદ્ધ થયેલી કાર્યવાહી માટે પણ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તે ઉપરાંત રાજ્યમાં પ્રેહ્યૂઝ હેઠળ કરવામાં આવેલી સઘન કાર્યવાહીની પણ ગૃહમંત્રીએ સરાહના કરી હતી. પ્રેહ્યૂઝ હેઠળ પાંચ મહિનામાં મહત્તમ ૮ કેસ કરી ૭૭ આરોપીઓ સામે કેસ કરવા આવ્યા છે.રાજ્યમાં અસામાજિક તત્વો વિરુદ્ધ કરવામાં આવેલી કામગીરીનો રીવ્યુ કરવામાં આવ્યો હતો. અસામાજિક તત્વો વિરુદ્ધ થયેલી ઐતિહાસિક કામગીરી બદલ અભિનંદન પાઠવી આવા તત્વો સામે હજુ કડકમાં કડક કાર્યવાહી કરવાની દિશામાં ચોક્કસ રણનીતિ ઘડવા સૂચના આપી હતી. તા. ૧લી જાન્યુઆરી ૨૦૨૪થી તા. ૩૧મી મે ૨૦૨૫ દરમિયાન અસામાજિક તત્વો સામે કરવામાં આવેલી કાર્યવાહીમાં ૫૮૨ ગેરકાયદેસર દબાણ દૂર કરાયાં, ગેરકાયદેસર વીજ જોડાણ અંતર્ગત ૧૮૬૧ સામે કાર્યવાહી, ૬૮૯ રીઢા ગુનેગારો સામે જામીન રદ કરવા અંગેની કાર્યવાહી તેમજ અસામાજિક તત્વોના બેંક એકાઉન્ટ તપાસી ગેરકાયદેસર નાણાંકીય વ્યવહારો કરનાર ૩૯૦ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. અસામાજિક તત્વો વિરુદ્ધ કરવામાં આવેલી કાર્યવાહી ગુજરાત પોલીસ દ્વારા ખૂબ સારી રીતે કરવામાં આવી છે તે બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યવાહી હજુ કડક બનાવવા ગૃહમંત્રી દ્વારા સૂચના આપવામાં આવી હતી. રાજ્યમાં વ્યાજખોરો વિરુદ્ધ ખૂબ કડક કામગીરી કરવામાં આવી રહી છે. તા. ૧લી જાન્યુઆરી ૨૦૨૪થી તા. ૩૧મી મે ૨૦૨૫ દરમિયાન ૨૪૮૭ વ્યાજખોરો વિરુધ્ધ ૧૦૫૪ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે અને ગુજરાત પોલીસ ૬૪૧ લોન મેળા યોજી નાગરિકોને મદદરૂપ થઈ છે.સ્થાનિક પોલીસ સ્ટેશને એફઆઈઆરમાં વિલંબ ન થાય તેની ખાસ કાળજી રાખવા અને વ્યાજખોર વિરુદ્ધ કડક કાર્યવાહી થાય તે માટે અરજદારને સિનિયર ઓફિસર ખુદ સંવેદનાપૂર્વક સાંભળે અને તેની સમસ્યાનો ઉકેલ લાવે તે અંગે ગૃહમંત્રી દ્વારા ઉચ્ચ પોલીસ અધિકારીઓને જરૂરી સૂચના આપવામાં આવી હતી. તે ઉપરાંત હની ટ્રેપના તા. ૧લી જાન્યુઆરી ૨૦૨૪થી તા. ૩૧મી મે ૨૦૨૫ દરમિયાન ૨૯૯ આરોપીઓ વિરૂધ્ધ ૯૯ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે. હની ટ્રેપ જેવા ગુનાઓમાં કડકમાં કડક કાર્યવાહી થાય તેવી સૂચનાઓ પણ આપવામાં આવી હતી.

**રિક્ષાચાલકને નિર્દોષ જાહેર કરવાનો સેશન્સ કોર્ટનો ચુકાદો હાઈકોર્ટે બહાલ રાખ્યો**

# સ્પીડમાં વાહન હાંકવાને બેદરકારીપૂર્વક વાહન ચલાવવાનું કૃત્ય ગણી શકાય નહીં

## ફરિયાદ પક્ષ બેદરકારીપૂર્વક વાહન ચલાવવાનું સ્થાપિત કરવામાં નિષ્ફળ ગયો હતો

અમદાવાદ, તા.૯

એક ઓટો-રિક્ષા ચાલકને નિર્દોષ જાહેર કરવા સામે રાજ્યની અપીલ ફગાવી કાઢતાં હાઈકોર્ટે એવું મહત્ત્વપૂર્ણ અવલોકન કર્યું છે કે 'ફક્ત વધુ ઝડપે વાહન ચલાવવાને બેદરકારીપૂર્વક વાહન ચલાવવાનું કૃત્ય ગણી શકાય નહીં.' આ રિક્ષાચાલક એક ટ્રેક્ટર-ટ્રોલી સાથે રિક્ષા અથડાઈ હોવાથી તેના પર બેદરકારીપૂર્વક વાહન ચલાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. જેના પરિણામે બે લોકોના મોત થયા હતા. હાઈકોર્ટે રાજકોટ સેશન્સ કોર્ટના ચુકાદાને યથાવત રાખ્યો હતો. હાઈકોર્ટે ઠરાવ્યું હતું કે ફરિયાદ પક્ષ બેદરકારીપૂર્વક વાહન ચલાવવાનું સ્થાપિત કરવામાં નિષ્ફળ ગયો હતો. અકસ્માત હકીકતમાં રાત્રે રસ્તા પર એક બેફામ પાર્ક કરેલા વાહનોના કારણે થયો હતો. હાઈકોર્ટની બેન્ચે અવલોકન કર્યું હતું કે,'કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ વધુ ઝડપે વાહન ચલાવવાને બેદરકારીથી વાહન ચલાવવાનું કૃત્ય ગણી શકાય નહીં. ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૪(A) હેઠળ શિક્ષાપાત્ર ગુના માટે જવાબદાર વ્યક્તિને બેદરકારીથી વાહન ચલાવવા બદલ જવાબદાર ઠેરવવા માટે, તેણે બેદરકારીથી વાહન ચલાવ્યું છે તે



હકીકત કાનૂની પુરાવા સાથે હંમેશા સ્થાપિત કરવી જોઈએ.'આ કેસની હકીકત પ્રમાણે પ્રતિવાદી રિક્ષાચાલક રાત્રે કામ પરથી સાત મજૂરોને ઘરે લઈ જતી ઓટો રિક્ષા ચલાવી રહ્યો હતો. સાંકડા હાઈવે પર મુસાફરી કરતી વખતે, રિક્ષા રસ્તા પર પાર્ક કરેલી ટ્રેક્ટર-ટ્રોલી સાથે અથડાઈ ગઈ હતી. જેમાં કોઈ લાઈટ, સિગ્નલ કે રિફલેક્ટર નહોતા. પરિણામે રિક્ષા પલટી ગઈ હતી. જેના કારણે મુસાફરો ઘાયલ થયા. તેમાંથી બેનું મોત નીપજ્યું હતું. ઘાયલ મુસાફરોમાંથી એકના નિવેદનના આધારે FIR નોંધવામાં આવી હતી. પ્રતિવાદી પર IPCની કલમ ૨૭૯, ૩૦૪, ૩૦૪છ અને ૩૩૭ તેમજ મોટર વાહન અધિનિયમની કલમ ૧૭૭, ૧૮૪ અને ૧૩૪ હેઠળ કેસ ચલાવવામાં આવ્યો હતો. સેશન્સ કોર્ટે ટ્રાયલ પછી પ્રતિવાદી રિક્ષાચાલકને નિર્દોષ જાહેર કર્યો હતો, અને કહ્યું કે આ અકસ્માત ટ્રેક્ટર-ટ્રોલીના બેદરકારીપૂર્વક પાર્કિંગને કારણે થયો હતો. જે આદેશથી નારાજ થઈને રાજ્ય સરકારે રિક્ષાચાલકને નિર્દોષ જાહેર કરવા સામે CrPCની કલમ ૩૭૮ હેઠળ હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી હતી. જેમાં હાઈકોર્ટે નોંધ્યું હતું કે અપીલકર્તા એ સ્થાપિત કરવામાં નિષ્ફળ ગયા હતા કે પ્રતિવાદીએ વાહન ઉતાવળમાં અથવા બેદરકારીથી ચલાવ્યું હતું, અને મુખ્ય પ્રત્યક્ષદર્શીઓ, જેમાં રિક્ષાના ચાર મુસાફરોનો સમાવેશ થાય છે.

**મહિસાગર જિલ્લાના લીબરડિયા પંથકના એક ભંગાર વેપારી પાસેથી**

# અરવલ્લીમાં ૫૦૦૦થી પણ વધુ સરકારી પાઠ્યપુસ્તકો પસ્તી તરીકે મળતા હડકંપ મચ્યો

અરવલ્લી,તા.૯

અરવલ્લી જિલ્લાના માલપુર શહેરમાં એક ભંગાર વેપારીના ગોદામમાંથી સરકારી પાઠ્યપુસ્તકો જપ્ત કરવામાં આવ્યા. આ ઘટનાએ શિક્ષણ વિભાગમાં ખળભળાટ મચાવી દીધો છે.આ પુસ્તકો મહિસાગર જિલ્લાના લીબરડિયા પંથકના એક ભંગાર વેપારી પાસેથી ખરીદવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે, જેનાથી સરકારી મિલકતના દુરુપયોગ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

માહિતી મળતાં જ મહિસાગર જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીને બોલાવવામાં આવ્યા હતા. ત્યારબાદ, અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ માલપુરમાં ભંગાર વેપારી મદન ગુર્જરના ગોદામમાં રેન્ડમ નિરીક્ષણ કર્યું હતું. તપાસ દરમિયાન, ધોરણ ૧ થી ૮ સુધીના આશરે ૫,૦૦૦ જૂના અને કેટલાક નવા પાઠ્યપુસ્તકો મળી આવ્યા હતા.

જાણવા મળ્યું હતું કે આ પુસ્તકો મહિસાગર જિલ્લાના લીબરડિયા વિસ્તારના જેઠુભાઈ કારી નામના ભંગાર વેપારી દ્વારા માલપુરના એક વેપારીને પસ્તીના રૂપમાં ભંગાર તરીકે વેચવામાં આવ્યા હતા.શિક્ષણ વિભાગે આ તમામ પુસ્તકો જપ્ત કરી છે અને આ મામલાની તપાસ શરૂ કરી છે. શિક્ષણ વિભાગના અધિકારીઓએ જણાવ્યું છે કે આ પુસ્તકો ગરીબ અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને મફતમાં આપવામાં આવ્યા હતા પરંતુ તેમને ભંગાર તરીકે વેચવામાં આવ્યા હતા, જે ખૂબ જ દુઃખદ અને ગંભીર બાબત છે.

આ ઘટના જાહેર ભંડોળના દુરુપયોગનું સ્પષ્ટ ઉદાહરણ છે. વિદ્યાર્થીઓના શિક્ષણને ટેકો આપવા માટે આપવામાં આવેલા પાઠ્યપુસ્તકો ભંગાર તરીકે વેચવામાં આવ્યા હતા, જે સમાજના સૌથી સંવેદનશીલ ક્ષેત્રોને અસર કરે છે. આ ઘટનાઓ શિક્ષણ પ્રણાલીમાં ભ્રષ્ટાચાર અને બિનજરૂરી નુકસાન અંગે ચિંતા વ્યક્ત કરે છે. તપાસ અને આગામી પગલાં: શિક્ષણ વિભાગે જાહેરાત કરી છે કે તે આ મામલે કડક કાર્યવાહી કરશે. તપાસ દરમિયાન, જિલ્લાઓ અને ભંગારના વેપારીઓ બંનેમાંથી સંડોવાયેલા અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. વધુમાં, શિક્ષણ વિભાગ આવી ઘટનાઓને રોકવા માટે કડક નિયમો અને દેખરેખ પ્રણાલી લાગુ કરશે. સ્થાનિક વસ્તી અને સામાજિક સંગઠનોએ આ ઘટના પર પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો છે.

**૨,૩૪૦ કિલો મીટર લાંબા દરિયાકાંઠે આર્થિક તકોનું સર્જન થશે**

# ગુજરાત ક્રૂઝ ભારત મિશનનું નેતૃત્વ કરનારું પ્રથમ રાજ્ય

## ક્રૂઝ ભારત મિશનના ભાગરૂપે ગુજરાતે તેના પશ્ચિમ કિનારા પર વિવિધ સંભવિત ક્રૂઝ સર્કિટનો પ્રસ્તાવ

ગાંધીનગર, તા.૯

દેશમાં સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું ગુજરાત ક્રૂઝ ભારત મિશનનું નેતૃત્વ કરનારું પ્રથમ રાજ્ય બની ગયું છે. આ સાથે ભારતમાં વિશ્વ કક્ષાનો ક્રૂઝ પ્રવાસન ઉદ્યોગ વિકસાવવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને સાકાર કરવાની દિશામાં ગુજરાતે મહત્વનું સીમાચિહ્ન હાંસલ કર્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યએ ૨,૩૪૦ કિમીના દરિયાકિનારા અને સાબરમતી, નર્મદા જેવી નદીઓના વ્યૂહાત્મક મહત્વને ઓળખીને રાષ્ટ્રીય ક્રૂઝ એજન્ડાને આકાર આપવામાં સક્રિય ભૂમિકા ભજવી છે. ક્રૂઝ ભારત મિશન માટે ક્રૂઝ શિપિંગ પોલિસીની રૂપરેખા નક્કી કરવાના ઉદ્દેશથી ગુજરાત મેરીટાઇમ બોર્ડ (GMB) ૯ મેએ એક-દિવસીય વર્કશોપનું આયોજન કર્યું હતું, જેમાં વિવિધ હિતધારકોએ હાજરી આપી હતી. જીએમબી દ્વારા આયોજિત આ વર્કશોપમાં ગુજરાત મેરીટાઇમ બોર્ડના ચીફ નોટિકલ ઓફિસર (HQ) કેપ્ટન બંશીવા લાડવા, જીએમબીના વાઇસ ચેરમેન અને સીઈઓ રાજકુમાર બેનીવાલ (IAS)એ મહત્વનું સંબોધન કર્યું હતું. તેમણે રાજ્યની વધી રહેલી દરિયાઈ ક્ષમતાઓ તેમજ ઊભરતા ક્રૂઝ ટુરિઝમ ક્ષેત્રની આર્થિક તકો પર ભાર મૂક્યો હતો.

વર્કશોપના પ્રથમ સત્રમાં મેરીટાઇમ અને ટુરિઝમ નિષ્ણાતોની ઉપસ્થિતિમાં "નીતિ અને માળખાગત સુવિધા- ભારતમાં ક્રૂઝ ક્ષેત્રના વિકાસ માટે પાયો નાખવો" એ વિષય પર ચર્ચા કરવામાં આવી હતી. ઇન્ડિયન પોર્ટ્સ એસોસિએશનના સલાહકાર રાજીવ જલોટાએ ક્રૂઝ ભારત મિશન હેઠળ વ્યૂહાત્મક લક્ષ્યોની રૂપરેખા આપી હતી. મુંબઈ પોર્ટ ઓથોરિટીના અધ્યક્ષ શ્રી સુશીલ કુમાર સિંહે બંદરોની તૈયારી અને સ્પષ્ટ બર્થિંગ પોલિસીની જરૂરિયાત પર ચર્ચા કરી હતી. FRRO, કોચીનના કૃષ્ણરાજ આર. એ ઇમિગ્રેશન અને દરિયા કિનારાની પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું, જ્યારે ગોવા ઇન્ટરનેશનલ ક્રૂઝ ટર્મિનલના CEO ગૌતમ ડેએ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડ્સ અને કૌશલ્ય વિકાસ પર ભાર મૂક્યો હતો.

ગુજરાતનો રોડમેપ રજૂ કરતાં રાજકુમાર બેનીવાલે રોકાણને અનુરૂપ પોલિસીઓ બનાવીને વિશ્વ કક્ષાના ક્રૂઝ ટર્મિનલ માટે રાજ્યની યોજના વિશે માહિતી આપી હતી. ગુજરાત ટુરિઝમના મેનેજિંગ ડિરેક્ટર સાઇદિંગપુઈ છાકછુઆક (IAS)એ મુસાફરો માટે ક્રૂઝ-રેડી સ્થળો અને ઓનશોર પ્રવાસન વિકસાવવા માટેની વ્યૂહરચના રજૂ કરી હતી. કૃષ્ણરાજ આર. (IPS)એ કાર્યક્ષમ ઇમિગ્રેશન પ્રક્રિયાઓની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને પ્રવાસીઓના સંચાલનને સુવ્યવસ્થિત કરવા માટે ડિજિટલ ટેક્નોલોજીના ઉપયોગની ભલામણ કરી હતી.

બંદરો અને પરિવહન વિભાગના અગ્ર સચિવ અશ્વિની કુમારે ગુજરાતને એક અગ્રણી ક્રૂઝ હબ તરીકે સ્થાપિત કરવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, રાજ્યનો વ્યાપક અભિગમ, તેની માળખાગત સુવિધાઓ, નીતિ અને પ્રવાસન વિકાસ અન્ય રાજ્યો માટે એક ઉદાહરણ સ્થાપિત કરશે.

ત્યારબાદ વર્કશોપના પ્રશ્નોત્તરી સત્ર દરમ્યાન સહભાગીઓએ રાજ્ય માટે એક મજબૂત ક્રૂઝ નીતિ બનાવવા સંદર્ભે તેમના મંતવ્યો રજૂ કર્યા હતા. તો પેનલ સત્રમાં પેનલિસ્ટોએ હાલના પડકારોને સંબોધીને ભવિષ્યમાં ક્રૂઝ ક્ષેત્રે રહેલી સંભાવનાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ સત્ર સહભાગીઓ અને ઉદ્યોગના દિગ્ગજો વચ્ચે વિચારોનું આદાન-પ્રદાન કરવા માટે મહત્વનું માધ્યમ બન્યું હતું.

ક્રૂઝ ભારત મિશનના ભાગ રૂપે, ગુજરાતે તેના પશ્ચિમ કિનારા પર વિવિધ સંભવિત ક્રૂઝ સર્કિટનો પ્રસ્તાવ મૂક્યો છે. તેમાં દીવ, વેરાવળ, પોરબંદર, દ્વારકા, જામનગર, ઓખા અને પડાલા ટાપુ જેવા મુખ્ય સ્થળો તેમજ કાર્યરત ઘોઘા-હજીરા રો-પેક્સ સેવાનો પણ સમાવેશ થાય છે.

**શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરિયા, ભાજપનાં ધારાસભ્ય કુમાર કાનાણી અને દર્શન નાયકે પણ રજૂઆત કરી હોવા છતાં હાઇવે ઓથોરિટીનાં અધિકારીઓ બેજવાબદાર**

# ગંભીર અકસ્માતને નિમંત્રણ આપતો કામરેજ ખાતે તાપી નદી ઉપરનો બ્રિજ



**હાઈવે ઓથોરિટીએ લોખંડની પ્લેટો બદલી પણ બ્રિજની મજબૂતાઈ વધારી નહીં**







શિક્ષણ રાજ્યમંત્રીએ પણ સૂચના આપી હતી

સુરત, તા.૯

વડોદરાનાં મૂજપુર નજીક મહિસાગર નદી ઉપરનાં ગંભીરા બ્રિજનો સ્પાન તૂટી પડવાની દુર્ઘટના બાદ સુરતનાં કામરેજ પાસે તાપી નદી ઉપરનો બ્રિજ ચર્ચામાં આવ્યો છે. બ્રિજનાં બે સ્પાન વચ્ચે લોખંડની પ્લેટ લગાવીને ગાડું ગબડાવાઇ રહ્યું હોવાથી ગંભીર અકસ્માતને નિમંત્રણ આપવામાં આવી રહ્યું હોય તેવી સ્થિતિ નેશનલ હાઇવે ઓથોરિટીનાં અધિકારીઓએ સર્જી હોવાનો આક્ષેપ સ્થાનિક રહીશો તેમજ વાહનચાલકો કરી રહ્યાં છે. શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરિયાએ થોડા સમય અગાઉ કામરેજ બ્રિજની રૂબરૂ મુલાકાત લઇને હાઇવે ઓથોરિટીનાં અધિકારીઓને સૂચના આપી હતી. બીજીતરફ ભાજપનાં ધારાસભ્ય કુમાર કાનાણી અને કોંગ્રેસનાં પ્રદેશ મહામંત્રી દર્શન નાયકે પણ આ બ્રિજને તત્કાળ રીપેર કરવાની માંગણી કરી હતી તેમણે જણાવ્યું હતું કે, શરૂઆતમાં લોખંડની પ્લેટ બે ફુટની હતી પરંતુ ત્યારપછી હાઇવે ઓથોરિટીનાં અધિકારીઓએ મોટી પ્લેટ લગાવીને ગાડું દોડાવ્યું છે. હાલમાં લોખંડની પ્લેટ ઉછળી રહી હોવાથી અકસ્માતાનાં ભયથી વાહનચાલકો ધીમે ધીમે વાહનો હંકારે છે જેને કારણે પણ બ્રિજ ઉપર ટ્રાફિક જામની સમસ્યા રહે છે. કામરેજ ખાતે તાપી નદી ઉપરનાં બ્રિજનાં બે સ્પાનને જોડતાં જોઇન્ટ ઉપર લોખંડની પ્લેટ લગાવવામાં આવી હતી પરંતુ પ્લેટ છુટી હોવાથી ટ્રક અને ભારેખમ ટ્રેલરની આવનજાવન વખતે પ્લેટ ઉછળતી હોવાથી વાહનચાલકો પણ ગભરાઇને વાહનો ધીમેથી હંકારતા હોય છે. લોખંડની બે પ્લેટ લગાવવામાં આવી હોવાથી તેમાં અકસ્માતનો ભય રહેતો હતો જેથી હાઇવે ઓથોરિટીનાં અધિકારીઓએ ફરિયાદને ધ્યાનમાં રાખીને મજબુત રીપેરિંગ કરવાને બદલે લોખંડની નવી પ્લેટ નાંખી હતી. નવી પ્લેટનાં બંને છેડે માત્ર લોખંડની નાની પટ્ટીથી જોડાણ આપ્યું હોવાથી મોટા વાહનો પસાર થતાં લોખંડની પ્લેટ ઉછળી રહી છે. લોખંડની પ્લેટ બ્રિજનાં રોડથી છુટી હોવાથી ભારે વાહનોની અવરજવર વખતે ઉછળે છે. કામરેજનો બ્રિજ પણ જર્જરિત હોય તેને રિપેરિંગની જરૂરિયાત છે. તેને બંધ કરી કીમ-એના એક્સપ્રેસ હાઇવે તત્કાળ શરૂ કરવા ચોર્યાસીના ધારાસભ્ય સંદીપ દેસાઇએ કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલને રજૂઆત કરી હતી.અને તેમણે કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીને ટેલિફોનિક જાણ કરી હતી.



# વિકાસશીલ દેશો પર વધતાં દેવા પાછળ ક્યાંક આબોહવા પરિવર્તન તો જવાબદાર નથી ને?

સ્પેનિશ શહેર સેવિલેમાં ફાઈનાન્સિંગ ફોર ડેવલપમેન્ટ પર ચોથી આંતરરાષ્ટ્રીય પરિષદ શરૂ થઈ રહી છે, ત્યારે આપણે શીખી રહ્યા છીએ કે વિકાસશીલ દેશો કેવી રીતે મોટા દેવાના બોજ હેઠળ દબાયેલા છે. આ દેવું તેમને આગળ વધતા અટકાવી રહ્યું છે. વિશ્વની વર્તમાન નબળી નાણાકીય વ્યવસ્થા પણ તેમના માટે નાણાં એકત્ર કરવાનું મુશ્કેલ બનાવે છે. આવી સ્થિતિમાં આ દેશોની સરકારો પાસે ફક્ત બે જ વિકલ્પો બાકી છે. કાં તો તેઓ જૂનું દેવું ચૂકવે, અથવા તેમના લોકોની મૂળભૂત જરૂરિયાતો પર ખર્ચ કરે.

૨૦૧૦થી વિકાસશીલ દેશોમાં સાર્વભૌમ દેવું વિકસિત દેશો કરતા બમણી ઝડપથી વધ્યું છે અને વૈશ્વિક દેવાનો તેનો હિસ્સો ૨૦૧૦માં ૧૯ ટકાથી વધીને ૨૦૨૩માં ૩૦ ટકા થવાનો અંદાજ છે, પરંતુ પ્રશ્ન એ ઊભો થાય છે કે વિકાસશીલ દેશો આટલી ઝડપથી દેવાના બોજ હેઠળ કેમ દબાઈ રહ્યા છે? આ પ્રશ્નનો જવાબ ઘણીવાર ૧૯૭૦ ના દાયકામાં તેલના ભાવમાં થયેલા ભારે વધારા સાથે જોડાયેલો છે. આ પરિસ્થિતિ તેલ આયાત કરતા વિકાસશીલ દેશો માટે એક મોટા નાણાકીય સંકટ જેવી બની ગઈ. તે સમયગાળા દરમિયાન, તેલમાંથી આરબ દેશોની કમાણી પશ્ચિમી દેશોની બેંકોમાં જમા થતી હતી. આ 'પેટ્રોડોલર' પાછળથી વિકાસશીલ દેશોને આપવામાં આવતી લોનનો મુખ્ય સ્રોત બન્યા.

દેવાના આ દુષ્ટ ચક્રનું એક મોટું ઉદાહરણ બ્રાઝિલ છે. ૧૯૭૨થી ૧૯૮૮ વચ્ચે, બ્રાઝિલે ફક્ત ૧૨૪ બિલિયન ડોલરના મૂળ દેવા પર વ્યાજ તરીકે ૧૭૯ બિલિયન ડોલર ચૂકવ્યા હતા અને આ રકમ વિકસિત દેશોને આપવામાં આવી હતી. ચાલો હવે સીધા ૨૦૨૦ના દાયકામાં પાછા ફરીએ. છેલ્લા ૪૦ વર્ષમાં પરિસ્થિતિમાં બહુ ફેરફાર થયો નથી. દેવાની ચુકવણીનો ખર્ચ આટલો ઊંચો હોવાનું એક મુખ્ય કારણ એ છે કે ધિરાણ આપનારા દેશો ખૂબ ઊંચા વ્યાજ દરો વસૂલ કરી રહ્યા છે. રિપોર્ટ દર્શાવે છે કે વિકાસશીલ દેશો યુએસ કરતા ૨ થી ૪ ગણા અને જર્મની કરતા ૯ થી ૧૨ ગણા ઊંચા દરે ઉધાર લે છે. 'આ દેવાનો બોજ જુદા જુદા દેશો પર અલગ અલગ રીતે પડે છે, અને આંતરરાષ્ટ્રીય નાણાકીય માળખામાં રહેલી અસમાનતાને કારણે તેને ચૂકવવાની ક્ષમતા વધુ જટિલ બને છે,' અહેવાલ કહે છે.

અમેરિકાની સ્ટોકટન યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્ર અને વૈશ્વિક અભ્યાસના પ્રોફેસર રામ્યા વિજયાએ માર્ચ ૨૦૨૫માં ડેનિશ ડેવલપમેન્ટ રિસર્ચ નેટવર્ક સાથેની મુલાકાતમાં આ વાત કહી હતી. વિકાસશીલ દેશો માટે સાર્વભૌમ ક્રેડિટ રેટિંગ અને અસમાન નાણાકીય પહોંચના વ્યાપક પરિણામોની ચર્ચા કરતા, તેમણે કહ્યું કે આપણે દેશના રેટિંગની લાંબા ગાળાની અસરોની તપાસ કરવી ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે આ નક્કી કરે છે કે સરકારો, ખાસ કરીને ગ્લોબલ સાઉથમાં ઓછી કર આવક ધરાવતી સરકારો, આરોગ્ય, શિક્ષણ અને વિકાસ સંબંધિત અન્ય મુખ્ય ક્ષેત્રો પર કેટલો ખર્ચ કરી શકે છે.

આ દર્શાવે છે કે વિકસિત દેશોને રેટિંગ એજન્સીઓ તરફથી વધારાની છૂટ મળે છે જેથી તેઓ મંદી દરમિયાન ખર્ચ વધારી શકે અથવા કર ઘટાડી શકે જેથી આર્થિક વિકાસને પ્રોત્સાહન મળે. આને કારણે, આવા દેશો કટોકટીમાંથી ઝડપથી બહાર આવે છે. બીજી બાજુ, ગ્લોબલ સાઉથના દેશો તેમના રેટિંગ ગુમાવવાના ડરથી સરકારી ખર્ચમાં વધારો કરી શકતા નથી, જેના કારણે તેમના માટે કટોકટીમાંથી બહાર નીકળવું વધુ મુશ્કેલ બને છે. આવી ચક્રીય નીતિઓ, એટલે કે, અર્થતંત્ર મંદીમાં હોય ત્યારે ખર્ચમાં ઘટાડો કરવો અને તેજી હોય ત્યારે ખર્ચમાં વધારો કરવો, દેવાની સમસ્યાને વધુ તીવ્ર બનાવે છે. - તંત્રી

## સૃષ્ટિનાં કેટલાંક મહાન ભક્તો, શિષ્યો, ઋષિઓએ મહાદેવ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કર્યું અને ગુરુ-પરંપરાની શરૂઆત થઈ

# મહાદેવથી શરૂ થયેલી ગુરુ-પરંપરા



અલખને સંગ

હેમુ ભીખુ

'ગુરૂ' એ 'ગુ' અને 'રુ' અક્ષરના સમાસથી બનેલો શબ્દ છે. 'ગુ'નો અર્થ થાય છે અંધકાર અને 'રુ' એટલે દૂર કરનાર. ગુરૂ એટલે જે અજ્ઞાન રૂપી અંધકારને દૂર કરી જ્ઞાન રૂપી પ્રકાશ ફેલાવે તે મહાત્મા. તેમનાં જ્ઞાન અને સ્થિતિને આધારે મહાદેવને જેમ આદિ-યોગી કહેવાય છે તેમ આદિ-ગુરૂ પણ કહેવાય છે. ગુરુ-પરંપરા મહાદેવથી શરૂ થઈ જે આજદિન સુધી સ્થાપિત છે.

મહાદેવના પ્રથમ શિષ્ય કોણ હતાં તે વિશે વિવિધ ગ્રંથોમાં મતમતાંતર જોવાં મળે છે. એક સંભાવના પ્રમાણે માતૃશક્તિના સ્વરૂપ સમાન, મહાદેવના અર્ધાંગિની, દેવી પાર્વતીએ સૌપ્રથમ મહાદેવ પાસેથી યોગ, તંત્ર, સાધના, આધ્યાત્મ, નૈતિકતા અને સાત્વિકતા વિશે જ્ઞાન મેળવ્યું હતું. આ વાત સ્વાભાવિક પણ લાગે છે. જે વ્યક્તિ સતત સહવાસમાં હોય તે આપમેળે, સંવાદથી કે અવલોકનથી, ઘણી બધી વાતો શીખી લે. અહીં તો સહવાસ અર્ધાંગિનીનો હતો, જે જ્ઞાન માટે પૂર્ણ જીજ્ઞાસુ પણ હતાં. સ્વાભાવિક રીતે જ્ઞાનનો પહેલો લાભ તેમને મળ્યો હોય. વિવિધ સમયે, વિવિધ સ્વરૂપે ઘટીત થયેલ શિવ-શક્તિ સંવાદથી આ વાત સ્થાપિત થાય છે. તે ઉપરાંત નંદિશ્વર, સનતકુમાર, બ્રહ્મા, વિષ્ણુ, સપ્તર્ષિ એમ ઘણાંએ મહાદેવ પાસેથી પ્રત્યક્ષ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. આ ગુરુપૂર્ણિમાના દિવસે ગુરુ-પરંપરાની શરૂઆત પર થોડું ધ્યાન કેન્દ્રિત કરીએ. મહાદેવ દ્વારા અનેક દેવતાઓ, ઋષિગણ, યોગી, ભક્ત, જિજ્ઞાસુ, રાજવી, યક્ષ-ગંધર્વ અને અન્ય ગણને જ્ઞાન અપાયું છે.

શિવજીના સાત ઋષિ શિષ્યોને "સપ્ત ઋષિ" તરીકે ઓળખવામાં આવે છે. તેમને સનાતની પરંપરાનાં મુખ્ય યોગીક તેમજ આધ્યાત્મિક બાબતોનાં - શિવજ્ઞાનના - પ્રથમ ગ્રાહક, રક્ષક તથા પ્રચારક માનવામાં આવે છે. શિવજી પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરી, તપસ્યા, ચિંતન અને અનુકરણ દ્વારા તે જ્ઞાનના માર્ગે આગળ વધી તેમણે પૂર્ણતા પ્રાપ્ત કરી અને અન્ય અનેકને તે માટે પ્રેરિત કર્યાં. આ સપ્તર્ષિની સૂચિ જુદાં જુદાં ગ્રંથોમાં જુદી જુદી જોવાં મળે છે. આમાંની કોઈ એક સૂચિ પર આધાર રાખવાને બદલે અહીં લગભગ બધાં જ ઋષિઓ વિશે થોડો ઉલ્લેખ જરૂરી જણાય છે.

ભગવાન બ્રહ્માના માનસ પુત્ર, મહાસતી અનસુયાના સ્વામી, ભગવાન દત્તાત્રેય, ચંદ્ર તથા દુર્વાસાના પિતા, મહાન તપસ્વી અને વેદના જ્ઞાતા અત્રિ ઋષિ મહાન શિવ-શિષ્ય હતાં. બ્રહ્મવિદ્યા તથા યોગ-જ્ઞાનના પ્રસારક અત્રિ ઋષિની ગણના મહાદેવના શિષ્યોમાં ગૌરવ પૂર્વક થાય છે. ભૃગુ સંહિતાના રચયિતા, જ્યોતિષશાસ્ત્રના પ્રણેતા, પ્રખર ગ્રહ-જ્ઞાની, ભવિષ્યવેત્તા તથા ન્યાયના પ્રખર આગ્રહી એવાં ભૃગુઋષિ પણ મહાદેવના શિષ્ય છે. મહાદેવના શિષ્યની સૂચિમાં અંગિરા ઋષિનું પણ નામ અંકિત થયેલું છે. તેઓ ઋગ્વેદના ઋષિ ગણાય છે. સાથે સાથે તેમની યજ્ઞ-નિપુણતા, ધ્યાન-સિદ્ધિ તથા દેવતાઓ સાથે સંવાદ સ્થાપવાની ક્ષમતા ઉલ્લેખનીય છે. રઘુવંશના કુલગુરુ, યોગવાશિષ્ઠના રચયિતા, જ્ઞાન અને યોગના સમન્વયની વાત કરનાર, વિવિધ રાજકુળમાં જ્ઞાનના મહિમાનો પ્રસાર કરનાર મહાન શિવભક્ત વશિષ્ઠ ઋષિનું નામ પણ આ સૂચિમાં છે. રાવણના પિતામહ પુલસ્ત્ય ઋષિ - કે જેમણે પુરાણો તથા ઇતિહાસને સુગ્રંથિત કર્યા અને આ માટે તેમણે બ્રહ્માજી પાસેથી પણ જ્ઞાન પ્રાપ્ત કરેલું - નો સમાવેશ પણ જોવા મળે છે.

તે ઉપરાંત તપસ્વી જીવનને અનેરું મહત્વ પ્રદાન કરનાર પુલહ ઋષિ, શાંતિ તથા સદાચારના આગ્રહી તેમ જ યજ્ઞ વિધિમાં નિપુણ ગણાતા ક્રતુ ઋષિ, તપ વ્રત તેમજ આશ્રમ વ્યવસ્થાના પ્રચારક ગૌતમ ઋષિ, રાજામાંથી બ્રહ્મર્ષિની પદવી પામેલ, શકુંતલાના પિતા તેમજ મહાન તપસ્વી વિશ્વામિત્ર ઋષિ, આયુર્વેદ, ધર્મશાસ્ત્ર તથા સેવા થકી ધર્મની સ્થાપના માટે પ્રેરણા આપનાર ભરદ્વાજ ઋષિ, શિવ ઉપાસક પરશુરામના પિતા મહાન જમદગ્નિ ઋષિ, મહાભારતના રચયિતા, વેદોને સંકલિત કરનાર અને પુરાણ તથા બ્રહ્મસૂત્રના સર્જક વેદવ્યાસ મુની, દક્ષિણ ભારતમાં વૈદિક પરંપરા તેમજ શિવભક્તિનો વિસ્તાર કરનાર અગસ્ત્ય ઋષિ, દેવી-પ્રકૃતિ તથા શિવ-તત્વના સમન્વયના પ્રખર વિચારક અને માતંગ-તંત્રના સ્થાપક માતંગ મુનીનો સમાવેશ પણ આ સૂચિમાં એક યા બીજાં ગ્રંથમાં જોવાં મળે છે.

આ ઉપરાંત શિવજીના ગણમાં પ્રમુખ એવા નંદીશ્વર, દાનવોના ગુરૂ શુક્રાચાર્ય તેમજ દેવોના ગુરૂ બૃહસ્પતિ, વૈરાગ્ય તેમજ જ્ઞાન માટે આદર્શ ગણાતા વ્યાસજીના પુત્ર શુકદેવજી, તંત્ર દ્વારા અનેક શક્તિના સાધક ભૈરવ, હઠયોગ તથા તાંત્રિક વિદ્યા માટે પ્રખ્યાત નાથ સંપ્રદાયનાં ગોરક્ષનાથ, મચ્છેન્દ્રનાથ, જાલંધરનાથ જેવાં મહાન સાધક, સનાતની સંસ્કૃતિમાં અદ્વૈત દર્શનના પ્રખર હિમાયતી આદિ શંકરાચાર્ય જેવાં મહાદેવના અનેક શિષ્યોએ પ્રથમ સ્વયં આધ્યાત્મિકતાના રંગે રંગાઈને પછી સમગ્ર માનવ જાતને તે રંગ પહોંચાડવા નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કર્યા છે. મહાદેવથી જ્ઞાનની જે પરંપરા શરૂ થઈ તે આજદિન સુધી શુદ્ધતા અને પવિત્રતાના ભાવ સાથે ચાલુ છે. મહાદેવથી જે ગુરુ-પરંપરા સ્થાપિત થઈ તે આજે પણ તેટલી જ દ્રઢતાથી સ્થાપિત થયેલી જોવા મળે છે. મહાદેવ દ્વારા આધ્યાત્મિકતાનો જે પ્રવાહ ચાલુ કરાયો તે આ જ પર્યંત તે જ સ્વરૂપે વહે છે.

સમજી શકાય છે કે કેવાં કેવાં મહાન ભક્તોએ, શિષ્યોએ, ઋષિઓએ મહાદેવ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કર્યું અને આ ગુરુ-પરંપરાની શરૂઆત થઈ. આ બધાં શિષ્યોએ મહાદેવ દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ સ્વરૂપે મેળવેલું જ્ઞાન આજ દિન સુધી જેમની તેમ સ્થિતિમાં સચવાયેલું છે જે માનવજાત માટે એક મહાન આશીર્વાદ સમાન છે. સાધનાના વિવિધ માર્ગ હોય કે શાસ્ત્રીય યોગીક પદ્ધતિ, તપસ્યાની રીત હોય કે આધ્યાત્મની સમજ, જ્ઞાનનો વ્યાપ હોય કે વૈરાગ્યની સ્થાપના, શિવ સ્વરોદય હોય કે વિજ્ઞાન ભૈરવ, શિવસૂત્ર હોય કે શિવગીતા, મહાદેવના શિષ્યોએ આ બધું જ જ્ઞાન અને તેનું તારણ અને તેની અનુભૂતિ વ્યવસ્થિત રીતે પોતાના જીવનમાં સ્થાપિત કરી પછી માનવ જાતને મદદરૂપ થવા માટે તેનો પ્રસાર કરવાનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરેલો છે. સ્વાભાવિક છે કે આ માટે તેમણે લાયકાત ચકાસી હોય. ગુરુપૂર્ણિમાના દિવસે આ ગુરુ-પરંપરાનો પ્રારંભ યાદ કરવામાં દિવ્ય અને પવિત્ર આનંદ પ્રાપ્ત થાય.

hemantwala.16@gmail.com




ધર્મ દર્શન

ગુરૂદેવ શ્રી શ્રી રવિશંકર

'ગુરૂ પૂર્ણિમા' એ દિવસ છે જ્યારે શિષ્ય પોતાની 'સંપૂર્ણતા' પ્રત્યે સજાગ હોય છે.એ દિવસે શિષ્ય પોતાની 'સંપૂર્ણતા'ની સજાગતામાં ગુરૂ અને જ્ઞાનના પ્રત્યે કૃતજ્ઞતાથી ભરપૂર હોય છે. પરંતુ તેની કૃતજ્ઞતા દ્વૈતની નથી હોતી,તે 'અદ્વૈત' પ્રત્યે હોય છે.

શિષ્યની સંપૂર્ણતાનો દિવસ છે ગુરૂ પૂર્ણિમા

આવી જ એક વાર્તા છે. એક ગુરુજી હતા. તેમની પાસે ઘણા લોકો કંઈક ને કંઈક સમસ્યાઓ લઈને આવતા હતા. એક વાર એક વ્યક્તિ તેમની પાસે આવ્યો અને તેણે કહ્યું,'હું મારી પરીક્ષામાં અસફળ નીવડ્યો,એટલે હું બહુ દુખી છું.'તો ગુરુજીએ તેને જણાવ્યું,'અરે તું તો ઘણો ભાગ્યશાળી છું કે તારી સાથે આવું થયું, હવે તું વધારે મહેનત કરીને ભણીશ'. પછી બીજી કોઈ વ્યક્તિ આવી.તેણે કહ્યું કે મારી પત્ની મને છોડીને જતી રહી છે,તો ગુરુજીએ તેને પણ એ જ જવાબ આપ્યો કે 'તું ઘણો ભાગ્યશાળી છું, તને હવે ઓછામાં ઓછું એવું જ્ઞાન તો થયું કે સ્ત્રીઓ સાથે કેવું વર્તન કરવું જોઈએ.' સૌથી છેલ્લે એક શિષ્ય આવ્યો અને તેણે કહ્યું,'ગુરુદેવ,હું બહુ ભાગ્યશાળી છું કારણ કે તમે મારા જીવનમાં છો.' ગુરુજીએ તેને કશું કહ્યું નહીં પરંતુ જોરથી એક થપ્પડ મારી.તો એ શિષ્ય આનંદથી નાચવા માંડ્યો.હકીકતમાં એ શિષ્યને ગુરુની થપ્પડથી એ અનુભૂતિ થઈ કે 'એ' અને 'ગુરુ' અલગ નથી. ત્યાં કોઈ 'દ્વૈત' નથી.જેવી રીતે એક નદી એક સ્થાનથી બીજા સ્થાન સુધી વહે છે,પરંતુ સમુદ્ર પોતાની અંદર જ વહ્યા કરે છે, તેવી જ રીતે શિષ્ય માટે ગુરૂ પૂર્ણિમાનો દિવસ પોતાની સંપૂર્ણતા પ્રત્યે કૃતજ્ઞતાનો દિવસ છે.

ગુરૂ શિક્ષણ નહીં પણ દીક્ષા આપે છે

એક શિક્ષક શિક્ષણ આપે છે, જ્યારે એક ગુરૂ દીક્ષા આપે છે. ગુરૂ તમને માહિતીથી નથી ભરી દેતા,પરંતુ તે તમારી અંદર જીવન શક્તિ જાગૃત કરે છે.ગુરુની ઉપસ્થિતિમાં તમારા શરીરનો કણ કણ જીવંત થઈ જાય છે.એને જ દીક્ષા કહેવાય છે. દીક્ષાનો અર્થ માત્ર માહિતી આપવી એવો નથી,એનો અર્થ છે 'બુધ્ધિમત્તાનું શિખર' પ્રદાન કરવું. જ્યાં સુધી જીવનમાં વિવેક નથી આવતો,સહજતા નથી ખીલતી અને પ્રેમ નથી વહેતો ત્યાં સુધી આપણું જીવન અધૂરું રહે છે. આપણા જીવનમાં વિવેક,પ્રજ્ઞા,સહજતા અને પ્રેમ ત્યારે જ આવે છે જ્યારે જીવનમાં જ્ઞાન હોય, આપણે અંતર્મુખી હોઈએ અને આપણું મન શાંત હોય;એ જ 'ગુરૂ તત્વ' છે.

ગુરૂ અને જીવનને અલગ ના કરી શકાય

આપણું જીવન જ ગુરૂ તત્વ છે. પોતાના જીવન તરફ ધ્યાનથી જુઓ.તમે જે કંઈ સાચું કે ખોટું કર્યું છે,તે અનુભવોથી જીવને તમને ઘણું શીખવાડ્યું છે. જો તમે તમારા જીવનથી નથી શીખતા તો એનો અર્થ એ છે કે તમારા જીવનમાં ગુરૂ નથી. માટે પોતાના જીવનને જુઓ અને જે જ્ઞાન જીવને તમને આપ્યું છે તેનો આદર કરો. આપણું મન ચંદ્રમા સાથે જોડાયેલું છે,જ્યારે મન જ્ઞાનથી પરિપૂર્ણ થાય છે ત્યારે ગુરૂ પૂર્ણિમા થાય છે. પરંતુ જ્યારે આપણું મન જ્ઞાનનો આદર કરવાનું બંધ કરી દે છે ત્યારે આપણા જીવનમાં અજ્ઞાનતા અને અંધકાર આવી જાય છે. ત્યારે પૂનમ નથી રહેતી,અમાસ આવી જાય છે.

જે મળ્યું છે તેનો આદર કરવાનો દિવસ છે ગુરૂ પૂર્ણિમા

ઘણી વાર આપણે જ પૂર્ણતાથી આપણું મન ફેરવી લઈએ છીએ, ઈચ્છાઓની હરિફાઈમાં દોડ્યા કરીએ છીએ અને જ્ઞાનનો અનાદર કરવા લાગીએ છીએ. આપવાવાળો તો તમને આપી જ રહ્યો છે,તેણે તમને ઘણું આપ્યું છે. તમને ઘણા આશીર્વાદ આપવામાં આવ્યા છે. જો તમે તે બધાનો ઉપયોગ કરશો તો તમને હજી વધારે આશીર્વાદ આપવામાં આવશે. જો તમને બોલવાનું આવડે છે તો તમારી વાણીનો ઉપયોગ આરોપ મુકવામાં કે ફરિયાદ કરવામાં ના કરો,તેનો 'સદ્ઉપયોગ' કરો.જો તમે શરીરે રુષ્ટપુષ્ટ હોવ તો સેવા કરો;આ રીતે તમને જે કંઈ મળ્યું છે તેનો ઉપયોગ સમાજસેવા માટે કરો. ઈશ્વર સંસારમાં જ રહે છે.માટે સંસારની સેવા કરવી એ જ ઈશ્વરની પૂજા કરવી છે. જ્ઞાનનું સન્માન કરવાથી તમારા જીવનમાં ઉન્નતિ થાય છે.જ્યારે તમે આના વિશે સજાગ થઈ જાવ છો ત્યારે આપોઆપ તમારામાં કૃતજ્ઞતા, ભક્તિ અને પ્રેમનો ભાવ જાગૃત થવા માંડે છે.

જાગો અને જુઓ,આપણા જીવનમાં કેટલી મધુરતા,નિષ્ઠા અને પ્રેમ છે. આપણી અંદર જે થાય છે તેને જ આપણે આપણી ચારે બાજુએ પણ મેળવવા લાગીએ છીએ અને પછી તે આપણાથી અન્ય લોકોને મળવા માંડે છે. આ ધરતી પર જેટલા સંત-મહાત્મા, પીર-પયગંબર થયા છે;થઈ રહ્યા છે અને ભવિષ્યમાં થનાર છે અને એની સાથે જ તમારી પોતાની અંદર જે જ્ઞાની અને જે બુધ્ધ,જે ગુરુનો વાસ છે; તે તમામની સાથે પોતાના અભેદ સંબંધને જાણવો એ જ ગુરૂ પૂર્ણિમાનો સંદેશ છે.

**દીક્ષાનો અર્થ માત્ર માહિતી આપવી એવો નથી, એનો અર્થ છે 'બદ્ધિમત્તાનું શિખર' પ્રદાન કરવું**

# ધ્યાન કરવું મનમાં, ખૂણામાં અને વનમાં



**જીવનમાં એટલી દોડધામ વધી ગઈ છે કે તેમને સાચો આરામ કે હળવાશ મળતાં નથી**

જીવનધર્મ

સ્વામી નિખિલેશ્વરાનંદ

બહાર ભટકતી ચિત્તવૃત્તિને અંદર રહેલા આત્મસ્વરૂપમાં એકાગ્ર કરવી એ છે ધ્યાન. ધ્યાનમાં વ્યક્તિ પોતાના આંતરસ્વરૂપ સાથે સંપર્કમાં આવે છે, એટલે તે સમય પૂરતી બાહ્ય વસ્તુઓ છૂટી જાય છે. જ્યારે વ્યક્તિ ભારે મુસીબતોમાં સપડાઈ ગઈ હોય, ક્યાંયથી રસ્તો સૂઝતો ન હોય, બહારની મદદના સઘળા દરવાજા બંધ થઈ ગયા હોય, ત્યારે તે પોતાના અંદર દરવાજા ખખડાવે, તો ત્યાંથી તેને સાચો માર્ગ મળે છે. સાચો ઉકેલ મળે છે. આ અંતરના દરવાજા ખોલવાની ચાવી ધ્યાનમાં રહેલી છે. બાઈબલમાં વાક્ય છે કે 'ખખડાવો એટલે ખૂલશે, માગો એટલે મળશે.' પણ મોટેભાગે મનુષ્યો આ અંતર્દ્વાર ખખડાવવાને બદલે બહાર જ ભટકે છે અને બહાર જ માગે છે, એટલે સાચાં સુખ અને શાંતિ મળતાં નથી.

આજે મોટાભાગના મનુષ્યો માનસિક તાણ અનુભવે છે. મનમાં અશાંતિ અનુભવે છે. જીવનમાં એટલી દોડધામ વધી ગઈ છે કે તેમને સાચો આરામ કે હળવાશ મળતાં નથી. કામનો સતત ભાર આજના મનુષ્યને શારીરિક રીતે પણ થકવી નાંખે છે. ચીડિયો સ્વભાવ, રોગિષ્ઠ અને દુર્બળ શરીર, અશાંત મન અને અસલામત જીવન એ આધુનિક મનુષ્યનાં સામાન્ય લક્ષણો બની ગયાં હોય તેવું લાગે છે. આ સ્થિતિમાંથી મનુષ્યને બહાર કાઢવા માટે આજે વિશ્વભરમાં યોગ કેન્દ્રો, ધ્યાન કેન્દ્રો શરૂ થયાં છે. વિકસિત દેશોના શ્રીમંત લોકો ઊંચી 'ફી' આપીને પણ આવાં કેન્દ્રોમાં જોડાઈને માનસિક શાંતિ પ્રાપ્ત કરી રહ્યા છે. ધ્યાન મનુષ્યને પ્રગાઢ શાંતિ અને સ્વસ્થતા આપે છે, આજના યુગના માનસિક તનાવમાંથી મુક્ત કરે છે. ધ્યાન વિશે સ્વામી વિવેકાનંદ કહે છે, "કલાકેકની ધ્યાનાવસ્થા પછી જ્યારે તમે તેમાંથી બહાર આવશો ત્યારે તમને તમારા જીવનના સુંદરમાં સુંદર આરામની અવસ્થાનો અનુભવ થયો લાગશે. તમારા શરીર યંત્રને સારામાં સારો આરામ આપવાનો એક માત્ર રસ્તો તે છે. ગાઢમાં ગાઢ નિદ્રા પણ તમને એવો આરામ નહીં આપે, ગાઢમાં ગાઢ નિદ્રામાં સુદ્ધાં મન કૂદ્યા જ કરતું હોય છે. માત્ર ધ્યાનમાં પેલી થોડી મિનિટો દરમિયાન જ મગજ લગભગ બંધ પડે છે. માત્ર એક જરાક જેટલી પ્રાણશક્તિ ચાલતી હોય છે, ત્યારે તમે શરીરને ભૂલી જાઓ છો, ત્યારે તમને કાપીને કોઈ ટુકડા કરી નાંખે છતાં પણ જરાય ખબર નહીં પડે, તમને એ અવસ્થામાં એવો આનંદ આવશે. તમે પોતાને સાવ હલકા ફૂલ હો, તેવું અનુભવશો. ધ્યાનમાં આપણને આવો સંપૂર્ણ આરામ મળે છે.' આમ શારીરિક અને માનસિક આરામ મેળવવા માટે વ્યક્તિએ બીજું કંઈ પણ કરવા કરતાં થોડો સમય પોતાના અંતરમાં ડૂબકી મારી દેવી જોઈએ. એટલે કે બહારના વાતાવરણમાં પ્રસરેલી પોતાની ચેતનાને અંતરમાં એકાગ્ર કરતાં કોઈ પણ જાતનું 'ટેન્શન' દૂર થઈ જાય છે.

સામાન્ય પરિસ્થિતિમાં પણ મનુષ્યે રોજ સવાર-સાંજ નિયમિત રીતે ધ્યાન કરવું જોઈએ. આ વિશે શ્રીમા શારદાદેવી કહે છે, "ધ્યાન અને પ્રાર્થના કરવાની પણ ખૂબ જરૂર છે. ઓછામાં ઓછું સવારે અને સાંજે તો એ બધું કરવું જ જોઈએ. આ જાતનો અભ્યાસ એ હોડીના સુકાન જેવો છે. સાંજે પ્રાર્થનામાં બેસતી વખતે આખા દિવસમાં પોતે સારાં કે નરસાં કેવાં કામો કર્યાં છે તેનો માણસ વિવેકબુદ્ધિથી વિચાર કરી શકે છે. તમારા કામકાજની સાથોસાથ જો તમે ધ્યાન કરો નહીં, તો પછી તમે શુભ કરી રહ્યા છો કે અશુભ, તેની તમને ખબર કેમ પડે?' ધ્યાનમાં આંતર્નિરીક્ષણ થાય છે, મનનું વિશ્લેષણ થાય છે. આપણાં કાર્યો આપણા ધ્યેયની દિશામાં થઈ રહ્યાં છે કે નહીં તે જાણી શકાય છે. ધ્યાનથી જાગૃતિ આવે છે. જો ખોટી દિશામાં નૌકા જઈ રહી હોય તો દિશા ખોટી છે, એની જાણ થતાં તુરત જ હોડીનું સુકાન ફેરવીને યોગ્ય દિશા પકડી શકાય છે. આથી મનુષ્યના જીવનમાં ધ્યાન અનિવાર્ય બની રહે છે.

ધ્યાનથી માનસિક સ્વાસ્થ્યની સાથે સાથે શારીરિક સ્વાસ્થ્ય પણ સુધરે છે. 'ધ્યાન, ધર્મ અને સાધના' નામના પુસ્તકમાં સ્વામી બ્રહ્માનંદજી જણાવે છે, 'ધ્યાનથી ફક્ત મનમાં જ શાંતિ આવે છે, તેવું નથી, તેનાથી શારીરિક લાભ પણ થાય છે. રોગ – દોષ દૂર થાય છે. શારીરિક સ્વાસ્થ્ય માટે પણ ધ્યાન વગેરે કરવું જોઈએ. પાશ્ચાત્ય દેશોમાં ધ્યાનની સ્વાસ્થ્ય ઉપર શી અસર થાય છે તે અંગે અનેક સંશોધનો થઈ રહ્યાં છે. ડૉક્ટરોએ પરીક્ષણો કરીને જોયું છે કે ધ્યાન દ્વારા હૃદયના અનેક પ્રકારના રોગો દૂર થાય છે. બ્લડપ્રેશર સ્વાભાવિક થાય છે, શરીરના અવયવોમાં સામંજસ્ય આવે છે. તેથી માનસિક તણાવ પણ ઓછો થાય છે. કેટલાક વિચારકો નિયમિત ધ્યાનના અભ્યાસથી દીર્ઘાયુ બની શકાય છે, તેની પ્રક્રિયાની વૈજ્ઞાનિક સમજ પણ આપે છે.

ધ્યાનથી બાહ્ય મનની ગતિવિધિને તો જાણી શકાય છે. પણ સાથે સાથે અવચેતન મનમાં રહેલી વૃત્તિઓની પણ સમજણ મેળવી શકાય છે. અવચેતન મનમાં પડેલા જન્મજન્માંતરના સંસ્કારો કેવી રીતે બાહ્ય મનમાં ગમે ત્યારે ફૂટી નીકળે છે, એની સમજ વ્યક્તિ માત્ર ધ્યાન દ્વારા જ મેળવી શકે છે. આવું જ્ઞાન થતાં તે આ સંસ્કારોના પ્રભાવમાંથી જલદીથી મુક્ત પણ થઈ શકે છે.

મન જ્યારે પ્રગાઢ શાંતિમાં પહોંચે છે, ત્યારે આ સ્થિતિમાં તે ચેતન અવસ્થામાંથી અતિચેતન અવસ્થામાં પહોંચી જાય છે. ત્યાં મનના ગુણધર્મો બદલાઈ જાય છે. ત્યાં મન સ્થળ, કાળ અને કારણથી પર થઈને અનંતમાં પહોંચી જાય છે. ત્યાં તે પરમ સત્યનો સાક્ષાત્કાર કરે છે. અને શાશ્વત શાંતિને પામે છે. આ છે ધ્યાનની સર્વોચ્ચ સ્થિતિ. સમાધિની સ્થિતિ. બધા કંઈ આ અવસ્થાને પ્રાપ્ત કરી શકતા નથી. પરંતુ ધ્યાનનો નિયમિત રીતે થોડો સમય અભ્યાસ કરવાથી મન ઉપર નિયંત્રણ આવે છે, અવચેતન મનની મુશ્કેલીઓને દૂર કરી શકાય છે. અને રોજિંદા જીવનમાં શાંતિ અને સ્વસ્થતાનો અનુભવ કરી શકાય છે.

nikhileswarananda@gmail.com

## જે કઠોર સાધનાથી પણ ન થઈ શકે, તે ગુરુકૃપાથી, ગુરુના વચનમાં વિશ્વાસ રાખવાથી સહજે થઈ જાય!

# આપણી જીવનનૈયાને મળે ગુરુરૂપી આગબોટ!




ના મ હતું એનું, સત્યકામ. સહસ્રાબ્દીઓ પહેલાંની વાત છે; તે વખતે ગુરુકુળમાં જઈને અભ્યાસ કરવો બહુ મોટી વાત કહેવાતી. સત્યકામ પણ ભણવાની ઈચ્છાવાળો હતો. તેણે માતા જબાલાને કહ્યું, 'માં! મારે પણ ભણવું છે... હું શું કરું?' જબાલાએ કહ્યું, 'બેટા! આપણી પાસે વિદ્યા મેળવવા માટે પૂરતું ધન નથી. પણ આપણા શહેરથી થોડે દૂર ગૌતમ ઋષિનો આશ્રમ છે. તેઓ ખૂબ મહાન છે, ભલા છે. તું એમની પાસે જા...' સત્યકામ હોંશે-હોંશે ઋષિ ગૌતમની પાસે પહોંચ્યો. તેઓએ બાળકનાં નામ અને પરિવારનો પરિચય પૂછ્યાં. ત્યારે સત્યકામે કહ્યું, 'ઋષિવર! મારું નામ સત્યકામ છે. મારા પરિવાર કે પિતા વિશે તો મને કશી ખબર નથી પરંતુ મારી માતાનું નામ જબાલા છે, તેથી હું સત્યકામ જાબાલિ છું... મને ભણવાની ખૂબ ઈચ્છા છે. આપ કૃપા કરી મને ભણાવો.'

બાળકની પ્રમાણિકતા અને ભણવાની મહેચ્છા જોઈને ગૌતમ ઋષિ તેને આશ્રમમાં રાખવા તૈયાર થયા; પરંતુ કહ્યું, 'પહેલાં તું આપણા આશ્રમની ૪૦૦ ગાયોને જંગલમાં લઈ જા...તેમાંથી ૧૦૦૦ ગાયો થાય ત્યારે તું પાછો આવજે.' ભણવા આવેલા સત્યકામને ગુરુએ સીધો જ ગાયો ચરાવવા મોકલી દીધો! બીજા બધાને આશ્ચર્ય થયું, પરંતુ સત્યકામને ગુરુનાં વચનમાં શ્રદ્ધા હતી. તેણે શ્રદ્ધાપૂર્વક ગાયો ચરાવવાની સેવા ઉપાડી લીધી. જ્યારે ૧૦૦૦ ગાયો થઈ અને તે પાછો આવ્યો, ત્યારે તેના દિદાર જોઈને ગૌતમ ઋષિ ખૂબ પ્રસન્ન થઈને બોલ્યા, 'જુઓ તો ખરા! આ કિશોરના ચહેરા ઉપર બ્રહ્મવિદ્યાનું તેજ ઝળકી રહ્યું છે...' ગુરુના વચનપાલનમાત્રથી જ જાણે સત્યકામને વિના અભ્યાસે વિદ્યા વરી ગઈ હતી! માત્ર લૌકિક જ્ઞાન જ નહીં, પરંતુ આધ્યાત્મિક બ્રહ્મવિદ્યા પણ સત્યકામને ગુરુના વચનપાલનથી જ સિદ્ધ થયું!

જી હા, ગુરુવચનમાં વિશ્વાસ રાખવાનો આ જ લાભ છે! એકવાર કોઈકે શ્રી રામકૃષ્ણ પરમહંસને પ્રશ્ન પૂછ્યો, 'પરમહંસજી! જીવનમાં ગુરુનું શું મહત્વ છે?' ત્યારે શ્રીરામકૃષ્ણ પરમહંસ નદી કિનારે પડેલી નાની હોડકી ચીંધીને બોલ્યા હતા, 'આ હોડીને કલકત્તાના દરિયા સુધી પહોંચતાં કેટલી વાર લાગે?' 'પાંચ કલાક,' પૂછનારે જવાબ વાળ્યો. પરમહંસજીએ ફરી પૂછ્યું, 'પણ આ જ નાવને આગબોટ સાથે જોડી દેવામાં આવે તો?' તે યુવાન કહે, 'તો તો અડધો કલાકમાં પહોંચી જવાય!' મંદ સ્મિત સાથે પરમહંસજીએ સમજાવ્યું, 'બસ, ગુરુનું આ જ મહત્વ છે. જે કઠોર સાધનાથી પણ ન થઈ શકે, તે ગુરુકૃપાથી, ગુરુનાં વચનમાં વિશ્વાસ રાખવાથી થઈ સહજે થઈ જાય!'

વ્યાસ-પૂર્ણિમા એટલે કે ગુરુપૂર્ણિમા નિમિત્તે આપણે સૌ ગુરુને તો અવશ્ય યાદ કરીએ જ છીએ...પરંતુ 'ગુરુવચનમાં વિશ્વાસ રાખવો જોઈએ...' એ તથ્યને સ્વીકારીને તેમનાં વાંચનોને જીવનમાં અમલમાં મૂકીએ તો કેવું?



**પ્રમુખ દર્શન**
**સાધુ વેદકીર્તિદાસ**

કારણ કે, આપણે 'સામાન્ય'પણે તો 'સામાન્ય' સંજોગોમાં 'સામાન્ય' રીતે વર્તી જ શકીએ છીએ...પરંતુ પરિસ્થિતિઓની વિપરીતતામાં શું? વિપરીત લોકો, વિપરીત સંજોગો, વિપરીત સ્થળ અને વિપરીત સમય - જેવાં પરિબળો છે જેનાથી આપણું મન ઉચાટભર્યું, અસ્થિર અને અશાંતિમય બની જતું હોય છે. પરંતુ આ બાબત બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજને જ્યારે એક યુવાને પૂછ્યું, ત્યારે તેઓએ જણાવ્યું હતું કે 'ગુરુના વચનમાં વિશ્વાસ ન હોય તો તમે કાંઈ સમજ્યા જ નથી. વિશ્વાસ હોય, તો ગમે તે પરિસ્થિતિમાં સમજણ રહે, આપણને શાંતિ, શાંતિ, શાંતિ થાય અને ગુરુનો અંતરનો રાજીપો થાય...' ગુરુના વચનમાં વિશ્વાસ જ પરમ શાંતિનો રાજમાર્ગ છે.

અદ્યતન યુગની ઉત્તમ આચારસંહિતા સમાન ગ્રંથ 'સત્સંગદીક્ષા'માં પરબ્રહ્મ ભગવાન શ્રીસ્વામિનારાયણના છઠ્ઠા આધ્યાત્મિક અનુગામી ગુરુહરિ મહંત સ્વામી મહારાજ સ્વહસ્તે લખે છે :

यतो मां मिलितः साक्षाद् अक्षरपुरुषोत्तमः।
निश्चयेन तरिष्यामि दुःखजातं हि तद्बलात्॥
विचार्यैवं बलं रक्षेद् नाऽऽश्रितो निर्बलो भवेत्।
आनन्दितो भवेन्नित्यं भगवद्बलवैभवात्॥

અર્થાત્ 'કારણ કે મને સાક્ષાત્ અક્ષરપુરુષોત્તમ મહારાજ મળ્યા છે, તેમના બળે હું જરૂર દુઃખને તરી જઈશ...આ રીતે વિચારનું બળ રાખી આશ્રિત ભક્ત ક્યારેય હિંમત ન હારે અને ભગવાનના બળે આનંદમાં રહે.' (સત્સંગદીક્ષા ૪૭-૪૮) મહંત સ્વામી મહારાજ જેવા મહાન ગુરુવર્યના આ માત્ર શબ્દો જ નથી, જેણે-જેણે આ વચનમાં વિશ્વાસ રાખ્યો છે, તેઓને નિત્ય આનંદનો અને દુઃખમુક્તિનો અવશ્ય અનુભવ થયો છે.

જુલાઈ ૨૦૨૧ની વાત છે, જ્યારે મુંબઈ નિવાસી, સ્વામિનારાયણના સત્સંગી શ્રીમતી બીનાબહેનને શરીરમાં પીડાનો અનુભવ થવા માંડ્યો. બીજી બાજુ તેઓએ પોતાના એકના એક, લાડકવાયા દીકરાને સંસારનો ત્યાગ કરી સાધુ થઈ જવાની પ્રેરણા આપવાની તૈયારી પણ કરી દીધેલી! તેમને વિચાર્યું કે 'મારી પીડાની વાત જો હું હમણાં કરીશ તો દીકરાને સાધુ થવામાં વિઘ્ન ઊભું થશે.'

તેથી દીકરાની દીક્ષા થયા બાદ તેઓએ આ વાત ઘરમાં જણાવી. મેડિકલ ચેક-અપ દ્વારા જાણ થઈ કે તેઓને ચોથા તબક્કાનું કેન્સર છે! ગંભીર રોગ અને ભયંકર પીડા હોવા છતાં તેઓને તો આનંદ હતો – ભગવાન મળ્યાનો, ભગવાનના ખોળે દીકરો અર્પ્યાનો! હોસ્પિટલમાં દાખલ થઈને મરણ પથારીએ સૂતાં-સૂતાં પણ બીનાબહેને હોસ્પિટલનાં કર્મચારી બે બહેનોને ભગવાનનો મહિમા કહ્યો! તે બંને મહિલાઓને સત્સંગના રંગે રંગ્યા... અંતે મીરારોડ સ્વામિનારાયણ મંદિરનાં દર્શન કરવા માટે આવ્યા અને ત્યાં જ બીનાબહેને દેહ છોડ્યો! ગુરુનાં વચનમાં વિશ્વાસ રાખીને કેન્સરમાંય તેમણે ભગવાનનું બળ રાખ્યું, એ દુઃખને તરીને તેઓ ભગવાનના ધામમાં બેસી ગયાં! ગુરુવચનમાં વિશ્વાસ એ જ 'પ્રમુખ દર્શન' છે. આવો, આપણે પણ ગુરુપૂર્ણિમાના પુનિત અવસરે ગુરુનાં વચનોને શીર્ષસ્થ કરીએ...

# કન્યા રાશિઃ બુધની રાશિઃ સ્વકેન્દ્રી રાશિ



કુ મારિકાનું ચિહ્ન ધરાવતી કન્યા રાશિમાં એક કુમારિકાનાં શરમ, સંયમ, સંકોચ, એકાંતપ્રિયતા તથા અતડાપણું જોવા મળે છે. કુમારિકાના ચિહ્ન ઉપરાંત આ રાશિ સ્ત્રી જાતિ ધરાવે છે. આથી તેનામાં સ્ત્રીના ગુણો વધારે જોવા મળે છે જેમાં સ્વકેન્દ્રીપણું અને સંવેદના મુખ્ય છે. આ રાશિએ સ્વકેન્દ્રીપણાને કારણે અનેક વિજ્ઞાનીઓની અને સંવેદનાને કારણે અનેક સાહિત્યકારોની વિશ્વને ભેટ આપી છે. તેનો સ્વકેન્દ્રી અભિગમ ક્યારેક ધ્યાનાવસ્થા તો ક્યારેક યમ-નિયમને ધારણ કરે છે. આથી તેણે ઘણા સંતો પણ આપ્યા છે. તેનામાં આત્મોન્નતિ અને આત્મસન્માનના ગુણો પણ જોવા મળે છે. તેનું સ્વકેન્દ્રીપણું ક્યારેક તેને સ્વાર્થી પણ બનાવે છે. આ રાશિ બીજાના અવગુણો તેમજ ઉણપો જોતી રહે છે તો ક્યારેક વધારે પડતી સાવધાનીથી વર્તે છે. એટલે કે આ રાશિમાં વિવિધતા છે અને આ વિવિધતામાં સ્ત્રીત્વને લગતા ગુણો વધારે છે. પૃથ્વી તત્ત્વ ધરાવતી કન્યા રાશિના જાતકો ભૌતિકવાદી હોય છે. તેમને સુખસગવડનાં સાધનો મેળવવાનું તથા ભોગવવાનું ગમે છે. તે એશોઆરામની ચીજોના સંશોધનમાં પણ પડે છે. આમ તે સુખને શોધતા હોય છે અને સુખ આપતાં સાધનોનું સર્જન કરીને સુખની લાલસાને સંતોષતા પણ હોય છે. બીજી તરફ તેમના સ્વભાવમાં સાતત્યનો અભાવ હોય છે. આ કારણે તે પોતાની જરૂરિયાતોને પૂરી કરવામાં નિષ્ફળ રહેતા પણ દેખાય છે.



**જ્યોતિષશાસ્ત્ર**
**વિનોદ શાહ**

પૃથ્વી તત્ત્વના કારણે આ રાશિના જાતકો ખાણોના વેપારમાં સફળ રહે છે. જ્ઞાન, વિજ્ઞાન તથા પ્રકાશન સાથે જોડાયેલા વ્યવસાયો પણ તેમને લાભ આપે છે.

દ્વિસ્વભાવ ધરાવતી કન્યા રાશિના જાતકોમાં શાણપણ ખાસ જોવા મળે છે. તે મધ્યમ માર્ગ અપનાવે છે અને કોઈ પણ પ્રશ્નને સુલેહથી ઉકેલવામાં માને છે. શાશ્વત પ્રતિષ્ઠા તેમને ગમે છે અને આવી પ્રતિષ્ઠા તે મેળવે પણ છે. બુધ માટે કન્યા રાશિ સ્વગૃહી હોવાની સાથે જ ઉચ્ચની પણ છે. આમ આ રાશિમાં બુધનું નૈસર્ગિક બળ પોતાના ઉચ્ચત્તમ ફળ સાથે પ્રગટ થાય છે. જાતકોને તે ચતુરાઈ, ચકોરતા તેમજ યુક્તિ-પ્રયુક્તિની કુનેહ આપે છે.

બુધ નૈસર્ગિક રીતે વાણી, બુદ્ધિ તથા વેપારના કૌશલ્યનો ગ્રહ છે. તે કન્યા રાશિના જાતકોને સારી વાક્ચાતુરી, કોઈ પણ વિષયની ત્વરિત સમજ તેમજ ઊંડી વ્યાવસાયિક ગણત્રી આપે છે. તેની અસર નીચે કન્યા રાશિએ ઘણા કુશળ વક્તાઓ, મહાન ચિંતકો અને સફળ વેપારીઓ આપ્યા છે. આ રાશિના જાતકો સારા મેનેજર, સેલ્સમને તેમજ જાસૂસ પણ બની શકે છે. જો કે આ રાશિના જાતકો ક્યારેક બહુ જ બોલ બોલ કરતા હોય છે. બુધની સાથે જ રાહુ માટે પણ કન્યા રાશિ સ્વગૃહી છે. રાહુ આ રાશિમાં રહેલા સ્ત્રીગુણોને ક્યારેક સખતાઈમાં બદલી નાખે છે તો ક્યારેક જાતકના ભૌતિકવાદમાં વાસનાને ભરી દે છે. આવો જાતક પોતાના કૌશલ્યનો ઉપયોગ પોતાની વાસનાઓની પૂર્તિમાં કરે છે. રાહુ ક્યારેક જાતકની વાક્ચાતુરીને કડવા સત્યમાં બદલી નાખે છે અને તેને અપ્રિય બનાવી દે છે.

મિથુન અને કન્યા, બંને બુધની રાશિઓ છે. તેમાંથી મિથુન રાશિના જાતકોને બાળકો વધારે ગમતાં હોય છે જ્યારે કન્યા રાશિના જાતકોને સમાન વયના મિત્રો સાથે વધારે ફાવતું હોય છે. કન્યા રાશિમાં શુક્ર નીચનો બને છે. આ રાશિમાં શરમ, સંકોચ અને સંયમ છે તો શુક્રમાં વાસના, વિલાસ અને ઉત્તેજના છે. વળી કન્યા રાશિ એ યમ-નિયમની રાશિ છે. તે સ્વકેન્દ્રી તથા એકાંતપ્રિય છે. શુક્રની વિલાસ વૃત્તિને આ બધું માફક નથી આવતું અને તેથી તે આ રાશિમાં નિર્બળ બને છે. ગુરૂ પણ કન્યા રાશિમાં નિર્બળ બને છે. આ રાશિના ભૌતિકવાદની સાથે ગુરૂની સાત્ત્વિકતાનો મેળ ઓછો પડે છે. જો કે કન્યા રાશિની સંયમભાવના સાથે ગુરૂની સાત્ત્વિકતાનો સુમેળ સર્જાય છે ત્યારે અતિ શુભ એવું આધ્યાત્મિક ફળ જોવા મળે છે. અલબત્ત આ માટે કન્યા રાશિએ સાતત્યનો ગુણ ખાસ કેળવવો પડે છે. ગુરૂની જેમ જ નમ્રતા અને મોક્ષનો કારક ગ્રહ કેતુ પણ કન્યા રાશિમાં નિર્બળ બને છે. કન્યા રાશિના જાતકો એકવડા બાંધાનું પાતળું શરીર ધરાવતા હોય છે. તેમનું નાક લાંબું હોય છે. પગ પણ લાંબા હોય છે. તેમના હોઠ મોટા અને કપાળ ઊંચું હોય છે.

vhshahsays@gmail.com

# એક બંગલા બને ન્યારા



## વ્યક્તિ બધું પોતાના કબજામાં રાખવા ઈચ્છે છે જે માનસિક નબળાઈ છે, જ્યારે કબજો રહેતો નથી ત્યારે વ્યક્તિ દુઃખી થઈ જાય છે

'નિ શાની અપને ઘર કી ક્યા બતાઉં મૈં,
જહાં દિવારે ઉદાસ હો ચલે આના'

દુનિયામાં દરેક માણસને ખ્વાહિશ હોય છે કે પોતાનું એક ઘર હોય. નાનો માણસ નાના ઘરની અને મોટો માણસ મોટા ઘરની કલ્પના કરતો હોય છે. હવે તો સરકાર પણ ગરીબ માણસોને ઘર બનાવવા મદદ કરતી હોય છે. નોકરિયાત લોન લઈને ઘર બાંધતો હોય છે કે ખરીદતો હોય છે. આમ, પોતાના ઘરમાં રહેવાનું સ્વપ્નું ઘણાં લોકોનું સાચું પડતું હોય છે.


પણ ઘર બનાવવું આસાન કામ નથી. તૈયાર ફ્લેટ ખરીદ્યો હોય તો તેમાં પણ ઘણું કામ કરાવવું પડતું હોય છે. 'તેરે ઘર કે સામને' જૂની ફિલ્મના એક ગીતમાં કહે છે :

'ઘર કો બનાના કોઈ આસાન કામ નહીં,
દુનિયા બસાના કોઈ આસાન કામ નહીં.'

જે લોકો ઘર બંધાવે છે તે જાણે છે કે ઘર બંધાવતાં કેટલો ત્રાસ થાય છે! અનેક એજન્સીઓનો કોન્ટ્રાક્ટ કરવાનો! થોડા દિવસ ચાલે ને અટકે! એજન્સીને તમે વચ્ચેથી બદલી પણ ન શકો. તમારી આંખ સામે માલનું નુકસાન થાય પણ તમે કહી ન શકો. ઘર બાંધતી વખતે તમારી ધીરજ અને અહમ્‌ની કસોટી થઈ જાય. ભલે મોટા માણસો તમને માન આપતાં હોય પણ લેબરના માણસો તમારી એવી ઉપેક્ષા કરે અને તમારા અહમ્‌ના ચૂરેચૂરા કરી નાખે! ઘડીક તમને થાય કે ક્યાં આ જંજાળમાં ફસાયો? પણ આ તો અડધી હજામત કરાવ્યા પછી ઊભા પણ ન થવાય તેવું છે.

માણસ ઘર બાંધતાં બાંધતાં પોતે જ બંધાઈ જાય છે તેનો તેને શરૂઆતમાં ખ્યાલ નથી હોતો. પણ એકવાર શરૂ કર્યું તો પૂરું કર્યે જ છૂટકો. અમારા એક મિત્રે ઉત્સાહમાં પ્લોટ ખરીદી આર્કિટેક્ટ પાસે ઘરની ડિઝાઈન બનાવડાવી કોન્ટ્રાકટરને કામ સોંપ્યું. થોડું ઘર બન્યું પછી આર્કિટેક્ટ અને કોન્ટ્રાકટરને વાંધો પડ્યો અને તેમાં ઘરનું કામ લાંબા સમય સુધી અટવાઈ ગયું, છેવટે કંઈ સમાધાન કરીને જેમ તેમ ઘર પૂરું કર્યું.

પણ પ્રશ્ને એ ઉદ્‌ભવે છે કે મનુષ્ય ઘર બાંધવા શા માટે ઈચ્છે છે? બે વાત છે. દરેક વ્યક્તિમાં એક 'મારું' હોવાનો ભાવ હોય છે. ઘર પણ 'મારું' હોય તેમ વ્યક્તિ એટલા માટે જ ઈચ્છે છે. માત્ર ઘર નહીં, ગાડી-ઓફિસ-સાધનો એટલે સુધી કે પતિ કે પત્ની પણ 'મારા' આગવા હોવા જોઈએ. આની પાછળ મૂળભૂત રીતે પઝેશન -કબજાની ભાવના છે. વ્યક્તિ બધું પોતાના કબજામાં રાખવા ઈચ્છે છે. આ માનસિક નબળાઈ છે, જ્યારે કબજો રહેતો નથી ત્યારે વ્યક્તિ દુઃખી થઈ જાય છે.



**મન અને અધ્યાત્મ**
**ડો.દારા ભેસાણીયા**

આપણે સ્વતંત્ર રહેવું છે પણ બીજાને સ્વતંત્રતા આપવી નથી. બીજા આપણા કાબૂમાં રહે તેમ ઈચ્છીએ છીએ, તેનાથી અહમ્ પોષાય છે. પણ આ બધું જીવનવિકાસમાં નડતરરૂપ છે. જેમને સારી રીતે જીવવું છે, જીવનનો વિકાસ કરવો છે તેમણે અહમ્‌ને ફુલવા દેવો જોઈએ નહીં. પોતાના જેટલી જ સ્વતંત્રતા બીજાઓને આપવી જોઈએ. ખાસ કરીને પતિ-પત્નીના સંબંધમાં આ વાત ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ.

તમે કહેશો, ઘર બાંધવાની વાતમાં આ સાયકોલોજી ક્યાં ઘૂસી ગઈ? ઘર તો તમે એકવાર બાંધી લો, પણ તેમાં શાંતિથી જીવતાં ન આવડે તો પોતાના મકાનમાં કે ભાડાના મકાનમાં રહીએ, કોઈ ફરક પડતો નથી. ઘર ને વાડી કરતાં જીવન વધારે મહત્ત્વનું છે. ઘર બાંધીએ છીએ, શાંતિ અને આનંદથી રહેવા, પણ નવા ઘરમાં પણ શાંતિ કે આનંદ મળતાં નથી. કારણ કે, નવા ઘરમાં પણ આપણે જૂનું મગજ લઈને જ પ્રવેશીએ છીએ. આ જૂના મગજમાં પહેલેથી જ અશાંતિ ભરેલી છે. તો ઘર બાંધવા કરતાં મગજને બાંધવું અર્થાત્ સારું બનાવવું વધુ જરૂરી છે. તેના માટે વહેલી સવારમાં સમય કાઢવો પડે. પ્રકૃતિમાં ચાલવા જાવ, થોડો યોગાભ્યાસ કરો, સારું વાંચન કરો તો મન-મગજ સ્વસ્થ બને.

આપણું સાચું ઘર તો આપણું મગજ છે. સુંદર ઘરમાં રહીએ પણ સુંદર મગજ-સ્વસ્થ મગજ ન હોય તો સુંદર ઘર પણ આનંદ આપતું નથી. જેમ એક જૂના-પુરાણા મકાનમાં ઘણો કાટમાળ હોય છે તેમ આપણા મગજમાં જૂની સ્મૃતિનો કાટમાળ પડેલો છે. આ કાટમાળમાં કોઈકે મારેલા મહેણાં-ટોણાં, અપમાન, દુઃખ આવું બધું પડેલું છે. આ કાટમાળને સાફ કરવો પડે.


નવું ઘર બાંધવું હોય તો જૂના ઘરને તોડવું પડે, તેમ નવું સ્વસ્થ મગજ બનાવવા આ જૂની સ્મૃતિના કાટમાળને કાઢવો પડે. પણ તે ઘરનો કાટમાળ ખસેડવા જેવું સહેલું નથી. તેને માટે સ્વ-નિરીક્ષણ અને સ્વજાગૃતિ કેળવવી પડે.

અંતમાં, સાયગલ સાહેબ : 'એક બંગલા બને ન્યારા, રહે કુન્બા જિસમેં સારા.'

drdararhythm@gmail.com

## મહિલાઓ માટે આત્મશ્રદ્ધા, સંયમ, ભક્તિ અને પરિવાર પ્રત્યે પ્રેમનું પ્રતીક

# જયા પાર્વતીનું વ્રત



ભા રતીય સંસ્કૃતિમાં વ્રતનો વિશિષ્ટ સ્થાન છે. દરેક વ્રત કોઈ ને કોઈ શક્તિ કે તત્વ સાથે સંકળાયેલું હોય છે, જે વ્યક્તિના શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક કલ્યાણ માટે રાખવામાં આવે છે. તેમાંથી એક મહત્વપૂર્ણ વ્રત છે - જયાપાર્વતી વ્રત. તો આજે આપણે પર્વની પાઠશાળામાં આ વ્રત વિશે રોચક વાતો કરશું. જયાપાર્વતી વ્રત આષાઢ માસના શુક્લ પક્ષની પંચમીથી શરૂ થાય છે અને પાંચ દિવસ સુધી ચાલે છે. આ વ્રત પંચમીથી લઈને નવમી સુધી નિયમપૂર્વક રાખવામાં આવે છે. કેટલીક જગ્યાએ છેલ્લો દિવસ, એટલે કે દશમીએ ઉદ્યાપન કરાય છે. આ વ્રત ખાસ કરીને સ્ત્રીઓ માટે મહત્વ ધરાવે છે. આ વ્રત માતા પાર્વતીને સમર્પિત છે અને પતિની લાંબી આયુષ્ય તથા કુટુંબના સુખ-સમૃદ્ધિ માટે મનાવવામાં આવે છે. આ વ્રત યુવતીઓ દ્વારા પણ શ્રદ્ધા અને નમ્રતાથી રાખવામાં આવે છે જેથી તેમને સાદગીભર્યું અને સુખમય દાંપત્યજીવન મળે.

વ્રતના વિધિ વિધાન વિશે વાત કરીએ તો, પ્રથમ દિવસે પંચમી પર વ્રત આરંભ અને ઘંડોળાની સ્થાપના કરવામાં આવે છે. માટી અથવા ધાતુમાંથી બનાવેલ ઘંડોળાને લાલ ચુંદડી, હળદર-કુંકુમથી શણગારી પુષ્પો, ફળો અને સુખડી ધરાવવામાં આવે છે. માતા પાર્વતીને સ્મરી આરતી કરી જયાપાર્વતી વ્રત કથાનું પઠન થાય છે. વ્રતી સ્ત્રીઓ મીઠું ટાળીને સાદું ભોજન કરે છે. બીજી દિવસે પણ ઘંડોળાની પૂજા થાય છે અને દરરોજ નવ વસ્તુઓ અર્પણ કરવી શ્રેષ્ઠ માનવામાં આવે છે. પુષ્પો સાથે દીવો, ધૂપ અને આરતી કરીને માતાજીની કથા સાંભળવામાં આવે છે. આ દિવસે પણ સ્ત્રીઓ ઉપવાસ કરે છે અથવા ફળાહાર પર રહે છે. ત્રીજા દિવસે ઘરના મહિલાઓ સાથે મળીને સંગઠિત આરતી અને ભજન કરતી હોય છે. કાંઈક નવી વસ્તુ જેવી કે ઝાંઝ, ફૂલની માળા કે મીઠાઈ ધરાવી અને માતાજીને અર્પિત કરવામાં આવે છે. પૂજા પછી કથા વાંચીને "જયાપાર્વતી માતની જય"ના ભાવભર્યા ગરબા થાય છે. વ્રતી સ્ત્રીઓ દિવ્ય વિચાર અને આત્મવિશ્વાસથી દૈનિક ઉપવાસ નિભાવે છે.

ચોથા દિવસે વ્રતી સ્ત્રીઓ ખાસ કરીને પતિ અને સંતાનોના આયુષ્ય, આરોગ્ય અને સફળતાની કામનાથી વિશેષ પૂજા કરે છે. આ દિવસે ઘંડોળાને નવા ભોજન સાથે ભક્તિપૂર્વક શણગારવામાં આવે છે. જયાપાર્વતી વ્રત કથા વધુ ભક્તિભાવ સાથે પુનઃ વાંચવામાં આવે છે. કેટલીક મહિલાઓ આ દિવસે વધુવાર મંત્રજાપ કરે છે. પાંચમાં દિવસે ઘંડોળાનું વિધિવત્ વિસર્જન કરવામાં આવે છે. ઉદ્યાપન માટે પાટલા પર સ્નેહભરપૂર્વક અન્ય સ્ત્રીઓને બેસાડી પુષ્પ, પ્રસાદ, સૂકા મેવો અને વસ્ત્ર આપી માતાજીની કૃપા વિતરણ થાય છે. દુર્લભ બનેલી કુંવારિકાઓને આ દિવસે પ્રસાદ આપવો પણ શુભ માનવામાં આવે છે. અંતે, આરતી અને ભજન સાથે વ્રતનો વિધિવત્ સમાપન થાય છે.



**પર્વની પાઠશાળા**
**ડો. કૃપેશ ઠક્કર**

**આ વ્રત માતા પાર્વતીને સમર્પિત છે અને પતિની લાંબી આયુષ્ય તથા કુટુંબના સુખ-સમૃદ્ધિ માટે મનાવવામાં આવે છે**

જો વ્રતના મહત્વ વિશે વાત કરીએ તો આ વ્રત મહિલાઓ માટે દામ્પત્ય સુખનું પ્રતિક છે. વિવાહિત સ્ત્રીઓ પતિના આરોગ્ય, આયુષ્ય અને સફળ જીવન માટે આ વ્રત રાખે છે. યુવતીઓ માટે આ વ્રતથી યોગ્ય જીવનસાથીની પ્રાપ્તિ થાય છે. ઘરમાં શાંતિ, એકતા અને આધ્યાત્મિકતા વધે છે. સ્ત્રીઓમાં સહનશીલતા, નિયમિતતા, શ્રદ્ધા અને ભાવના વધે છે.

જયાપાર્વતી વ્રત સાથે ઘણી પૌરાણિક કથાઓ સંકળાયેલી છે. એક સમયે એક બ્રાહ્મણદંપતીની પુત્રી યમુનાએ લગ્ન માટે યોગ્ય પતિની અભિલાષાથી જયાપાર્વતી વ્રત શરૂ કર્યું. તેણી ખુબ જ ભક્તિ અને શ્રદ્ધાથી દરરોજ માતા પાર્વતીની પૂજા કરતી અને કથા સાંભળતી. એક દિવસ યમુનાની સાથે તેની સખી એક વનમાહોલમાં ગઈ જ્યાં તેણે અજાણતા રીતે એક શિવલિંગ પર પગ મુક્યો. તેથી કુપિત થયેલા ભગવાન શિવે તેને શાપ આપ્યો કે તે નિર્મળપણા ગુમાવી બેઠી છે. દુઃખી યમુનાએ માતા પાર્વતીની કરુણા માટે ફરી વ્રત કર્યા. અંતે માતા પાર્વતી પ્રસન્ન થઈને તેનો શાપ દૂર કર્યો અને યમુનાને વિષ્ણુ સમાન ગુણો ધરાવતા પતિની પ્રાપ્તિ કરાવી. ત્યારબાદથી સ્ત્રીઓએ આ વ્રત શ્રદ્ધાપૂર્વક રાખવાનું શરૂ કર્યું. માતા પાર્વતીની સ્તુતિ માટે આ શ્લોક પ્રચલિત છે.

"नमस्ते पार्वती देवि तव व्रतं करिष्यामि।
पतिसौभाग्यसिद्ध्यर्थं मम सौम्यं कुरुष्व वा॥"

અર્થાત હે દેવી પાર્વતી! હું તમારું વ્રત કરું છું. પતિના સુખ-સૌભાગ્ય માટે કૃપા કરીને મને સુમંગલિ બનાવો.

આમ જયાપાર્વતી વ્રત એ માત્ર ધાર્મિક વિધિ નથી પણ તે મહિલાઓ માટે આત્મશ્રદ્ધા, સંયમ, ભક્તિ અને પરિવાર પ્રત્યેના પ્રેમનું પ્રતીક છે. આ વ્રત દ્વારા સ્ત્રીઓ પોતાના કુટુંબ માટે શુભકામનાઓ કરે છે અને આત્મિક શાંતિ પ્રાપ્ત કરે છે. આજે પણ દેશભરના અનેક વિસ્તારોમાં આ વ્રત ઋતુચક્ર પ્રમાણે ભક્તિભાવે ઊજવાય છે.

dr.krupesh@gmail.com

**વિવાહિત સ્ત્રીઓ પતિના આરોગ્ય, આયુષ્ય અને સફળ જીવન માટે આ વ્રત રાખે છે**

આજથી લોર્ડસમાં ત્રીજી ટેસ્ટ મેચ રમાશે : બુમરાહ લોર્ડ્સમાં રમશે તે નક્કી : જો કુલદીપને તક મળે તો કોણ બહાર રહેશે?

# ભારતીય ટીમ ૨-૧ની લીડ મેળવવાનો પ્રયાસ કરશે

## ટીમ મેનેજમેન્ટ જાડેજા અને સુંદરને યથાવત રાખી શકે છે : ઝડપી બોલરોને સ્વિંગ મળવાની આશા



લોર્ડ્સ,તા.૯

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પાંચ મેચની ટેસ્ટ શ્રેણીની ત્રીજી મેચ ગુરુવારથી ઐતિહાસિક લોર્ડ્સ મેદાન પર રમાશે. આ ટેસ્ટ જીતીને, ભારતીય ટીમ ઈંગ્લેન્ડ પર ૨-૧ ની લીડ મેળવવાનો પ્રયાસ કરશે. લીડ્સમાં ઈંગ્લેન્ડે પાંચ વિકેટથી જીત મેળવી હતી, જ્યારે ટીમ ઈન્ડિયાએ એજબેસ્ટનમાં ૩૩૬ રનથી જીત મેળવીને ઈતિહાસ રચ્યો હતો. ત્રીજી ટેસ્ટ માટે ભારતીય ટીમમાં એક ફેરફાર થવાની શક્યતા છે. જસપ્રીત બુમરાહ પરત ફરી શકે છે. તે જ સમયે, ટીમ મેનેજમેન્ટે એ પણ વિચારવું પડશે કે કુલદીપ યાદવને તક આપવી કે નહીં. ત્રીજી ટેસ્ટ મેચ ભારતીય સમય મુજબ બપોરે ૩:૩૦ વાગ્યે શરૂ થશે. બુમરાહની વાપસી યજમાન ટીમના બેટ્સમેનોની આકરી કસોટી કરશે. લીડ્સમાં ભારત હારી ગયું હોવા છતાં, ટીમે અત્યાર સુધીની બંને મેચોમાં મોટાભાગે પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે. જો ભારતીય ટીમે પહેલી ટેસ્ટમાં કેટલાક કેચ છોડ્યા ન હોત અને નીચલા ક્રમના બેટ્સમેનોએ સારું પ્રદર્શન કર્યું હોત, તો ટીમ ઈન્ડિયા શ્રેણીમાં ૨-૦થી આગળ હોત. નવા કેપ્ટન શુભમન ગિલના નેતૃત્વ હેઠળની ભારતીય ટીમના અનુભવનો અભાવ જોતાં, એવું લાગતું હતું કે ઈંગ્લેન્ડ તેમના પર પ્રભુત્વ મેળવશે, પરંતુ ભારતે અત્યાર સુધી જે રીતે પ્રદર્શન કર્યું છે તે જોતાં, ટીમે અત્યાર સુધી રોહિત શર્મા અને વિરાટ કોહલીની ખોટ અનુભવી નથી. આ ભારતની મજબૂત બેન્ચ સ્ટ્રેન્થને પણ દર્શાવે છે. ગિલ અને કંપની દ્વારા બનાવેલા રનના પર્વતે બેન સ્ટોક્સને સપાટ પિચ તૈયાર કરવાની અને વિરોધી ટીમને સ્પર્ધામાંથી બહાર ફેંકવાની તેમની વ્યૂહરચના પર પુનર્વિચાર કરવાની ફરજ પાડી. સપાટ પીચો પર ભારતીય બેટ્સમેનોની જબરદસ્ત સફળતા યજમાન ટીમ માટે હાનિકારક સાબિત થઈ છે. હવે તેને એવી વિકેટ પર રમવું પડી શકે છે જ્યાં સારી સીમ અને સ્વિંગ મૂવમેન્ટ હોવાની અપેક્ષા છે. આ ઉપરાંત, પ્રતિષ્ઠિત લોર્ડ્સમાં ઢાળનો અનોખો પડકાર પણ છે. ભારતીય ટીમના બેટ્સમેન અત્યાર સુધી સારા ફોર્મમાં દેખાઈ રહ્યા છે. જોકે, નંબર ત્રણની સમસ્યા હજુ પણ યથાવત છે. સાઈ સુદર્શન પહેલી ટેસ્ટમાં સારું પ્રદર્શન કરી શક્યો ન હતો, ત્યારબાદ તેને બીજી ટેસ્ટ માટે બહાર કરી દેવામાં આવ્યો. બીજી ટેસ્ટમાં, કરુણ નાયરને ત્રીજા નંબરે સારી શરૂઆત મળી હતી પરંતુ તે તેને મોટી ઈનિંગમાં રૂપાંતરિત કરી શક્યો ન હતો. ઉછળતા બોલ સામે તે થોડો અસ્વસ્થ લાગતો હતો. જોકે, તેને ત્રીજી ટેસ્ટ માટે પણ જાળવી શકાય છે. ટીમ મેનેજમેન્ટ વિજેતા સંયોજન સાથે વધુ ચેડા કરવાનો પ્રયાસ કરશે નહીં. ઈંગ્લેન્ડ શોર્ટ પીચ બોલથી યશસ્વી જયસ્વાલની કસોટી કરવાનો પ્રયાસ કરશે. જોકે, યશસ્વી જેવા નીડર બેટ્સમેન પાસે કોઈપણ પીચ પર બોલરોને છગ્ગા ફટકારવાની શક્તિ છે. બુમરાહની વાપસી સાથે, પ્રખ્યાત કૃષ્ણાને બહાર નીકળવાના દરવાજાનો સામનો કરવો પડી શકે છે. તે હજુ સુધી પૂર્ણ ફોર્મમાં જોવા મળ્યો નથી.

'બ્લૂઝ' ના નવા સભ્યએ શાનદાર ગોલ કરી બ્રાઝિલની ટીમની આશા પર પાણી ફેરવી દીધું

# ફ્લુમિનેન્સને ૨-૦થી હરાવીને ચેલ્સી ક્લબ વર્લ્ડકપ-૨૦૨૫ની ફાઈનલમાં



નવી દિલ્હી,તા.૯

ચેલ્સીએ ફ્લુમિનેન્સને ૨-૦થી હરાવીને ક્લબ વર્લ્ડકપ ૨૦૨૫ની ફાઈનલમાં જગ્યા બનાવી છે. આ સેમિફાઈનલ મેચનો હીરો જોઆઓ પેડ્રો હતો. આ ખેલાડીએ બંને ગોલ કર્યા. 'બ્લૂઝ' ના નવા સભ્યએ બંને હાફમાં શાનદાર ગોલ કરીને બ્રાઝિલની ટીમની આશાઓ પર પાણી ફેરવી દીધું. ચેલ્સીનો મુકાબલો હવે રીઅલ મેડ્રિડ સીએફ અને પેરિસ સેન્ટ-જર્મન વચ્ચેના સેમિફાઈનલ મેચના વિજેતા સાથે થશે. પ્રથમ ૧૦ મિનિટમાં તેમનો બોલ પર કબજો હતો.જોઆઓ પેડ્રોનો પહેલો ગોલ ૧૮મી મિનિટે થયો, તેણે ૨૦ યાર્ડ દૂરથી શોટ લીધો અને ફૂટબોલ ગોલપોસ્ટના ખૂણામાં મોકલી દીધો. ૨૫મી મિનિટે, હર્ક્યુલસે ગોલ કરવાની એક શાનદાર તક બનાવી પરંતુ કુક્યુરેલાએ ગોલલાઈન પર તેને સાફ કરી દીધી. પહેલા હાફના અંતે ફ્લુમિનેન્સને પેનલ્ટી મળી. રિઝ્નેનો ક્રોસ ચલોબાના હાથ પર વાગ્યો, પરંતુ વીએઆર ચેક પછી નિર્ણય બદલાઈ ગયો. જોઆઓ પેડ્રોએ ૫૬મી મિનિટે મેચનો બીજો ગોલ કર્યો. ૨૩ વર્ષીય ખેલાડી ગોલ તરફ આગળ વધ્યો અને ક્રોસબાર ઉપરથી બોલ ગોલપોસ્ટમાં નાખ્યો. જોઆઓ પેડ્રોએ તેની કારકિર્દીની શરૂઆત ફ્લુમિનેન્સથી કરી હતી. ઈંગ્લેન્ડ આવતા પહેલા તેણે ક્લબ માટે ૩૬ મેચ રમી હતી. જોઆઓ પેડ્રોએ ૫૬મી મિનિટે મેચનો બીજો ગોલ કર્યો. ૨૩ વર્ષીય ખેલાડીએ બોલને ગોલ તરફ દોરી ગયો અને ક્રોસબાર ઉપરથી ગોલપોસ્ટમાં અથડાયો.

રોનિત વિશ્વના ૯મા ક્રમાંકિત રોમાનિયાના ખેલાડીને ૬-૩ અને ૬-૪ થી હરાવીને પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યો

# ભારતીય મૂળનો રોનિત કાર્કી પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં દેશબંધુ સાથે ટકરાશે



લંડન,તા.૯

આ દિવસોમાં સૌથી મોટી ટેનિસ ટુર્નામેન્ટ વિમ્બલ્ડન, લંડનમાં રમાઈ રહી છે. જ્યાં સિનિયર ખેલાડીઓમાં સર્બિયાના નોવાક જોકોવિચ, સ્પેનના કાર્લોસ અલ્કારાઝ અને ઈટાલીના જેનિક સિનર શાનદાર પ્રદર્શન કરી રહ્યા છે.

અલ્કારાઝે સેમિફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. જ્યારે જોકોવિચ અને સિનર આજે તેમના ક્વાર્ટર ફાઈનલ મેચ રમવાના છે. બીજી તરફ જુનિયર વિમ્બલ્ડન મેચ પણ રમાઈ રહી છે, જેમાં ભારતીય મૂળનો ૧૭ વર્ષીય રોનિત કાર્કી પણ ઉત્તમ રમતનું પ્રદર્શન કરીને વિશ્વ, દેશ, રાજ્ય અને ગામનું નામ રોશન કરી રહ્યો છે. તે આ ટુર્નામેન્ટમાં અમેરિકન ટીમનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છે. રોનિતે પહેલા રાઉન્ડમાં શાનદાર રમત દર્શાવી અને સ્વિટ્ઝર્લેન્ડના ખેલાડી એફ થોમસને ૬-૩, ૩-૬ અને ૭-૬ થી હરાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો. જ્યાં તેણે વિશ્વના ૯મા ક્રમાંકિત રોમાનિયાના ખેલાડીને ૬-૩ અને ૬-૪ થી હરાવીને પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો. હવે તેનો મુકાબલો તેના જ દેશના જેક કેનેડી સામે થશે. જો તે આ મેચ પણ જીતી જશે તો તે સીધો ક્વાર્ટર ફાઈનલમાં પહોંચશે. ખાસ વાત એ છે કે રોનિત કાર્કી ૧૨મા ધોરણનો વિદ્યાર્થી છે અને તે વર્લ્ડ જુનિયર ટેનિસ ફેડરેશનમાં ૫૧મા ક્રમે છે. તેણે જુનિયર વિમ્બલ્ડનમાં ક્વોલિફાયર રાઉન્ડ મેચ જીતીને ટુર્નામેન્ટમાં પ્રવેશ કર્યો. તમને જણાવી દઈએ કે જુનિયર વિમ્બલ્ડન ચેમ્પિયનશિપમાં ખેલાડીઓની ઉંમર ૧૪ થી ૧૮ વર્ષની વચ્ચે હોય છે. રોનિત કાર્કીનો પરિવાર ઘણા સમય પહેલા અમેરિકા શિફ્ટ થઈ ગયો હતો. તેમના માતાપિતાનું જન્મસ્થળ ઉત્તરાખંડના પંખુમાં આવેલું જબુકા ગામ છે. રોનિતના પિતા ત્રિલોક સિંહ કાર્કી અને માતા કંચન કાર્કી અમેરિકામાં વ્યવસાયે એન્જિનિયર છે. રોનિતની નાની બહેન રોબી કાર્કી પણ યુએસ જુનિયર ટેબલ ટેનિસ ટીમની ખેલાડી છે. રોનિતના દાદા રામ સિંહ કાર્કી બે દાયકા પહેલા નોકરી માટે મુંબઈ ગયા હતા. ત્યાં એક ફિલ્મ અભિનેતા માટે ડ્રાઈવર તરીકે કામ કર્યા પછી, થોડા વર્ષો પછી તેણે એક ટ્રાવેલ એજન્સી ખોલી. બંને દીકરાઓને એન્જિનિયર બનાવ્યા. તેમનો મોટો દીકરો ત્રિલોક એન્જિનિયર બન્યો અને અમેરિકા સ્થાયી થયો, અને નાનો દીકરો તેના ગામમાં છે. રોનિતના કાકા વિનોદ સિંહ કાર્કી, જે પંખુમાં રહે છે, રોનિત સાથે વાત કર્યા પછી સંપૂર્ણ માહિતી આપી રહ્યા છે.

ભારતના ચુસ્ત ડિફેન્સ સામે આયર્લેન્ડ ફક્ત એક જ ગોલ કરી શક્યું

# ભારત-એ પુરુષ હોકી ટીમનો આયર્લેન્ડ સામે ૬-૧થી શાનદાર વિજય



નવી દિલ્હી,તા.૯

ભારત એ પુરુષ હોકી ટીમે હોકી ક્લબ ઓરાન્જે-રૂડ ખાતે આયર્લેન્ડ પર ૬-૧ થી શાનદાર જીત સાથે તેમના યુરોપ પ્રવાસની શરૂઆત કરી. ભારતે ચારેય ક્વાર્ટરમાં શાનદાર પ્રદર્શન કર્યું અને કોઈ ભૂલ કરી નહીં. ટીમ માટે ઉત્તમ સિંહે પહેલો ગોલ કર્યો અને આ પછી અમનદીપ લાકરાએ ટીમની લીડને વધુ મજબૂત બનાવી. આ પછી, આદિત્ય લાલગેએ સતત બે ગોલ કરીને ટીમને વિજય અપાવ્યો. ફોરવર્ડ સેલ્વમ કાર્તિ અને બોબી સિંહ ધામીએ પણ એક-એક ગોલ કરીને ટીમની જીતમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ભારતના ચુસ્ત ડિફેન્સ સામે આયર્લેન્ડ ફક્ત એક જ ગોલ કરી શક્યું. ભારતનો આગામી મુકાબલો ૯ જુલાઈએ આયર્લેન્ડ સામે થશે, જ્યાં તેને બીજા સકારાત્મક પરિણામની આશા રહેશે. આ મેચ જીતીને, ભારત યુરોપ પ્રવાસમાં પોતાની લય જાળવી રાખવા માંગશે. આ પછી, આગામી બે અઠવાડિયામાં, ભારતીય ટીમ ફ્રાન્સ, ઈંગ્લેન્ડ, બેલ્જિયમ અને યજમાન નેધરલેન્ડ્સને પડકારશે. આ મેચોનો હેતુ ખેલાડીઓની તાકાત અને તૈયારીનું પરીક્ષણ કરવાનો છે. હાલમાં, રાષ્ટ્રીય સેટઅપ ભારતીય સિનિયર ટીમ માટે એક મજબૂત પ્રતિભા પૂલ બનાવવા માટે કામ કરી રહ્યું છે. આ પ્રવાસ દ્વારા, હોકી ઈન્ડિયાનો ઉદેશ્ય ભારતીય પુરુષ રાષ્ટ્રીય ટીમ માટે પ્રતિભા પૂલનો વિસ્તાર કરવાનો અને ભારતીય હોકી ખેલાડીઓની આગામી પેઢીને આંતરરાષ્ટ્રીય મેચનો અનુભવ પૂરો પાડવાનો છે. આ મેચ જીતીને, ભારત યુરોપ પ્રવાસમાં પોતાની લય જાળવી રાખવા માંગશે. આ પછી, આગામી બે અઠવાડિયામાં, ભારતીય ટીમ ફ્રાન્સ, ઈંગ્લેન્ડ, બેલ્જિયમ અને યજમાન નેધરલેન્ડ્સને પડકારશે. કેપ્ટન માને છે કે આવા આંતરરાષ્ટ્રીય અનુભવ ભવિષ્યમાં તેમની મુખ્ય ટીમને મજબૂત બનાવવામાં અને લાંબા ગાળે સારી બેન્ચ સ્ટ્રેન્થ બનાવવામાં મદદ કરશે.

ક્વોલિફિકેશનમાં ૧૪૩૧નો સ્કોર કર્યો : મિશ્ર ટીમ સ્કોર માટે ૧૪૪ તીરનો અગાઉનો રેકોર્ડ તોડ્યો

# તીરંદાજી વર્લ્ડ કપમાં ઋષભ અને જ્યોતિનો 'મિશ્ર ટીમમાં વર્લ્ડ રેકોર્ડ'



નવી દિલ્હી,તા.૯

ભારતના ઋષભ યાદવ અને જ્યોતિ સુરેખા વેન્નમે તીરંદાજી વર્લ્ડકપના ચોથા અને અંતિમ તબક્કામાં શાનદાર પ્રદર્શન કર્યું. ક્વોલિફિકેશન રાઉન્ડમાં એક નવો કમ્પાઉન્ડ મિક્સ્ડ ટીમ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો. ભારતીય જોડીએ ક્વોલિફિકેશનમાં કુલ ૧૪૩૧નો સ્કોર કર્યો, જેનાથી મિશ્ર ટીમ સ્કોર માટે ૧૪૪ તીરનો અગાઉનો રેકોર્ડ તોડ્યો. આ રેકોર્ડ અગાઉ ડેનમાર્કની તાંજા ગેલેન્થિયન અને મેથિયાસ ફુલર્ટનના નામે હતો, જેમણે ક્રાકો-માલોપોલ્સ્કા ૨૦૨૩ યુરોપિયન ગેમ્સમાં ૧૪૨૯નો સ્કોર કર્યો હતો. મિશ્ર ટીમને તાજેતરમાં ઓલિમ્પિકમાં સામેલ કરવામાં આવી છે. અમે સમય જતાં આવી નાની સિદ્ધિઓ હાંસલ કરી રહ્યા છીએ. અમે સિઝનની શરૂઆત મિશ્ર ટીમ ગોલ્ડ મેડલ (ફ્લોરિડા ૨૦૨૫) સાથે કરી હતી, પરંતુ પછીના બે તબક્કામાં અમે મિશ્ર ટીમમાં એકસાથે શૂટિંગ કરી શક્યા નહીં. હવે ચોથા તબક્કામાં અમે ફરીથી સાથે છીએ. અમે બંનેએ સારું પ્રદર્શન કર્યું. અમે અમારી સુસંગતતાથી ખુશ છીએ," ઋષભને 'વર્લ્ડ આર્ચરી' દ્વારા ટાંકવામાં આવ્યું હતું. ઋષભ અને જ્યોતિએ કમ્પાઉન્ડ પુરુષો અને મહિલાઓની વ્યક્તિગત ક્વોલિફિકેશનમાં ટોચનું સ્થાન મેળવ્યું,

શુભમન ટેસ્ટ મેચની બંને ઇનિંગ્સમાં ૧૫૦થી વધુ રન બનાવનાર ઇતિહાસનો બીજો ખેલાડી

# ગીલ કારકિર્દીના શ્રેષ્ઠ ટેસ્ટ રેકિંગ પર : હેરી નં.-૧

## એજબેસ્ટન ટેસ્ટમાં ૮૯ અને ૬૯ રન બનાવનાર જાડેજા છ સ્થાન ઉપર આવીને ૩૯મા સ્થાને પહોંચ્યો



દુબઈ,તા.૯

ભારતીય કેપ્ટન શુભમન ગિલે આઈસીસી મેન્સ ટેસ્ટ બેટિંગ રેકિંગમાં પોતાના કરિયરનું શ્રેષ્ઠ રેકિંગ હાંસલ કર્યું છે. ઈંગ્લેન્ડના બેટ્સમેન હેરી બ્રુક પોતાના દેશબંધુ જો રૂટને હરાવીને ટેસ્ટ ફોર્મેટમાં નંબર-૧ બની ગયો છે. શુભમન ગિલે ઈંગ્લેન્ડ સામે એજબેસ્ટન ટેસ્ટમાં ૨૬૯ અને ૧૬૧ રનની ઈનિંગ્સ રમી હતી. તે ટેસ્ટ મેચની બંને ઈનિંગ્સમાં ૧૫૦ થી વધુ રન બનાવનાર ઈતિહાસનો બીજો ખેલાડી બન્યો. ગિલ બેટ્સમેનોના ટેસ્ટ રેકિંગમાં ૧૫ સ્થાનની છલાંગ લગાવીને છઠ્ઠા સ્થાને પહોંચી ગયો છે. આ પહેલા, સપ્ટેમ્બર ૨૦૨૪ માં, ગિલ ૧૪મા સ્થાને પહોંચ્યા હતા. તેણે વર્તમાન શ્રેણીની શરૂઆત ૨૩મા સ્થાનેથી કરી હતી. બીજી તરફ, હેરી બ્રુકે બર્મિંગહામમાં રમાયેલી બીજી ટેસ્ટની પહેલી ઈનિંગમાં ૧૫૮ રન ફટકાર્યા હતા, જેના કારણે તે બેટ્સમેનોના ટેસ્ટ રેકિંગમાં એક સ્થાન ઉપર આવ્યો હતો. બ્રુક ગયા વર્ષે ડિસેમ્બરમાં એક અઠવાડિયા માટે નંબર-૧ ટેસ્ટ બેટ્સમેન રહ્યો હતો. એજબેસ્ટન ટેસ્ટમાં ૮૯ અને ૬૯ રન બનાવનાર જાડેજા છ સ્થાન ઉપર આવીને ૩૯મા સ્થાને પહોંચી ગયો છે. આ મેચથી ઈંગ્લેન્ડના વિકેટકીપર-બેટ્સમેન જેમી સ્મિથને પણ રેકિંગમાં ફાયદો થયો છે, જેણે અણનમ ૧૮૪ અને ૮૮ રન બનાવ્યા બાદ ૧૬ સ્થાન ઉપર ચઢીને પ્રથમ વખત ટોપ-૧૦માં પ્રવેશ કર્યો છે. ભારતીય બોલરો સિરાજ અને આકાશ દીપ પણ ટેસ્ટ બોલિંગ રેકિંગમાં મોટી છલાંગ લગાવી છે. સિરાજે એજબેસ્ટનમાં કુલ સાત વિકેટ લીધી હતી, ત્યારબાદ તે છ સ્થાન ઉપર ચઢીને ૨૨મા સ્થાને પહોંચી ગયો છે. આકાશ દીપે ઈંગ્લેન્ડ સામેની બીજી ટેસ્ટમાં કુલ ૧૦ વિકેટ લીધી હતી. આ ઝડપી બોલર ૩૯ સ્થાનની છલાંગ લગાવીને કારકિર્દીના શ્રેષ્ઠ ૪૫મા સ્થાને પહોંચી ગયો છે. બુલાવાયોમાં ઝિમ્બાબ્વે સામે અણનમ ૩૬૭ રન બનાવીને ચર્ચામાં આવેલા દક્ષિણ આફ્રિકાના વિઆન મુલ્ડરે ૩૪ સ્થાનનો કૂદકો મારીને બેટિંગ રેકિંગમાં કારકિર્દીના શ્રેષ્ઠ ૨૨મા ક્રમે પહોંચી ગયા છે. તેણે ત્રણ વિકેટ પણ લીધી, જેના કારણે તે બોલરોની યાદીમાં ચાર સ્થાન ઉપર આવીને ૪૮મા સ્થાને પહોંચી ગયો છે.

અજબ ગજબ

બુરહાનપુર જિલ્લાના નિમ્બોલા ગામમાં ૨૦૦થી વધુ જમાઈઓ તેમના પરિવારો સાથે રહે છે

# મધ્યપ્રદેશના એક ગામમાં જમાઈઓનું રાજ, જ્યાં લોકો ઉદ્યોગપતિ બને છે



મધ્યપ્રદેશના બુરહાનપુર જિલ્લાના નિમ્બોલા ગામને "જમાઈઓનું ગામ" કહેવામાં આવે છે. અહીં ૨૦૦ થી વધુ જમાઈઓ તેમના પરિવારો સાથે રહે છે અને સફળ વ્યવસાયો ચલાવી રહ્યા છે. એવું માનવામાં આવે છે કે આ ગામમાં આવવાથી જમાઈઓનું ભાગ્ય બદલાઈ જાય છે



મધ્યપ્રદેશના બુરહાનપુર જિલ્લામાં એક ગામ છે જેને જમાઈઓના ગામ તરીકે પણ ઓળખવામાં આવે છે. અહીં દર પાંચમા ઘરમાં એક જમાઈ રહે છે. ગામના પ્રવીણ પાટીલ કહે છે કે આ ગામને જમાઈઓનું ગામ પણ કહેવામાં આવે છે. આ ગામનું નામ નિમ્બોલા છે. તે બુરહાનપુર જિલ્લાથી ૧૦ કિલોમીટર દૂર આવેલું છે. ગામના વરિષ્ઠ લોકો કહે છે કે જે પણ જમાઈ આ ગામમાં રહેવા આવે છે, તેનો વ્યવસાય અને તેની આવક વધે છે. આ ગામ જમાઈઓને ભેટ છે. એટલા માટે મહારાષ્ટ્ર સહિત અન્ય રાજ્યોના જમાઈઓ આજે પણ અહીં ખેતી કરે છે, જેના કારણે તેમને સારું ઉત્પાદન અને સારો નફો મળે છે. જમાઈ કુંદન કહે છે કે હું પણ મહારાષ્ટ્રનો રહેવાસી છું, પરંતુ જ્યારથી મેં નિમ્બોલામાં મારા સાસરિયાના ઘરે રહેવાનું શરૂ કર્યું છે, ત્યારથી મારો વ્યવસાય અને મારું કામ સારું થવા લાગ્યું છે. આ ગામની વસ્તી વિશે વાત કરીએ તો, તે લગભગ ૩૦૦૦ લોકો છે અને જો આપણે અહીં પરિવારોની વાત કરીએ તો, ૬૫૦ પરિવારો છે, જેમાંથી ૨૦૦ થી વધુ પરિવારો જમાઈઓના છે, જેઓ તેમના આખા પરિવાર સાથે અહીં રહે છે અને ઘણા વર્ષોથી આ ગામમાં રહે છે. નિમ્બોલ ગામમાં રહેતા જમાઈ કુંદન પવાર સાથે વાત કરી. તેમણે જણાવ્યું કે હું મહારાષ્ટ્રના સકલી ગામનો રહેવાસી છું અને મારા લગ્ન નિમ્બોલામાં રહેતી કોમલ સાથે થયા હતા. ત્યારબાદ મને મારા ગામમાં રોજગારની સમસ્યાનો સામનો કરવો પડ્યો, તેથી હું મારા સાસરિયાના ઘરે રહેવા આવી, પછી મેં અહીં ભાડે ઘર લીધું, પરંતુ આજે મારું પોતાનું ઘર છે. હું ૮ વર્ષથી અહીં રહું છું. આ ગામમાં ૨૦૦ થી વધુ જમાઈ છે જેઓ અહીં રહે છે અને વ્યવસાય કરે છે, જેમનો વેપાર અને ધંધો પણ વધ્યો છે.જ્યારે અમે ગામના વરિષ્ઠ પપ્પુ પાટીલ સાથે વાત કરી, ત્યારે તેમણે જણાવ્યું કે ગામ માને છે કે નિમ્બોલા ગામને જમાઈઓનું ગામ પણ કહેવામાં આવે છે. મધ્યપ્રદેશનું આ એક અનોખું ગામ છે. ગામમાં જમાઈઓનું ખૂબ મહત્વ છે. જ્યારે જમાઈઓનો કોઈ વ્યવસાય કે વેપાર હોતો નથી, ત્યારે તેઓ અહીં રહેવા આવે છે અને જ્યારે તેઓ અહીં રહીને વ્યવસાય કરે છે, ત્યારે તેમનો વેપાર અને ધંધો બંને ચાલવા લાગે છે. જેના કારણે તેઓ કરોડપતિ બની જાય છે, ઘણા જમાઈઓ એવા છે જે ૫૦ વર્ષથી અહીં રહે છે. મારો વ્યવસાય અને મારું કામ સારું થવા લાગ્યું છે. આ ગામની વસ્તી વિશે વાત કરીએ તો, તે લગભગ ૩૦૦૦ લોકો છે અને જો આપણે અહીં પરિવારોની વાત કરીએ તો, ૬૫૦ પરિવારો છે, જેમાંથી ૨૦૦ થી વધુ પરિવારો જમાઈઓના છે, જેઓ તેમના આખા પરિવાર સાથે અહીં રહે છે અને ઘણા વર્ષોથી આ ગામમાં રહે છે.


### પૂર્વ ધારાસભ્ય સંજયસિંહ સોલંકી અને વિધાનસભા યૂથ કોંગ્રેસ પ્રમુખ કેતન મકવાણાની માગ

# આમોદ-જંબુસર ઢાઢર બ્રિજ ઉપર ગાબડાં છતાં તંત્ર કુંભકર્ણની નિદ્રામાં

ભરૂચ,તા.૯

પાદરા તાલુકાના મુજપુર ખાતે મહિસાગર નદી પરનો ગંભીરા બ્રીજ તૂટી પડવાની ઘટનાથી સમગ્ર રાજ્યમાં હાહાકાર મચી ગયો હતો.

ભરૂચ જીલ્લાના જંબુસર અને આમોદને જોડતા ઢાઢર બ્રીજ પરથી પસાર થતા લાખો લોકોમાં ભારે આક્રોશ અને ભયનો માહોલ જોવા મળ્યો હતો.લોકોએ વહીવટી તંત્રને પ્રશ્ન કર્યો હતો કે શું બીજી કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોવાઈ રહી છે?



જંબુસર-આમોદ વચ્ચેના ઢાઢર નદીના બ્રીજ સ્થિતિ અત્યંત જર્જરિત છે જે બ્રીજ ક્યારે ધરાશાયી થશે તે કહેવાય નહીં, તંત્ર દ્વારા બ્રીજ ઉપર પર માત્ર સમારકામના નામે માત્ર 'લાલી લિપસ્ટિક જ કરવામાં આવી રહી છે.જે લાલી લિપસ્ટિક લગાવેલો રોડ થોડા જ દિવસમાં ખખડધજ બની જાય છે.ત્યારે બ્રીજની મૂળભૂત મજબૂતી કે માળખાકીય સુરક્ષાને સુનિશ્ચિત કરવાને બદલે માત્ર ઉપરછલ્લું રીનોવેશન કરીને સંતોષ માની લેવામાં આવે છે.

જે એક ગંભીર બાબત છે.જો ભવિષ્યમાં ઢાઢર નદી ઉપર કોઈ મોટી દુર્ઘટનાનો ભોગ બને તો જવાબદારી કોની રહેશે? ત્યારે તંત્ર વહેલી તકે ઢાઢર નદીનો બ્રીજ નવો મંજૂર કરાવે તેવી માંગ કરવામાં આવી છે.

આશ્ચર્યની વાત તો એ છે કે, જ્યારે જાહેર જનતા દ્વારા આ બ્રીજનું યોગ્ય સમારકામ કરવા માટે રજૂઆતો કરવામાં આવે છે ત્યારે પણ સંબંધિત અધિકારીઓના પેટનું પાણી હાલતું નથી. શું કોઈ મોટી જાનહાનિ થશે ત્યારે જ તંત્રની આંખો ખુલશે? તેવો લોકોમાં આક્રોશ જોવા મળ્યો હતો.

આ ઢાઢર બ્રીજ ઉપરથી રોજ હજારો વાહનો પસાર થાય છે અને લાખો લોકો માટે જીવાદોરી સમાન છે.ત્યારે સરકાર ગંભીરતા દાખવી આમોદ- જંબુસર વચ્ચેના ઢાઢર બ્રીજને પુનઃનિર્માણ કરાવે તેવી કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય સંજયસિંહ સોલંકી તેમજ વિધાનસભા યુથ કોંગ્રેસ પ્રમુખ કેતન મકવાણાએ માંગ કરી હતી.

### વડોદરા અને આણંદ વચ્ચે ગંભીરા પુલનો એક ભાગ થવાની ઘટના બાદ પણ

# ભરૂચ નજીક જૂનો સરદાર બ્રિજ જર્જરિત છતાં તંત્ર દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે

### બ્રિજ પરથી કાર સહિતના નાના વાહનચાલકો જીવના જોખમે પસાર થાય છે

અંકલેશ્વર,તા.૯

વડોદરા અને આણંદ વચ્ચે પુલ થવાની ઘટના બાદ ભરૂચમાં પણ મોતના પૈગામ સમાન આવો બ્રિજ આવેલો છે.નેશનલ હાઈવે નંબર ૪૮ પર જૂનો સરદાર બ્રિજ અત્યંત જર્જરીત હાલતમાં થઈ ગયો હોવા છતાં તેના પરથી નાના વાહનો પસાર થવા દેવામાં આવે છે.વડોદરા અને આણંદ વચ્ચે મહીસાગર નદી પરનો બ્રિજ ધરાશાયી થઈ જતા ૧૩ જેટલાં લોકોના મોત નિપજ્યા છે.ત્યારે આવો જર્જરીત બ્રિજ ભરૂચમાં પણ આવેલો છે.ભરૂચ જિલ્લામાંથી પસાર થતા નેશનલ



હાઈવે ૪૮નો નર્મદા નદી પર આવેલો જૂનો સરદાર બ્રીજ અત્યંત જર્જરિત બની ગયો છે. જેને અનેક વખત રીપેર કરી નાના વાહનો માટે ચાલુ રાખવામાં આવ્યો છે.અગાઉ જૂના સરદાર બ્રિજની રેલીંગ તૂટી જતાં બ્રિજને વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો હતો. જૂના સરદાર બ્રિજ અત્યંત જર્જરીત બની જતા તેના પર મોટા વાહનો માટે પ્રવેશબંધી છે અને આ માટે તંત્ર દ્વારા એંગલ પણ લગાડવામાં આવી છે. જોકે બ્રિજ પરથી કાર સહિતના નાના વાહનો જીવના જોખમે પસાર થાય છે ત્યારે કોઈ દુર્ઘટના સર્જાઈ તો જવાબદાર કોણએ પ્રશ્ન ઉઠી રહ્યો છે. બીજી તરફ બ્રિજની રેલિંગ તૂટવાઅને માર્ગ બિસ્માર બનવા સહિતના અનેક બનાવો સામે આવ્યા છે. ત્યારે બ્રિજને સદંતર બંધ કરવો અથવા તેનું સંપૂર્ણ સમારકામ કરાવવાની વાહનચાલકો માંગ કરી રહ્યા છે.નેશનલ હાઈવે નંબર ૪૮ પર ભરૂચ નજીક સર્જાતી ટ્રાફિકજામની પરિસ્થિતિને પહોંચી વળવા જર્જરીત થયેલા જૂના સરદાર બ્રિજ પરથી નાના વાહનો માટે વાહનવ્યવહાર ચાલુ રાખવામાં આવ્યો છે. જોકે મોતના પૈગામ સમાન આ પુલ પરથી વાહન વ્યવહાર ચાલુ રાખવો કેટલો યોગ્ય કહી શકાય એવા પ્રશ્ન પણ ઉઠી રહ્યા છે.

# અંકલેશ્વરમાં દેશના પ્રથમ પ્રાઈવેટ ટર્મિનલથી પહેલી ગુડ્ઝ ટ્રેનનું પ્રસ્થાન



અંકલેશ્વર,તા.૯

અંકલેશ્વરના પાનોલી-ઉમરવાડા વચ્ચે વેસ્ટર્ન ડેડીકેટ ફ્રેઇટ કોરિડોર પર પ્રથમ પીએમ ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલનું ઉદ્ઘાટન કરાયું હતું. મહાનુભાવોએ લીલીઝંડી બતાવી પ્રથમ ગુડ્સ ટ્રેનને રવાના કરી હતી. વેસ્ટર્ન ડેડીકેટ ફ્રેઇટ કોરિડોરના સહયોગથી અંકલેશ્વરના પાનોલી-ઉમરવાડા વચ્ચે પ્રથમ પીએમ ગતિ મેસર્સ સાવરિયા શક્તિ દ્વારા શક્તિ કાર્ગો ટર્મિનલ ડી.એફ.સી.સી.આઈ. એલના એમડી પ્રવીણના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.આ સિંગલ વિન્ડો સોલ્યુશન મલ્ટી મોડલ લોજિસ્ટિક પાર્કને પગલે સ્થાનિક ઉદ્યોગો તેમજ લોજિસ્ટિકને ઘણો ફાયદો થવાની આશા વ્યક્ત કરવામાં આવી હતી.ભરૂચ દેશના ઉદ્યોગોને જળ, જમીન, હવાઈ અને રેલ માર્ગે વેગ આપવા સજ્જ બની રહ્યું છે.પાનોલીમાં હાઈવે નજીક ૨૦૦ એકરમાં ભારત સરકાર માન્ય ગ્રીનફિલ્ડ સાવરિયા શક્તિ મલ્ટી મોડલ લોજીસ્ટિક પાર્ક તૈયાર થઈ ગયો છે. અહીં ડેડીકેટેડ ફ્રેઈટ કોરિડોર માન્ય ભારતનું પહેલું ટર્મિનલ પણ તૈયાર થઈ ગયું છે. જ્યાં ૮ લાખ સ્કવેર ફૂટમાં વેરહાઉસ ઉભું કરાઈ રહ્યું છે.જેનો લાભ પાનોલી, ઝઘડિયા, અંકલેશ્વર, વાલિયા, ભરૂચ, દહેજ જીઆઈડીસી સાથે દેશના અન્ય ઉદ્યોગોને પણ મળશે.

# સોનું ૮૩૭ ઘટીને ૯૬,૧૩૫ પ્રતિ ૧૦ ગ્રામ થયું

નવી દિલ્હી, તા.૯

૯ જુલાઈના રોજ સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન અનુસાર ૨૪ કેરેટ સોનાનો ભાવ ૮૩૭ ઘટીને ૯૬,૧૩૫ પ્રતિ ૧૦ ગ્રામ થયો છે.પહેલા તેની કિંમત ૯૬,૯૭૨ હતી. ચાંદીનો ભાવ ૧૩૭ ઘટીને ૧,૦૭,૩૯૩ પ્રતિ કિલો થયો છે. અગાઉ તે ૧,૦૭,૫૦૦ હતો. ૧૮ જૂને ચાંદીએ ૧,૦૯,૫૫૦ અને સોનાએ ૯૯,૪૫૪ની ઓલટાઈમ હાઈ બનાવી હતી.સોનું આ વર્ષે ૧ જાન્યુઆરીથી અત્યાર સુધીમાં, ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૭૬,૧૬૨ રૂપિયાથી વધીને ૯૬,૧૩૫ રૂપિયા થઈ ગયો છે. તે જ સમયે, ચાંદીનો ભાવપણ ૮૬,૦૧૭ રૂપિયા પ્રતિ કિલોથી વધીને ૧,૦૭,૩૯૩ રૂપિયા થઈ ગયો છે. જે ૨૧,૩૭૬ રૂપિયા થઈ ગયો છે. ગયા વર્ષે એટલે કે ૨૦૨૪ માં, સોનું ૧૨,૮૧૦ રૂપિયા મોંઘુ થયું હતું.

# ચૈતર વસાવાના ગઢમાં પ્રથમ વખત વિરોધનો સૂર ઉઠ્યો



રાજપીપળા,તા.૯

ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા વિરુદ્ધ એટીવીટીની બેઠકમાં સાગબારા તાલુકા પંચાયત પ્રમુખ ચંપાબેન વસાવા સાથે બીભત્સ વર્તન અને ડેડિયાપાડા તાલુકા પંચાયત પ્રમુખ સંજય વસાવાને માર મારવાનો આક્ષેપ લાગ્યો છે.આ મુદ્દે ચૈતર વસાવા હાલ વડોદરા સેન્ટ્રલ જેલમાં જ્યુડિશિયલ કસ્ટડીમાં છે.એક તરફ આદિવાસી મહિલા સાથે બીભત્સ વર્તન કરનારા ચૈતર વસાવા વિરુદ્ધ એમના જ મતવિસ્તાર એવા ડેડિયાપાડામાં મહિલાઓમાં ભારે રોષ ફેલાયો છે.તો બીજી ડેડિયાપાડામાં આદિવાસી મહિલાઓએ લગાવ્યા ચૈતર વસાવા હાય હાય, ચૈતર વસાવા મુર્દાબાદના નારા લગાવી રેલી કાઢી હતી.ડેડિયાપાડા તાલુકા પંચાયત પ્રમુખ ચૈતર વસાવા વિરુદ્ધ મોટી સંખ્યામાં આદિવાસી મહિલાઓ એકત્રિત થઈ હતી.આદિવાસી મહિલાઓએ મોટી સંખ્યામાં રેલી લઈને દેવાઈ માતાના મંદિરથી પ્રાંત કચેરી ખાતે પ્રાંત અધિકારી ધવલ સંગાડાને લેખિત આવેદન પત્ર આપી એક આદિવાસી યુવાનને માર મારી અને આદિવાસી મહિલાનું અપમાન કરનાર ધારાસભ્ય ચૈતર વસાવાને કડક સજા થાય એવી માંગ કરી હતી.આદિવાસી મહિલાઓએ ચૈતર વસાવા વિરૂદ્ધ પ્લે કાર્ડ લઈ એમની વિરુદ્ધ દેખાવો કર્યો હતો. જ્યારે રેલીમાં જોડાયેલા ગુજરાત ભાજપ આદિવાસી મોર્ચા ઉપપ્રમુખ શંકર વસાવા, નર્મદા જિલ્લા પંચાયત સભ્ય હિતેશ વસાવા, ડેડિયાપાડા તા.પં પ્રમુખ સંજય વસાવા સહિતના આગેવાનોએ હાથ પર કાળી પટ્ટી બાંધી ચૈતર વસાવાનો વિરોધ કર્યો હતો. આદિવાસી મહિલાઓએ ડેડિયાપાડા પ્રાંત અધિકારી સમક્ષ માંગ કરી હતી કે એ.ટી.વી.ટી મિટિંગમાં ધારાસભ્ય ચૈતર વસાવા અને ડેડિયાપાડા તાલુકા પંચાયત પ્રમુખ સંજય વસાવા વચ્ચે થયેલ મારામારીનો કેસ અને સાગબારા તાલુકા પંચાયત પ્રમુખ ચંપાબેન વસાવાને ચૈતર વસાવાએ બોલેલા અપશબ્દો સાંખી લેવાય એમ નથી.એમની વિરુદ્ધ કડકમાં કડક કાર્યવાહી થવી જોઈએ.ચૈતર વસાવા ધારાસભ્ય બન્યા બાદ એમની વિરુદ્ધ એમના જ ગઢમાં પ્રથમ વખત રેલી સ્વરૂપે મહિલાઓએ રોષ વ્યક્ત કર્યો હતો.ત્યારે આ રેલી અને આદિવાસી મહિલાઓનો વધી રહેલા રોષથી આવનારી તાલુકા અને જિલ્લા પંચાયતની ચુંટણીમાં આમ આદમી પાર્ટીને જરૂર ફટકો પડશે એવું ચર્ચાઈ રહ્યું છે.

### ૨૦૧૯માં એપલના સિનિ. વાઈસ પ્રેસિડન્ટ ઓફ ઓપરેશન્સ તરીકે સાબિહ ખાનને પસંદ કરાયા હતા

# ભારતીય મૂળના સાબિહ ખાનની એપલના COO બન્યા

નવી દિલ્હી,તા.૯

એપલે તેમના નવા COOની જાહેરાત કરતાં દુનિયાભરમાં હાલમાં એક જ નામ ચર્ચામાં છે. મૂળ ભારતના સાબિહ ખાન હવે એપલના નવા ચીફ ઓપરેટિંગ ઓફિસર તરીકે બહુ જલદી ફરજ બજાવશે. Jeff Williams આ મહિનાના અંતમાં નિવૃત્ત થઈ રહ્યા છે અને ત્યાર બાદ તેમના કામની તમામ જવાબદારી સાબિહ ખાન સંભાળશે. તેમનીપસંદગી કરવાથી હવે લોકોમાં એ વાતનું કુતુહલ જાગી રહ્યું છે કે શું હવે એપલના નવા ઝઈ તરીકેપણ તેમનીપસંદગી કરવામાં આવશે? જોકે ટિમ કૂક નિવૃત ન થાય ત્યાં સુધી એ કહેવું મુશ્કેલ છે. આ અપડેટ ત્યારે આવી છે જ્યારે ચાઈનીઝ કર્મચારીઓને તેમના દેશ મોકલી દેવામાં આવી રહ્યા છે. તેમજ આગામી આઈફોન ૧૭ને લઈને ચર્ચાએ જોરપકડ્યું છે.ઉત્તર પ્રદેશના મુરાદાબાદમાં સાબિહ ખાનનો જન્મ થયો હતો. જન્મ બાદ એટલે કે દસ વર્ષની ઉંમરે તેઓ સિંગાપુર જતી રહ્યા હતા અને ત્યાં તેમણે સ્કૂલનો અભ્યાસ કર્યો હતો. ત્યાર બાદ બાકીનું ભણતર તેમણે અમેરિકામાંપૂરું કર્યું હતું. તેમણે તુફ્ટ્સ યુનિવર્સિટીમાંથી ઈકોનોમિક્સ અને મેકેનિકલ એન્જિનિયરિંગની બેચલર ડિગ્રી મેળવી હતી. રેન્સેલરપોલિટેકનિક ઈન્સ્ટિટ્યૂટમાંથી તેમણે મેકેનિકલ એન્જિનિયરિંગની માસ્ટર ડિગ્રી મેળવી હતી. એપલમાં કામ કરવાપહેલાં સાબિહ ખાને GE Plasticsમાં કામ કરીને કારકિર્દીની શરૂઆત કરી હતી. ત્યાં તેમણે એપ્લિકેશન ડેવલપમેન્ટ એન્જિનિયર તરીકે શરૂઆત કરી હતી. ત્યાર બાદ તેઓ કી એકાઉન્ટ ટેક્નિકલ લીડરપણ બન્યા હતા. તેઓ ૧૯૯૫માં એપલ સાથે જોડાયા હતા. ત્યારથી લઈને આજ સુધી એટલે કે લગભગ ૩૦ વર્ષથી તેઓ એપલ સાથે કામ કરી રહ્યા છે. આ વર્ષો દરમિયાન તેમણે એપલની સપ્લાય ચેન માટે ખૂબ જ મહત્ત્વના કામ કર્યાં છે. ૨૦૧૯માં એપલના સિનિયર વાઈસ પ્રેસિડન્ટ ઓફ ઓપરેશન્સ તરીકે સાબિહ ખાનનેપસંદ કરવામાં આવ્યા હતા.

એપલની કાર્બન ફૂટપ્રિન્ટ ઓછી કરવા માટે તેમણે ગ્રીન સપ્લાયર્સ સાથે કામ કરવાનું શરૂ કર્યું હતું. તેમના વાઈસ પ્રેસિડન્ટ બન્યા બાદ એપલે તેમની કાર્બન ફૂટપ્રિન્ટમાં ખૂબ જ મોટો ઘટાડો કર્યો હતો. તેઓ પ્લાનિંગ કરવાની સાથે ખરીદી, મેન્યુફેક્ચરિંગ, લોજિસ્ટિક્સ, પ્રોડક્ટ ડિલિવરી જેવા તમામ કામની જવાબદારી આ સાથે જ તેમને પ્રોડક્ટની ગુણવત્તાના ઈનચાર્જપણ બનાવવામાં આવ્યા હતા. દુનિયાભરની એપલની મેન્યુફેક્ચરિંગ કંપનીઓમાં કામ કરતાં કર્મચારીઓને સુરક્ષિત અને જાગરૂક રાખવા માટેની ભૂમિકા પણ ભજવતા હતા.


**પશ્ચિમ રેલવે - વડોદરા મંડલ**

વેગન અને બોગીઓના રિપેર કાર્ય
ટેન્ડર નંબર: M443-ROH-CNB-2025

**કામનું નામ:** પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝનના વેગન ડેપો કરાચિયા ખાતે બોગીઓના ROH રિપેર અને વેગનના સેન્ટર સીલ રિપેર કાર્ય માટે એક વર્ષના સમયગાળા માટે કરાર

| કાર્યનો અંદાજિત કિંમત: ₹30,61,080.80/- | મહત્તમ કમાણી: ₹61,200/- |
|---|---|

**ટેન્ડર જમા કરવાની તારીખ અને સમય:** નિર્ધારિત રીતે 30/07/2025 ના 15:00 કલાક પછી **ખોલવાની તારીખ અને સમય:** જમા કરવાની છેલ્લી તારીખ એટલે કે 30/07/2025 ના 15:30 કલાકે
**પ્રસ્તાવની માન્યતા:** ખુલવાની તારીખથી 60 દિવસ
**પૂર્ણતાનો સમયગાળો:** 12 મહિના
**વેબસાઈટ વિગતો:** https://www.ireps.gov.in 100
અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

Bank of Baroda
**દેવહત ખાતે નવા પરિસર માટે ટેન્ડર**

બેંક ઓફ બરોડા, દેવહત ખાતે નવી પ્રસ્તાવિત શાખા ખોલવા માટે પરિસર માલિકો/પાવર ઓફ એટર્ની ધારકો પાસેથી બે **(૧) ટેકનિકલ બિડ અને (૨) નાણાકીય બિડ.** [illegible] **દેવહત શાખા** [illegible] **3-4** [illegible] **1000 - 1330 ચોરસ ફૂટ / બેંકની જરૂરિયાત મુજબ હોવો જોઈએ.** [illegible] **"ટેકનિકલ બિડ" અને "નાણાકીય બિડ"** [illegible] **"નવી પ્રસ્તાવિત દેવહત શાખા માટે ટેન્ડર ઓફર"**, [illegible] **પ્રાદેશિક મેનેજર (સહાયક જનરલ મેનેજર), બેંક ઓફ બરોડા, પ્રાદેશિક કાર્યાલય, ને મોકલવામાં આવે. બરોડા ડિસ્ટ્રિક્ટ એરિયા, છઠ્ઠો માળ, સૂરજ પ્લાઝા-III, સયાજીગંજ, વડોદરા-૩૯૦૦૨૦ માટે ૩૧.૦૭.૨૦૨૫ ના રોજ સાંજે ૫-૦૦ સુધી અથવા તે પહેલાં ફક્ત ઓફલાઈન મોડ દ્વારા જ અરજીઓ સબમિટ કરવી** આવશ્યક છે.
[illegible]
www.bankofbaroda.in/tenders.asp

| ક્ર.નં. | કેન્દ્રો/સ્થળ | જીલ્લો | કાર્પેટ એરિયા | કેટેગરી |
|---|---|---|---|---|
| 1 | દેવહત | છોટા ઉદેપુર | ૧૦૦૦-૧૩૩૦ ચો.ફૂટ બેંક ની જરૂરીયાત અનુસાર | [illegible] |

તારીખ: ૧૦.૦૭.૨૦૨૫
સ્થળ : વડોદરા
રીજનલ મેનેજર (સહાયક મહાપ્રબંધક)
બરોડા ગ્રામ્ય પ્રદેશ

**પશ્ચિમ રેલવે - વડોદરા મંડલ**

વિવિધ એન્જિનિયરિંગ કાર્યો
ઈ-ટેન્ડર નોટિસ નં. DRM-BRC 073 થી 074 વર્ષ 2025-26

ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચેના કામો માટે ભારતના રાષ્ટ્રપતિ વતી સીલબંધ ટેન્ડર મંગાવવામાં આવે છે.

| ક્રમાંક નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | કામની અંદાજિત કિંમત (રૂ.માં) | જમા કરાવવાની બિડ સિક્યોરિટી (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM BRC 073 વર્ષ 2025-26 | વડોદરા વિભાગ:- SSE (PWAY) ના અધિકારક્ષેત્ર હેઠળ પાઈંસમાં સુધારો અને ઉન્નતીકરણ - BRCP | 5,42,50,334.83 | 4,21,300.00 |
| 2 | DRM BRC 074 વર્ષ 2025-26 | વડોદરા વિભાગ:- SSE (PWAY) ના અધિકારક્ષેત્ર હેઠળ પાઈંસમાં સુધારો અને ઉન્નતીકરણ - GODHRA | 8,63,23,075.60 | 5,81,600.00 |

ટેન્ડર સબમિટ કરવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય : ટેન્ડર 30.07.2025 ના રોજ 15.00 કલાક પહેલા સબમિટ કરવાનું છે અને તે જ તારીખે 15.30 કલાકે ખોલવાનું છે.વેબસાઈટની વિગતો અને સૂચનાનું સ્થાન જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ટેન્ડર ફોર્મ જ્યાંથી ખરીદી શકાય તે કાર્યાલયનું સરનામું: વેબસાઈટ: www.ireps gov in. ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા -390 004. 099
અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**મારૂ નામ**
**નઝરઅલી હૈદરઅલીઅલી સૈયદ થી બદલીને નજર અલી હૈદર અલી સૈયદ કરેલ છે.**
**આકડીયાપૂરા, સમીયાલા, પાદરા રોડ, વડોદરા.**

**નામ બદલ્યુ છે**

હું પિનાકીન સુરેન્દ્રકુમાર શાહ આથી જાહેર કરૂ છું કે, મેં મારા સગીર દિકરા કશ્યપ પિનાકીન શાહ નું નામ બદલી કશ્યપ શાહ રાખેલ છે. જેની તમામે નોંધ લેવી. અને હવે પછી કશ્યપ પિનાકીન શાહ ના બદલે કશ્યપ શાહ તરીકે ઓળખાશે. સરનામુ : ૩, અવધૂત નગર-૨ સોસાયટી, ભોલાવ, ભરૂચ ૩૯૨૦૦૧

**પશ્ચિમ રેલ્વે - ભાવનગર કારખાના**

LHB કોચમાં કોરોઝનના સમારકામનું કાર્ય
ઈ-ટેન્ડર નંબર: BVPW-2025-26-LHBCor-16

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના વતી, ડેપ્યુટી ચીફ મિકેનિકલ એન્જિનિયર, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, પશ્ચિમ રેલવે નીચેના કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે.

**કામનું નામ:** ભાવનગર પરા ખાતે 02 વર્ષથી કેરેજ રિપેર વર્કશોપમાં કાર્યક્ષેત્ર મુજબ LHB કોચમાં કોરોઝનના સમારકામનું કાર્ય.
**કામની અંદાજિત કિંમત:** ₹2,00,70,371.04/-

| બિડ સિક્યુરિટી: ₹2,50,400/- | ટેન્ડર દસ્તાવેજ ફી: ₹0.00/- |
|---|---|

**ટેન્ડર ઓફરની માન્યતા:** 60 દિવસ **કામ પૂર્ણ કરવાનો સમયગાળો:** LOA જારી કર્યાની તારીખથી 24 મહિના
**ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય:** 30/07/2025, 10:30 કલાકે
**ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 30/07/2025, 11:00 કલાકે .
**જારીકર્તા:** ચીફ વર્કશોપ મેનેજરની ઓફિસ, ડેપ્યુટી ચીફ મિકેનિકલ એન્જિનિયર, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, પશ્ચિમ રેલવે. **ઈ-મેઈલ:** dycmews @bvp. railnet .gov.in
**મહત્વપૂર્ણ નોંધ:** ટેન્ડર ફક્ત https://www.ireps.gov.in પર ઇલેક્ટ્રોનિક રીતે સબમિટ કરવામાં આવશે અને આ ઈ-ટેન્ડર સામે કોઈ મેન્યુઅલ ઓફર માન્ય નથી, અને આ ઓફિસમાં પ્રાપ્ત થતી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે અને ખોલવામાં આવશે નહીં. 072
અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પોલિમેકપ્લાસ્ટ મશીન્સ લિમિટેડ**
CIN: L27310GJ1987PLC009517
રજિસ્ટર્ડ ઓફિસ: 'ગોલ્ડ કોઈન હાઉસ', ૭૭૬, જી.આઈ.ડી.સી. મકરપુરા, વડોદરા- ૩૯૦૦૧૦, ગુજરાત
Website: www.polymechplast.com | Email Id.: cs@polymechplast.com | Tel. No. +91-7574063050

**કંપનીના શેરધારકોને દાવા વગરના ડિવિડન્ડને રોકાણકાર શિક્ષણ અને સુરક્ષા ભંડોળ (IEPF) માં ટ્રાન્સફર કરવા અંગે સૂચના**

કંપનીના શેરધારકોને કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૨૪(૬) અને કલમ ૧૨૫ ની જોગવાઈઓ અનુસાર સૂચના આપવામાં આવે છે, જે રોકાણકાર શિક્ષણ અને સુરક્ષા ભંડોળ સત્તામંડળ (એકાઉન્ટિંગ, ઓડિટ, ટ્રાન્સફર અને રિફંડ) નિયમો, ૨૦૧૬ ('નિયમો') સાથે વાંચવામાં આવે છે, જે સમયાંતરે સુધારેલા છે, કે કંપની નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે દાવો ન કરાયેલ ડિવિડન્ડને કેન્દ્ર સરકાર દ્વારા સ્થાપિત રોકાણકાર શિક્ષણ અને સુરક્ષા ભંડોળ (IEPF) માં ટ્રાન્સફર કરવાની પ્રક્રિયામાં છે.

તદનુસાર, જે શેરધારકોએ નાણાકીય વર્ષ 2017-18 થી સતત સાત વર્ષ સુધી તેમના ડિવિડન્ડનો લાભ લીધો નથી તેમના શેર IEPF ઓથોરિટીને ટ્રાન્સફર કરવામાં આવશે. નાણાકીય વર્ષ 2017-18 માટે અંતિમ ડિવિડન્ડ અને કંપની દ્વારા જાહેર કરાયેલા અને ચૂકવવામાં આવેલા તમામ ડિવિડન્ડનો લાભ મેળવ્યો નથી તેવા તમામ શેરધારકોને એક અલગ સંદેશ મોકલવામાં આવ્યો/આવશે, જે ઉપરોક્ત નિયમો અનુસાર IEPF ખાતામાં ટ્રાન્સફર કરવા માટે જવાબદાર છે.

જે શેરધારકોએ સતત સાત વર્ષથી તેમના ડિવિડન્ડ રોકડમાં લીધા નથી અને તેથી જેમના શેર IEPF ખાતામાં ટ્રાન્સફર કરવા માટે જવાબદાર છે તેમની યાદી કંપનીની વેબસાઈટ www.polymechplast.com પર ઉપલબ્ધ છે.

આવા શેરધારકોને વિનંતી છે કે તેઓ કંપની દ્વારા 27 ઓક્ટોબર, 2025 ના રોજ અથવા તે પહેલાં નાણાકીય વર્ષ 2017-18 માટે જાહેર કરાયેલા તેમના ડિવિડન્ડનો દાવો કરે, નહીં તો શેર IEPF માં ટ્રાન્સફર કરવામાં આવશે. કૃપા કરીને નોંધ લો કે ત્યારબાદ કંપની સામે અનુક્રમે દાવો ન કરાયેલા ડિવિડન્ડ અને IEPF / IEPFA ખાતામાં ટ્રાન્સફર કરાયેલા શેરના સંદર્ભમાં કોઈ દાવો કરવામાં આવશે નહીં.

શેરધારકોને વિનંતી છે કે તેઓ નોંધ લે કે દાવો ન કરાયેલ ડિવિડન્ડ અને IEPF ઓથોરિટીને ટ્રાન્સફર કરાયેલા શેર, જેમાં આવા શેર પરના તમામ લાભો, જો કોઈ હોય તો, IEPF ઓથોરિટી પાસેથી IEPF નિયમો હેઠળ નિર્ધારિત પ્રક્રિયાને અનુસરીને પાછા દાવો કરી શકે છે.

આ બાબતે કોઈપણ માહિતી/સ્પષ્ટતા માટે, સંબંધિત શેરધારકો/દાવેદારો કંપનીને cs@polymechplast.com પર અથવા RTA, મેસર્સ MCS શેર ટ્રાન્સફર એજન્ટ લિમિટેડ, પહેલો માળ, ૬૬, નીલમ એપાર્ટમેન્ટ, સંપતરાવ કોલોની, અલકાપુરી, વડોદરા-390007, ગુજરાત, ટેલિફોન: +91-0265-2314757 / 2350490 પર અથવા mcsltdbaroda@gmail.com પર ઈમેઈલ દ્વારા લખી શકે છે.

બોર્ડના આદેશથી
પોલિમેકપ્લાસ્ટ મશીન્સ લિમિટેડ માટે
સહી /- વૈશાલી પંજાબી
કંપની સચિવ અને પાલન અધિકારી
સ્થળ: વડોદરા
તારીખ: ૧૦ જુલાઈ, ૨૦૨૫

**20 MICRONS LIMITED**
CIN: L99999GJ1987PLC009768
રજીસ્ટર્ડ ઓફિસ: ૯-૧૦, જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, વાઘોડિયા-૩૯૧ ૭૬૦ જીલ્લો: વડોદરા ફોન: ૭૫૭૪૮ ૦૬૩૫૦
ઈ-મેલ: co_secretary@20microns.com વેબસાઈટ: www.20microns.com

**૩૮મી વાર્ષિક સામાન્ય સભાની નોટીસ, ડિવિડન્ડની રેકોર્ડ તારીખ અને ઈ-વોટીંગ માહિતી**

**આથી નોટીસ** આપવામાં આવે છે કે ૨૦ માઈક્રોન્સ લિમિટેડના શેરધારકોની **૩૮મી વાર્ષિક સામાન્ય સભા ('એજીએમ') શુક્રવાર, ૮ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે (ભારતીય સમય)** વિડીયો કોન્ફરન્સ (વીસી) / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો ('ઓએવીએમ') દ્વારા એજીએમ બોલાવવાની નોટીસમાં જણાવેલ કામકાજો પાર પાડવા માટે યોજાશે. કંપનીએ કોર્પોરેટ અફેર્સ મંત્રાલય (એમસીએ) અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) દ્વારા જારી કરાયેલા પરિપત્રો અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટેનો વાર્ષિક અહેવાલ તેમજ એજીએમ બોલાવવાની નોટીસ, એવા શેરધારકોને જેમના ઈમેઈલ સરનામાં કંપની અને/અથવા ડિપોઝિટરીઝમાં નોંધાયેલા છે,તેઓને ફક્ત ઈલેક્ટ્રોનિક પદ્ધતિ મારફતે પહેલેથી રવાના કરેલ છે. વાર્ષિક અહેવાલ અને એજીએમ ની સૂચના કંપનીની વેબસાઈટ www.20microns.com પર અને એનએસડીએલ (એટલે કે રિમોટ ઈ-વોટિંગ સુવિધા પૂરી પાડતી એજન્સી) ની વેબસાઈટ www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ છે.

સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિકવાયરમેન્ટ્સ) નિયમનો, ૨૦૧૫, (**'સેબી લિસ્ટિંગ રેગ્યુલેશન્સ'**) ના નિયમ ૩૬ (૧ )(બ) મુજબ, જે સભ્યોએ તેમના ઈમેલ-સરનામાં કંપની સાથે અથવા કોઈપણ ડીપોઝીટરી સાથે અથવા કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ (આરટીએ) સાથે નોંધાવેલ નથી, તેઓને વાર્ષિક અહેવાલની વેબલીંક અને તેની ચોક્કસ જગ્યા નો ઉલેખ કરતો પત્ર મોકલવામાં આવેલ છે.

**ડિવિડન્ડ હકદારી માટે રેકોર્ડ તારીખ:**

જો એજીએમ માં મંજૂર કરવામાં આવે તો, ૩૧ માર્ચ, ૨૦૨૫ ના રોજ પૂરા થતા નાણાંકીય વર્ષ માટે ડિવિડન્ડ (૨૫% એટલે કે રૂ. ૧.૨૫/- પ્રતિ ઇક્વિટી શેર જે રૂ. ૫/- ની મુળ કિંમત ધરાવે છે અને સંપૂર્ણ ચૂકવણી કરેલ છે) મેળવવા માટે શેરધારકોના હકદારી નક્કી કરવા માટેની રેકોર્ડ તારીખ તરીકે ગુરુવાર, ૨૪ જુલાઈ, ૨૦૨૫ નક્કી કરી છે. શેરધારકોની મંજૂરીના ૩૦ દિવસની અંદર જે શેરધારકોના નામ કંપનીના શેરધારકોના રજિસ્ટરમાં રેકોર્ડ તારીખ પર દેખાય છે તેમને ડિવિડન્ડ ચૂકવવામાં આવશે.

**એજીએમ દરમિયાન રિમોટ ઈ- વોટીંગ અને ઈ- વોટીંગ:**

કાયદાની કલમ ૧૦૮ અને કંપનીઓ (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૨૦, સુધારેલા અને સેબી લિસ્ટિંગ રેગ્યુલેશન્સના નિયમ ૪૪ અનુસાર, શેરધારકોને એનએસડીએલ દ્વારા પૂરી પાડવામાં આવેલ ઈલેક્ટ્રોનિક મતદાન પ્રણાલી ('રિમોટ ઈ-વોટિંગ') નો ઉપયોગ કરીને એજીએમ બોલાવવાની સૂચનામાં દર્શાવેલ તમામ ઠરાવો પર મતદાન કરવાની સુવિધા પૂરી પાડવામાં આવે છે. શેરધારકોના મતદાન અધિકારો શુક્રવાર, ૧ ઓગસ્ટ, ૨૦૨૫ ('કટ-ઓફ તારીખ') ના રોજ કંપનીના સંપૂર્ણ ચૂકવણી કરેલ ઇક્વિટી શેર મૂડીમાં તેમના દ્વારા રાખવામાં આવેલા ઇક્વિટી શેરના પ્રમાણમાં રહેશે.

રિમોટ ઈ-વોટિંગ સમયગાળો **મંગળવાર, ૫ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ સવારે ૧૦.૦૦ વાગ્યે (ભારતીય સમય) શરૂ થાય છે અને ગુરુવાર, ૭ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યે (ભારતીય સમય) સમાપ્ત થશે.** આ સમયગાળા દરમિયાન, શેરધારકો ઈલેક્ટ્રોનિક રીતે મતદાન કરી શકે છે. ત્યારબાદ એનએસડીએલ દ્વારા રિમોટ ઈ-વોટિંગ મોડ્યુલને નિષ્ક્રિય કરવામાં આવશે. જે શેરધારકો (વીસી)/ઓએવીએમ) સુવિધા દ્વારા એજીએમમાં હાજર રહેશે અને રિમોટ ઈ-વોટિંગ દ્વારા ઠરાવો પર પોતાનો મત આપ્યો નથી અને અન્યથા તેમને આમ કરવાથી પ્રતિબંધિત કરવામાં આવ્યા નથી, તેઓ એજીએમ દરમિયાન ઈ-વોટિંગ સિસ્ટમ દ્વારા મતદાન કરવા માટે પાત્ર રહેશે.

જે શેરધારકોએ એજીએમ પહેલાં રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપ્યો છે તેઓ વીસી/ઓએવીએમ દ્વારા પણ એજીએમમાં હાજરી આપી શકે છે/ભાગ લઈ શકે છે પરંતુ તેઓ ફરીથી મતદાન કરવા માટે હકદાર રહેશે નહીં.

કોઈપણ વ્યક્તિ, જે કંપની દ્વારા ઈલેક્ટ્રોનિક રીતે સુચના મોકલ્યા પછી કંપનીના શેર ખરીદે છે અને શેર ધારક બને છે અને કટ-ઓફ તારીખે શેર ધરાવે છે, તે evotingnsdl.co.in પર વિનંતી મોકલીને લોગિન આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે. જો કે, જો તે/તેણી પહેલાથી જ રિમોટ ઈ-વોટિંગ માટે એનએસડીએલ સાથે નોંધાયેલ હોય, તો તે/તેણી મતદાન કરવા માટે તેના હાલના યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરી શકે છે.

**ડિવિડન્ડ પર ટીડીએસ :**

આવકવેરા કાયદા,૧૯૬૧ ની પ્રવર્તમાન જોગવાઈઓ અનુસાર, કંપનીએ તેના શેરધારકોને ચૂકવવામાં આવતા ડિવિડન્ડ પર નિર્ધારિત દરે સોત પર કર (ટીડીએસ) કાપવો જરૂરી છે. ટીડીએસ દર શેરધારક(ઓ) ની રહેણાંક સ્થિતિ અને તેમના દ્વારા જમા કરાયેલા અને કંપની દ્વારા સ્વીકૃત દસ્તાવેજોના આધારે બદલાશે.

કોઈપણ પ્રશ્નોના સંદર્ભમાં, તમે www.evoting.nsdl.com ના ડાઉનલોડ વિભાગમાં ઉપલબ્ધ શેરધારકો માટે વારંવાર પૂછાતા પ્રશ્નો (એફએક્યુસ) અને શેરધારકો માટે ઈ-વોટિંગ વપરાશકર્તા માર્ગદર્શિકાનો સંદર્ભ લઈ શકો છો અથવા ૦૨૨-૪૮૮૬ ૭૦૦૦ પર કોલ કરી શકો છો અથવા એનએસડીએલ ના ડેપ્યુટી વાઈસ પ્રેસિડેન્ટ શ્રી અમિત વિશાલ અથવા શ્રીમતી પલ્લવી મ્હાત્રે, સિનિયર મેનેજર, ટ્રેડ વર્લ્ડ, એ વિંગ, ચોથો માળ, કમલા મિલ્સ કમ્પાઉન્ડ, લોઅર પરેલ, મુંબઈ, મહારાષ્ટ્ર ૪૦૦૦૧૩, તેમના નિયુક્ત ઈ-મેલ આઈડી: amitv@nsdl.com અથવા pallavid@nsdl.com પર ઈ-મેલ કરી શકો છો.

**શેરધારકો કૃપા કરીને નોંધ લે કે એમસીએ દ્વારા જારી કરાયેલા પરિપત્રોના સંદર્ભમાં, કંપની એજીએમ નોટીસ અને વાર્ષિક અહેવાલની ભૌતિક નકલો શેરધારકોને મોકલશે નહીં.**

એજીએમ ની વિગતો કંપનીની વેબસાઈટ www.20microns.com, એનએસડીએલ www.evoting.nsdl.com, બીએસઈ લિમિટેડ www.bseindia.com અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ www.nseindia.com પર ઉપલબ્ધ છે.

૨૦ માઈક્રોન્સ લિમિટેડ વતી
કોમલ પાંડે
કંપની સેક્રેટરી
એસીએસ નં. : ૩૭૦૯૨
સ્થળ : વાઘોડિયા
તારીખ : જુલાઈ ૯, ૨૦૨૫

# તંત્ર ભલે મરી પરવાર્યું, માનવતા હજુ જીવે છે



## ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં રેસ્ક્યૂ ટીમ પહોંચે એ પહેલાં ગામલોકોએ ટીમ બનીને જીવના જોખમે રેસ્ક્યૂ કરી માનવતાનું ઉદાહરણ આપ્યું





### મુજપુર-ગંભીરા ગામે કરી દેખાડ્યું, જવાબદારી ન હોવા છતાં બખૂબી નિભાવી

ગંભીરા પુલ તૂટવાની ઘટના એ તંત્રની નિષ્કાળ જેવી ઘટના છે તંત્રમાં ભલે ભ્રષ્ટાચારની આડમાં લોકો માટેની જવાબદારી મરી પરવારી હોય, પરંતુ લોકોમાં હજુ માનવતા નથી મરી પરવારે આજની આ ઘટનાએ અનેક લોકોને નદીના ઘાટ ઉપર ઉતારી દીધા હતા અને તેઓ ઢીંચણમાં કીચડમાં પણ મદદ કરી રહ્યા હતા. આ દૃશ્યો જ ગુજરાત અને તેના લોકોની ખુમારી દર્શાવે છે. નાગરિકો એકબીજાના ખબે ખભો મિલાવી મદદ દોડી આવ્યા હતા. મૃતકમાં કોણ હતું તે નહીં, પરંતુ આ આપણા જ લોકો છે તેમ સમજીને લોકોએ મદદ કરી શકે તંત્રના ખબે ખભા મિલાવી એક બાદ એક મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા લોકોએ માનવ સાંકળતો રચી હતી પરંતુ તેની પાછળનો આશય માત્રને માત્ર માનવતા હતી. તંત્ર પરનો વિશ્વાસ પૂલ સાથે ભલે તૂટી ગયો હોય, પરંતુ માનવતા હજુ પણ અડગ છે.







તસવીરો : કેયૂર ભાટિયા

### આ ચાર વર્ષની બાળકીનો શું વાંક હતો?

### બાળકીના મૃતદેહને ઊંચકીને જતાં પોલીસકર્મીના પણ હાથ ધ્રૂજ્યાં





## સ્થાનિકોની મદદ વગર રેસ્ક્યૂ શક્ય જ ન હતું

મહીસાગર નદીમાં ૫ વાહનો ખાબકતા ૧૩ વ્યક્તિઓના મૃત્યુ થયા હતા. ઘટના બાદ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું જો કે આ ઘટનામાં સ્થાનિક લોકોની મદદ ખુબ કામ લાગી હતી. એક તરફ નદીનો પ્રવાહ હતો તો બીજી તરફ નદી કાંઠે કીચડના કારણે રેસ્ક્યુ કરવું અને ગાડીઓને બહાર કાઢવી મુશ્કેલ હતી જેમાં સ્થાનિકોની મદદથી આ રેસ્ક્યુ પર પાડવામાં આવ્યું હતું.







પૂલ તૂટતા જ ઉપરથી પસાર થઈ રહેલી રિક્ષા, પિકઅપ વાન તેમજ ઈકો ગાડી નદીમાં ખાબકી હતી, જે વાહનોને બાદમાં સ્થાનિકોની મદદથી બહાર કાઢવામાં આવ્યા









નદીના કિનારે પાણીમાં કાદવ થઈ ગયો હોવાથી તેમાં પગ ઘૂંટણ સુધી ખૂંપી જતા હતા. તેમ છતાં ગ્રામજનોએ જીવના જોખમે પણ લોકોનો જીવ બચાવ્યો. જરૂર પડ્યે સ્થાનિકોએ માનવસાંકળ રચીને પણ નદીમાં પડેલા વાહનોને બહાર કાઢવામાં મદદ કરી ફાયર બ્રિગેડની ટીમ પણ સાથે રાહત કામગીરીમાં જોડાઈ હતી અને વડોદરા જિલ્લાના કલેક્ટર અનિલ ધામોલિયા પોતે પણ ઘૂંટણસમાં કાદવમાં નિરીક્ષણ કરવા ઊભા રહ્યા.



વિદેશીઓ માટે કોઈ સિટિઝનશિપ ઓફર નહીં : UAE ગોલ્ડન વિઝા સ્કેમ

# ભારતીયો માટે ૨૩ લાખમાં યુએઈના ગોલ્ડન વિઝાના સમાચાર તદ્દન ખોટા

## સરકારની ચેતવણી: અહેવાલને અફવા તેમજ ગેરમાર્ગે દોરનારો ગણાવ્યો




દુબઈ, તા.૯

યુએઈ દ્વારા ૨૩ લાખમાં ભારતીયોને કાયમી વસવાટનો વિકલ્પ આપતાં ગોલ્ડન વિઝાનો રિપોર્ટ ખોટો ઠર્યો છે. આઈડેન્ટિટી, સિટિઝનશીપ, કસ્ટમ્સ એન્ડ પોર્ટ સિક્યોરિટી માટેની ફેડરલ ઓથોરિટીએ પ્રેસ કોન્ફરન્સ યોજી આ અહેવાલને અફવા તેમજ ગેરમાર્ગે દોરનારો ગણાવ્યો છે. ૨૩ લાખ રૂપિયામાં ગોલ્ડન વિઝા મળવાના સમાચાર તદ્દન ખોટા હોવાનું ઈમિગ્રેશન વકીલે જણાવ્યું છે. અજમેરા લૉ ગ્રૂપના ઈમિગ્રેશન એટર્ની પ્રશાંત અજમેરાએ જણાવ્યું હતું કે, આ સમાચાર તદન ખોટા છે. ભારતીયો સાથે છેતરપિંડી કરવાના ભાગરૂપે આ અફવા ફેલવવામાં આવી છે. અમુક કંપનીઓ ભારતીયોને ટાર્ગેટ કરી રહ્યા છે. કારણકે, મોટાભાગના ભારતીયો વિદેશ સ્થાયી થવા માગે છે. ગોલ્ડન વિઝા માટે અન્યો પાસે યુએઈ કરોડો રૂપિયાનું રોકાણ કરાવે છે, તો તે સાવ નજીવી રૂ. ૨૩ લાખની રકમમાં કેવી રીતે કાયમી વસવાટની મંજૂરી આપી શકે?રૈયાદ ગ્રૂપ તરીકે ઓળખાતી કન્સલ્ટન્સીએ પ્રેસ રીલિઝ જાહેર કરી દાવો કર્યો હતો કે, યુએઈના નોમિનેશન આધારિત ગોલ્ડન વિઝા માટે અરજદારોએ હવે પ્રોપર્ટીમાં કરોડો રૂપિયામાં રોકાણ કરવાની જરૂર પડશે નહીં. માન્ય અરજદારને માત્ર ૨૩.૩ લાખમાં કાયમી વસવાટ માટે મંજૂરી મેળવી શકશે. આ રીલિઝ વિઝા પ્રોસેસિંગ કંપની VFS ગ્લોબલના નામે સર્ક્યુલેટ કરવામાં આવી હતી.

ઓડિયો હસિના વિરુદ્ધ પુરાવા તરીકે રજૂ કરાશે

# 'જ્યાં મળે ત્યાં ગોળી મારી દો' બાંગ્લાદેશના પૂર્વ પીએમ શેખ હસીનાનો ઓડિયો વાયરલ

## વિરોધ પ્રદર્શન નોકરીઓમાં અનામત વિરુદ્ધ શરૂ થયું હતું

ઢાકા, તા.૯

બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાએ ગયા વર્ષના મોટા વિદ્યાર્થી વિરોધ પ્રદર્શનો દરમિયાન સુરક્ષા દળોને ગોળી મારવાનો આદેશ આપ્યો હતો. આ દાવો એક લીક થયેલા ઓડિયો કોલમાં કરવામાં આવ્યો છે, જેની એક ખાનગી મીડિયા દ્વારા પુષ્ટિ કરવામાં આવી છે. આ રેકોર્ડિંગમાં શેખ હસીનાને પ્રદર્શનકારીઓ વિરુદ્ધ જીવલેણ હથિયારોના ઉપયોગને મંજૂરી આપતા સાંભળી શકાય છે. તેઓ કહે છે કે, 'જ્યાં પણ મળે, ત્યાં ગોળી મારી દો.'ખાનગી મીડિયા અનુસાર, આ લીક થયેલો ઓડિયો શેખ હસીનાના ફોનમાંથી મળી આવ્યો હતો, જેની ચકાસણી પણ કરવામાં આવી છે. આ ઓડિયો વિશે એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે શેખ હસીનાએ પોતે જ બાંગ્લાદેશમાં 'શૂટ એટ સાઈટ'નો આદેશ આપ્યો હતો.આ વિરોધ પ્રદર્શન સરકારી નોકરીઓમાં અનામત સિસ્ટમ વિરુદ્ધ શરૂ થયું હતું, પરંતુ થોડા જ દિવસોમાં તે દેશભરમાં ઉગ્ર આંદોલનમાં ફેરવાઈ ગયું. આ જનવિરોધના કારણે અંતે શેખ હસીનાને સત્તા પરથી હટવું પડ્યું., આ દમનમાં લગભગ ૧૪૦૦ લોકો માર્યા ગયા હતા, જે ૧૯૭૧ના યુદ્ધ પછીની સૌથી ભયંકર રાજકીય હિંસા હતી.શેખ હસીના વિરુદ્ધ માનવતા વિરુદ્ધના અપરાધ, ઉશ્કેરણી, ષડયંત્ર અને નરસંહારના આદેશ આપવા જેવા ગંભીર આરોપો છે. તેઓ સરકાર પડતા પહેલા ભારત ભાગી ગયા હતા. ઢાકાએ પ્રત્યાર્પણની માંગ કરી છે, પરંતુ ભારતે હજુ સુધી તેમને સોંપ્યા નથી. તેમના પાછા ફરવાની શક્યતા ખૂબ ઓછી માનવામાં આવે છે. એવામાં હવે આ ઓડિયો પણ શેખ હસિના વિરુદ્ધ પુરાવા તરીકે રજૂ કરવામાં આવશે.

નામિબિયાની પ્રથમ અને ભારતના પ્રધાનમંત્રીની ત્રીજી મુલાકાત

# પીએમ મોદીને ઑર્ડર ઑફ ધ મોસ્ટ એન્સિયન્ટ વેલવિટ્શિયા મિરાબિલિસથી નવાજવામાં આવ્યા

## વિદેશી સરકાર દ્વારા તેમને આપવામાં આવેલો ૨૭મો આંતરરાષ્ટ્રીય સન્માન

વિન્ડહોક, તા.૯

વડાપ્રધાન મોદીને બુધવારે નામિબિયાના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ઓર્ડર ઓફ ધ મોસ્ટ એન્સિયન્ટ વેલવિટ્શિયા મિરાબિલિસ'થી નવાજવામાં આવ્યા. પીએમ મોદી તેમની પાંચ દેશોની મુલાકાતના છેલ્લા તબક્કામાં નામિબિયામાં છે. આ પ્રધાનમંત્રી મોદીની નામિબિયાની પ્રથમ અને ભારતના પ્રધાનમંત્રીની ત્રીજી મુલાકાત છે.પ્રધાનમંત્રી મોદીને નામિબિયા દ્વારા સર્વોચ્ચ નાગરિક સન્માન પણ એનાયત કરવામાં આવ્યું છે. પીએમ મોદીને બુધવારે નામિબિયાના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ઓર્ડર ઓફ ધ મોસ્ટ એન્સિયન્ટ વેલવિટ્શિયા મિરાબિલિસ'થી નવાજવામાં આવ્યા. મે ૨૦૧૪ માં વડા પ્રધાન મોદી દ્વારા પદ સંભાળ્યા પછી વિદેશી સરકાર દ્વારા તેમને આપવામાં આવેલો આ ૨૭મો આંતરરાષ્ટ્રીય સન્માન છે. જેના પગલે બંને દેશોએ ઊર્જા અને આરોગ્યસંભાળ સહિત અનેક ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને વેગ આપવા માટે ચાર કરારો પર હસ્તાક્ષર કર્યા હતા. રાષ્ટ્રપતિ ડૉ. નેતુમ્બો નંદી-ન્દૈતવાહએ જણાવ્યું હતું કે નામિબિયાના બંધારણ દ્વારા મને મળેલી સત્તા હેઠળ, મને ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને 'ઓર્ડર ઓફ ધ મોસ્ટ એન્સિયન્ટ વેલ્વિટ્શિયા મિરાબિલિસ' એનાયત કરવાનો સન્માન પ્રાપ્ત થયો છે.

### નામિબિયામાં PM મોદીને ૨૧ તોપોની સલામી

PM નરેન્દ્ર મોદી બુધવારે દક્ષિણ આફ્રિકાના દેશ નામિબિયાની મુલાકાતે છે. રાજધાની વિન્ડહોક સ્થિત સ્ટેટ હાઉસ ખાતે નામિબિયાના રાષ્ટ્રપતિ ડૉ. નેતુમ્બો નંદી-ન્દૈત્વે વડાપ્રધાન મોદીનું સ્વાગત કર્યું. વડાપ્રધાન મોદીને ૨૧ તોપોની સલામી આપવામાં આવી. તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું. વિન્ડહોક એરપોર્ટ પર ઉતર્યા બાદ, પરંપરાગત નૃત્ય સાથે મોદીનું સ્વાગત કરવામાં આવ્યું. વડાપ્રધાને કલાકારો સાથે ઢોલ પણ વગાડ્યા. PM મોદી ૨૭ વર્ષ પછી નામિબિયાની મુલાકાત લેનારા ભારતીય પ્રધાનમંત્રી છે. પીએમ મોદી પહેલાં, તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી ૧૯૯૮માં નામિબિયાની મુલાકાતે ગયા હતા. અગાઉ ૧૯૯૦માં, તત્કાલીન PM વીપી સિંહ, ભૂતપૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધી અને ઘણા ઉચ્ચ કક્ષાના નેતાઓ સ્વતંત્રતા દિવસ પર નામિબિયાની મુલાકાતે ગયા હતા.

## અરાઉન્ડ ધ વર્લ્ડ

### ખેડૂત નેતાઓ પર ઈડી ત્રાટકી અનેકના નિવાસે દરોડા પાડ્યા

મોગા:એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટે બુધવારે પંજાબમાં ખેડૂત સંગઠનના વિવિધ નેતાઓના નિવાસ સ્થાને અને ઓફિસોમાં દરોડા પાડ્યા છે. ભારતીય કિસાન યુનિયન (ટોટેવાલ)ના અધ્યક્ષ સુખગિલ સહિત પંજાબના અનેક ખેડૂત નેતાઓ સામેલ છે. હાલ કેન્દ્રીય તપાસ એજન્સીઓના અધિકારીઓએ સ્પષ્ટતા આપી નથી કે, તેમણે ક્યાં આરોપોસર ખેડૂત નેતાઓ વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પંજાબના મોગા જિલ્લાના ટોટા સિંહ વાલા ગામનો રહેવાસી સુખગિલ આશરે ૧૨ વર્ષ પહેલાં ઓર્કેસ્ટ્રામાં ડાન્સર હતાં અને લગ્ન સમારોહમાં પણ ડાન્સ કરતાં હતાં. તે પંજાબી ફિલ્મોમાં અભિનેતા પણ રહ્યા છે.

### ૨૩ વર્ષથી ફરાર મોનિકા કપૂરની યુએસમાં ધરપકડ : ભારત લવાશે

નવીદિલ્હી: CBIએ કથિત આર્થિક ગુનેગાર મોનિકા કપૂરની અમેરિકાથી ધરપકડ કરી છે. ૨૩ વર્ષથી ફરાર મોનિકાને સીબીઆઈ ટીમ ભારત લાવશે. આને ભારતીય એજન્સીઓની મોટી સફળતા તરીકે જોવામાં આવી રહી છે. મોનિકા કપૂર ૨૦૦૨ના આયાત-નિકાસ છેતરપિંડીના કેસમાં મુખ્ય આરોપી હતી.મોનિકા ઓવરસીઝની માલિક મોનિકા કપૂરે તેના બે ભાઈઓ રાજન ખન્ના અને રાજીવ ખન્ના સાથે મળીને શિપિંગ બિલ, ઈન્વોઈસ અને બેંક સર્ટિફિકેટ જેવા નકલી દસ્તાવેજો તૈયાર કર્યા હતા. આ નકલી દસ્તાવેજોના આધારે, તેણે ૬ રિપ્લેનિશમેન્ટ લાઈસન્સ મેળવ્યા હતા, જેની મદદથી ૨.૩૬ કરોડનું ડ્યુટી-ફ્રી સોનું આયાત કરવામાં આવ્યું હતું.

### ફ્રાન્સમાં દાવાનળ : જંગલ બળીને રાખ, એરપોર્ટ-રેલવે સેવા બંધ કરાઈ

પેરિસ: દક્ષિણી ફ્રાન્સમાં લાગેલી ભીષણ આગ દિન-પ્રતિદિન ઘાતક સ્વરૂપ લઈ રહી છે. આ આગ ૨૦૦૦ હેક્ટર સુધી ફેલાઈ ગઈ છે અને ભયાનક થઈ ચુકી છે કે, તેનો પ્રભાવ ફ્રાન્સના મોટો શહેર માર્સિલે સુધી જોવા મળી રહ્યો છે. જોકે, સરકારે આગના વધતા પ્રભાવને જોતા માર્સિલે એરપોર્ટ બંધ કરાવી દીધું છે, આ સિવાય તમામ ફ્લાઈટ પર તાત્કાલિક રોક લગાવી દીધી છે. મળતી માહિતી મુજબ, આ આગ પિન-મિરાબો નામની જગ્યાએથી શરૂ થઈ હતી, જે માર્સિલે શહેર પાસે સ્થિત છે. આગ એટલી ઝડપથી ફેલાઈ રહી છે કે, રેલ સેવા પણ રોકી દેવામાં આવી છે અને અનેક પ્રમુખ રસ્તા પણ બંધ કરી દેવાયા છે.

### ઉજ્જૈનમાં શ્રાવણના બધા સોમવારે શાળાઓમાં રજા જાહેર : કલેક્ટર

ઉજ્જૈન : સાવના મહિનાની શરૂઆત થવામાં ફક્ત થોડા કલાકો બાકી છે અને આ મહિનો ધાર્મિક દ્રષ્ટિકોણથી ખૂબ જ ખાસ માનવામાં આવે છે. મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં સાવનના બધા સોમવારે શાળાઓ બંધ રહેશે. ઉજ્જૈન જિલ્લા કલેક્ટર દ્વારા આ જાહેરાત કરવામાં આવી હતી. તે જ સમયે, ઉજ્જૈનમાં જિલ્લા કલેક્ટર દ્વારા લેવામાં આવેલા આ નિર્ણય પર રાજકારણીઓની ટિપ્પણીઓ પણ સામે આવી હતી. કલેક્ટર દ્વારા આ જાહેરાત કરવામાં આવી હતી. શ્રાવણ મહિનામાં દેવોના દેવ મહાદેવની પૂજા કરવામાં આવે છે. કલેક્ટર દ્વારા શ્રાવણના તમામ સોમવારે શાળાઓમાં રજાની જાહેરાત અંગે કોંગ્રેસના નિવેદન પર, ભાજપના ધારાસભ્ય એ કહ્યું, "... કોંગ્રેસ ફક્ત આતંકવાદીઓને બિરયાની ખવડાવવામાં વ્યસ્ત છે.

પૃથ્વી પર લઈને આવ્યા બાદ એના પર રિસર્ચ થશે

# શુભાંશુએ અંતરિક્ષમાં મગ અને મેથી ઉગાડ્યાં

## અંતરિક્ષમાં કંઈ ઇજા થઈ હોય તો સાજા થવા માટે સ્ટેમ સેલના રિસર્ચનું પણ મિશન



નવી દિલ્હી, તા.૯

ભારતીય અંતરિક્ષયાત્રી શુભાંશુ શુક્લાને સ્પેસમાં મગ અને મેથી ઉગાડવામાં સફળતા મળી છે. ભારતીય ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા એક્સિયમ-૪ મિશન હેઠળ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર ગયા છે. તેઓ ત્યાં ઘણાં એક્સપેરિમેન્ટ્સ કરી રહ્યાં છે. એમાંથી એક એક્સપેરિમેન્ટ ઝીરો ગ્રેવિટીમાં છોડ ઉગાડવાનો હતો. એ એક્સપેરિમેન્ટમાં હવે સફળતા મળી છે અને એને હવે ધરતી પર લાવી એના પર રિસર્ચ કરવામાં આવશે. અંતરિક્ષમાં ખેતી કેવી રીતે કરવી એ અંતરિક્ષયાત્રી માટે સૌથી મોટો વિષય છે. અંતરિક્ષમાં ભોજનની સૌથી વધુ તકલીફ પડે છે. તેમણે પ્રોસેસ્ડ ફૂડ પર આધાર રાખવો પડે છે. ફ્રોઝન ફૂડ પર નિર્ભર રહેવું પડે છે. જો અંતરિક્ષમાં નાના-મોટા બીજને ઉછેરી શકાતો હોય તો એ અંતરિક્ષયાત્રીને ઘણો ફાયદો થઈ શકે છે. તેઓ અંતરિક્ષમાં પણ તાજું ખાવાનું આરોગી શકે છે. આથી આ બીજને જમીન પર લાવ્યા બાદ એમાં શું બદલાવ આવ્યો એના પર રિસર્ચ કરવામાં આવશે. ઝીરો ગ્રેવિટીમાં ઉગાડેલી વસ્તુ ખાવા લાયક છે કે નહીં એ પણ ચેક કરવી જરૂરી છે.છોડ ઉગાડ્યા બાદ શુભાંશુ શુક્લા માઈક્રોગ્રેવિટીમાં માઈક્રોએલ્ગીના ત્રણ જુદા જુદા સ્ટ્રેન્સનું પરીક્ષણ પણ કરશે. માઈક્રોએલ્ગીનો ઉપયોગ ફૂડ, ફ્યુઅલ અને ઑક્સિજન જનરેશનમાં થઈ શકે છે.

### મિશન ગગનયાનને મોટી સફળતા મળી, એન્જિનનું ગરમ પરીક્ષણ સફળ

ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઈસરો) તરફથી મિશન ગગનયાન અંગે એક મહત્વપૂર્ણ અપડેટ આવી છે. ઈસરોએ ગગનયાન સર્વિસ મોડ્યુલ પ્રોપલ્શન સિસ્ટમનું ટૂંકા ગાળાનું ગરમ પરીક્ષણ સફળતાપૂર્વક કર્યું છે.ઈસરોએ ૩ જુલાઈ, ૨૦૨૫ના રોજ મહેન્દ્રગિરીમાં ઈસરો પ્રોપલ્શન કોમ્પ્લેક્સ ખાતે ગગનયાન સર્વિસ મોડ્યુલ પ્રોપલ્શન સિસ્ટમના બે હોટ ટેસ્ટ સફળતાપૂર્વક કર્યા. પરીક્ષણ સામગ્રીના રૂપરેખાંકનને માન્ય કરવા માટે ૩૦ સેકન્ડ અને ૧૦૦ સેકન્ડ માટે બે ટૂંકા ગાળાના થર્મલ ટેસ્ટ કરવામાં આવ્યા. આ થર્મલ ટેસ્ટ દરમિયાન પ્રોપલ્શન સિસ્ટમનું એકંદર પ્રદર્શન પૂર્વ-પરીક્ષણ આગાહીઓ મુજબ સામાન્ય રહ્યું. ૧૦૦ સેકન્ડના ટેસ્ટ દરમિયાન, બધા લિક્વિડ એપોજી મોટર એન્જિન તેમજ તમામ રિએક્શન કંટ્રોલ સિસ્ટમ થ્રસ્ટર્સનું વિવિધ મોડ્સ (સ્થિર સ્થિતિ; પલ્સ્ડ) માં એક સાથે ઓપરેશન પણ સફળતાપૂર્વક દર્શાવવામાં આવ્યું. ઈસરોનું લિક્વિડ પ્રોપલ્શન સિસ્ટમ્સ સેન્ટર ગગનયાન એસએમપીએસ માટે ટેકનોલોજી વિકાસ પ્રવૃત્તિઓનું નેતૃત્વ કરી રહ્યું છે. એસએમપીએસ ગગનયાન ઓર્બિટલ મોડ્યુલની એક મહત્વપૂર્ણ સિસ્ટમ છે .

૨૦૦થી વધુ નેવીના કર્મચારીઓ તહેનાત કરી શકાય

# ઈન્ડિયન નેવીને સ્વદેશી ડાઈવિંગ સપોર્ટ વેસલ 'નિસ્તાર' મળ્યું, રેસ્ક્યૂ ઓપરેશનમાં મદદ મળશે

## ૮૦% સ્વદેશી ટેકનોલોજી અને સામગ્રીથી બનેલું

નવી દિલ્હી, તા.૯

ઈન્ડિયન નેવી પોતાની શક્તિને વધુ મજબૂત બનાવવા જઈ રહી છે. ૮ જુલાઈ, ૨૦૨૫ના રોજ વિશાખાપટ્ટનમમાં હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડે ઈન્ડિયન નેવીને પ્રથમ સ્વદેશી ડાઈવિંગ સપોર્ટ જહાજ 'નિસ્તાર' સોંપ્યું. આ જહાજ ભારતમાં જ ડિઝાઈન કરવામાં આવ્યું છે અને બનાવવામાં આવ્યું છે. તે માત્ર એક સહાયક જહાજ નથી, પરંતુ એક સાયલન્ટ કિલર છે જે સમુદ્રમાં દુશ્મનની કોઈપણ ચાલને નિષ્ફળ બનાવે છે.નિસ્તારએ ઊંડા સમુદ્રમાં ડાઈવિંગ અને બચાવ કામગીરી માટે રચાયેલુ યુદ્ધ જહાજ છે. તેનું નામ સંસ્કૃત શબ્દ 'નિસ્તાર' પરથી આવ્યું છે, જેનો અર્થ મુક્તિ, બચાવ અથવા મુક્તિ થાય છે. તે એક ખાસ ટેકનોલોજી ધરાવતું જહાજ છે જે વિશ્વ થોડા દેશ પાસે જ છે.દ્રજી નિસ્તાર ઈન્ડિયન નેવીનું પહેલું ડેડીકેટેડ ડાઈવિંગ સપોર્ટ જહાજ હશે, જેનો ઉપયોગ કટોકટીમાં કોઈપણ સબમરીનને બચાવવા માટે કરવામાં આવશે. આ જહાજ લગભગ ૮૦% સ્વદેશી ટેકનોલોજી અને સામગ્રીથી બનેલું છે. તેનું વજન ૯૩૫૦ ટન છે અને તે ૧૨૦ મીટર લાંબુ છે.INS નિસ્તારમાં ૨૦૦થી વધુ નેવીના કર્મચારીઓ તૈનાત કરી શકાય છે અને તે બંદર પર પાછા ફર્યા વિના ૬૦ દિવસ સુધી સમુદ્રમાં કાર્ય કરી શકે છે. તે ડીપ સબમર્જન્સ રેસ્ક્યુ વ્હીકલથી સજ્જ છે, જે સમુદ્રમાં ૬૫૦ મીટર ઊંડાઈ સુધી જઈ શકે છે અને કોઈપણ ફસાયેલી સબમરીનના સૈનિકોને બચાવી શકે છે. તેમાં હેલિકોપ્ટરની સુવિધા પણ છે, જેથી કટોકટીમાં રાહત અને બચાવ કાર્ય ઝડપથી થઈ શકે.અત્યાર સુધી ઈન્ડિયન નેવીને સબમરીન અકસ્માતો અથવા બચાવ મિશનમાં દ્રલ્ઝ અથવા ખાનગી કંપનીઓ પર આધાર રાખવો પડતો હતો.

તાજેતરમાં જ ભાષાનો વિવાદ ચરમસીમાએ પહોંચી રહ્યો છે

# મહારાષ્ટ્રમાં વિપક્ષનો અવાજ દબાવાઈ રહ્યો છે : આદિત્યનો સુપ્રીમ કોર્ટને પત્ર

## મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આનો જવાબ આપવો જોઈએ



મુંબઈ, તા.૯


આ દિવસોમાં હિન્દી વિરુદ્ધ મરાઠીને લઈને મહારાષ્ટ્રનું રાજકારણ ગરમાયું છે. દરમિયાન, શિવસેના (યુબીટી) નેતા આદિત્ય ઠાકરેએ મહારાષ્ટ્ર વિધાનસભામાં વિપક્ષનો અવાજ દબાવવાનો ગંભીર આરોપ લગાવ્યો છે, જેના સંદર્ભમાં તેમણે સુપ્રીમ કોર્ટને પત્ર લખ્યો છે.

આદિત્યએ ન્યાયાધીશ ભૂષણ રામકૃષ્ણ ગવઈને મળ્યા અને તેમને આ પત્ર સોંપ્યો. જેમાં તેમણે કહ્યું છે કે મહારાષ્ટ્ર વિધાનસભાની કાર્યવાહી યોગ્ય રીતે ચાલી રહી નથી અને વિપક્ષનો અવાજ સતત દબાવવામાં આવી રહ્યો છે. પત્રમાં આદિત્ય ઠાકરેએ ઉલ્લેખ કર્યો છે કે વિપક્ષ પાસે સતત ચાર સત્રો માટે નેતા નથી, જે લોકશાહી માટે ગંભીર ચિંતાનો વિષય છે. તેમણે એ પણ જણાવ્યું કે શાસક પક્ષ વિધાનસભામાં ઉઠાવવામાં આવતા જાહેર હિતના મુદ્દાઓથી કેવી રીતે ડરી જાય છે અને વિપક્ષના વિચારોને દબાવવાનો પ્રયાસ કરે છે. આ સાથે, આદિત્ય ઠાકરેએ શિવસેના (ઉદ્ધવ જૂથ) અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ (શરદ પવાર જૂથ) સંબંધિત મુદ્દાઓ પણ સીજેઆઈ સમક્ષ ઉઠાવ્યા છે. બીજી તરફ, મીરા રોડ પર તાજેતરમાં થયેલા રમખાણો અંગે, ઠાકરેએ કહ્યું કે તેઓ હિંસા કે હિંસાને સમર્થન આપતા નથી. મરાઠી સમાજના મોરચે ધરપકડ કેમ કરવામાં આવે છે? મરાઠી લોકોના શાંતિપૂર્ણ આંદોલનને આતંકવાદીઓ સાથે જોડવું એ સંપૂર્ણ અન્યાય છે અને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આનો જવાબ આપવો જોઈએ.

પાક. એન્ટરટેઇનમેન્ટ ઇન્ડસ્ટ્રી તરફથી ચોંકાવનારા સમાચાર

# પાક. એક્ટ્રેસની લાશ ઘરમાંથી મળી બે અઠવાડિયાથી શબ સડી રહ્યું હતું

## ૩૨ વર્ષીય હુમૈરા કરાચી સ્થિત એપાર્ટમેન્ટમાં રહેતી હતી



કરાચી, તા.૯

પાકિસ્તાની એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રી તરફથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. એક્ટ્રેસ હુમૈરા અસગર અલીએ પોતાના એપાર્ટમેન્ટમાં મૃત હાલતમાં મળી આવી હતી. હુમૈરા ૩૨ વર્ષની હતી અને કરાચી સ્થિત ડિફેન્સ હાઉસિંગ ઓથોરિટીના એક એપાર્ટમેન્ટમાં રહેતી હતી, જ્યાં તેનો મૃતદેહ મળી આવ્યો છે.

એક્ટ્રેસનું મોત ૨ અઠવાડિયા પહેલાં થઈ ચુક્યું હતું પરંતુ, આ વિશે કોઈ જાણ નહતી થઈ.હુમૈરા અસગર અલી પાકિસ્તાની એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીનું જાણીતું નામ હતી. તેણે નાની ઉંમરમાં પોતાની ઓળખ બનાવી લીધી હતી. ૭ જુલાઈએ જ્યારે તેના મોતની ખબર સામે આવે છે, તો તમામ લોકો ચોંકી ગયા હતા. આ મુદ્દે DIG સૈયદ અસદ રઝાએ જણાવ્યું કે, 'અલીનો મૃતદેહ ફેઝ-ફૈંમાં ઈત્તેહાદ કોમર્શિયલના એક ફ્લેટમાંથી મળી આવ્યો હતો. તેનો મૃતદેહ કોહવાયેલી હાલતમાં મળી આવ્યો હતો. તેણે એમ પણ કહ્યું કે 'તેનું મૃત્યુ બે અઠવાડિયા પહેલા થયું હતું, પરંતુ નજીકમાં રહેતા લોકોને તેની જાણ ન હતી થઈ. સ્થાનિક કોર્ટના આદેશ પર ગિઝરી પોલીસ એપાર્ટમેન્ટ ખાલી કરવા માટે ઘટનાસ્થળે પહોંચી હતી. જ્યારે પોલીસે બપોરે ૩:૧૫ વાગ્યે દરવાજો ખખડાવ્યો, ત્યારે કોઈએ જવાબ આપ્યો નહીં.

ત્યાર બાદ પોલીસે તાળું તોડીને એપાર્ટમેન્ટમાં પ્રવેશ કર્યો, જ્યાં તેનો મૃતદેહ મળી આવ્યો. પુરાવા એકત્રિત કરવા માટે પોલીસના ક્રાઈમ સીન યુનિટને ઘટનાસ્થળે બોલાવવામાં આવ્યું હતું. એક્ટ્રેસ એપાર્ટમેન્ટમાં ભાડા પર રહેતી હતી. તેણે ૨૦૨૪થી મકાનમાલિકને ભાડું આપવાનું બંધ કરી દીધું હતું, ત્યાર બાદ કોર્ટે તેને ઘર ખાલી કરવાનો આદેશ આપ્યો હતો.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એક સંવાદમાં જણાવ્યું

# નિવૃત્તિ બાદ મારું જીવન વેદો, ઉપનિષદો અને પ્રાકૃતિક ખેતીને સમર્પિત કરી દઈશ

## શાહે સહકારી ક્ષેત્રની મહિલાઓ સાથે સંવાદ કર્યો હતો



નવી દિલ્હી, તા.૯

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બુધવારે આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ નિમિત્તે ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનના સહકારી ક્ષેત્રની મહિલાઓ અને અન્ય સહકારી કાર્યકરો સાથે સંવાદ કર્યો હતો. જેમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાન મોદીના નેતૃત્વ હેઠળની સરકારમાં સહકારી ક્ષેત્ર મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે એક મજબૂત માધ્યમ બન્યું છે.

અમિત શાહે કાર્યક્રમમાં બનાસકાંઠાનો ઉલ્લેખ કરી કહ્યું કે, 'જ્યારે મારો જન્મ થયો ત્યારે બનાસકાંઠાના લોકોને અઠવાડિયામાં ફક્ત એક જ વાર નહાવા માટે પાણી મળતું હતું. મધ્યપ્રદેશ અને રાજસ્થાનના લોકો કદાચ આ વાતથી વાકેફ નહીં હોય, પરંતુ બનાસકાંઠા અને કચ્છ ગુજરાતના સૌથી વધુ પાણીની અછત ધરાવતા જિલ્લાઓમાંના એક હતા. આજે એક પરિવાર ફક્ત દૂધ ઉત્પાદનમાંથી વાર્ષિક એક કરોડ રૂપિયાની કમાણી કરે છે, જે એક મોટો ફેરફાર છે. મેં નિર્ણય કર્યો છે કે, નિવૃત્તિ બાદ હું મારું બાકીનું જીવન વેદ, ઉપનિષદ અને પ્રાકૃતિક ખેતીના અભ્યાસમાં સમર્પિત કરી દઈશ.

પ્રાકૃતિક ખેતી એક વૈજ્ઞાનિક પ્રયોગ છે, જેના અનેક ફાયદા છે. જેમ કે, રાસાયણિક ખાતરોથી ઉગાડેલા ઘઉં ક્યારેક કેન્સર, હાઈ બીપી, ડાયાબિટીસ અને થાઈરોઈડને લગતી આરોગ્યની સમસ્યાઓ સર્જે છે, જ્યારે પ્રાકૃતિક ખેતી શરીરને રોગમુક્ત રાખવાની સાથે કૃષિ ઉત્પાદકતા પણ વધારે છે.

વિમાન ઝાડ પર પડ્યા બાદ આગ લાગી હતી

# રાજસ્થાનના ચુરુમાં વાયુસેનાનું વિમાન તૂટી પડ્યું:એકનું મોત

ચુરુ, તા.૯

બુધવારે રાજસ્થાનના ચુરુના રતનગઢ વિસ્તારના ભાનુડા ગામમાં વિમાન દુર્ઘટનાના સમાચાર સામે આવ્યા છે. ઘટના બાદ તરત જ પોલીસ અને વહીવટીતંત્રની ટીમો ઘટનાસ્થળે રવાના થઈ ગઈ છે. ગ્રામજનોની માહિતી મુજબ, આકાશમાં જોરદાર અવાજ બાદ ખેતરોમાં આગ અને ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો.કાટમાળ નજીકથી એક મૃતદેહ મળી આવ્યો છે. જે સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત હાલતમાં મળી આવ્યો છે. સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા મૃતદેહની ઓળખ કરવાની પ્રક્રિયા કરવામાં આવી રહી છે. અકસ્માતના સમાચાર ફેલાતા જ રતનગઢમાં હંગામો મચી ગયો હતો. કલેક્ટર અભિષેક સુરાણા અને સ્થાનિક પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા.ગ્રામજનોએ જણાવ્યું હતું કે વિમાન દુર્ઘટના પછી તરત જ ખેતરોમાં આગ લાગી હતી, જેને ગ્રામજનોએ જાતે જ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો. ઘટનાના વિગતવાર કારણોની તપાસ ચાલુ છે. આ ઘટનાના વિગતવાર કારણોની પુષ્ટિ સેના દ્વારા કરવામાં આવશે. એવું કહેવાય છે કે વિમાન ઝાડ પર પડ્યું હતું. જેના કારણે ઝાડ પણ સંપૂર્ણપણે બળી ગયું હતું. જે જગ્યાએ વિમાન ક્રેશ થયું તે રણ વિસ્તાર છે.ચુરુ એસપી જય યાદવે જણાવ્યું હતું કે સેનાનું વિમાન ક્રેશ થયું છે. વિમાન ઝાડ પર પડ્યું હતું. જેના કારણે ઝાડ પણ બળી ગયું હતું. સેનાની ટીમ પણ અકસ્માત સ્થળે પહોંચી ગઈ છે. હાલમાં સેનાની ટીમ વિમાનનો કાટમાળ એકત્ર કરવાનું કામ કરી રહી છે.

કોઇ X એકાઉન્ટ બ્લોક કરવાનો આદેશ આપ્યો નથી : કેન્દ્ર

# ૨૩૦૦ એકાઉન્ટ બ્લોક કરવાનો ભારતનો આદેશ હતો : Xનો દાવો

## Xએ સરકાર પર પ્રેસ સેન્સરશીપનો પણ આક્ષેપ કર્યો




નવી દિલ્હી, તા.૯

ભારત સરકારે ઈન્ટરનેશનલ ન્યૂઝ એજન્સી રોઈટર્સ સહિતના આશરે ૨૩૦૦ એકાઉન્ટ બ્લોક કરવાનો આદેશ આપ્યો હોવાના માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ Xના દાવાને ફગાવી દેતા સરકારે જણાવ્યું તેને એકાઉન્ટ બ્લોક કરવાના કોઈ નવા આદેશ આપ્યા નથી.

સરકારે પ્રેસ સેન્સરશીપના આક્ષેપોને પણ ફગાવી દીધાં હતાં. ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલયે જણાવ્યું કે સરકારે ૩ જુલાઈ ૨૦૨૫એ કોઈ એકાઉન્ટ બ્લોક કરવાનો કોઈ આદેશ જારી કર્યો ન હતો અને સરકાર રોઈટર્સ અને રોઈટર્સવર્લ્ડ સહિત કોઈપણ અગ્રણી આંતરરાષ્ટ્રીય ન્યૂઝ ચેનલોને બ્લોક કરવાનો કોઈ ઈરાદો ધરાવતી નથી. ભારતમાં X પ્લેટફોર્મ પર રોઈટર્સ અને રોઈટર્સવર્લ્ડને બ્લોક કરવામાં આવ્યાં કે તરત જ સરકારે 'X'ને અનબ્લોક કરવાનો પત્ર લખ્યો હતો. અગાઉ મસ્કની માલિકીની આ વેબસાઈટે દાવો કર્યો હતો કે સરકારની કાનૂની માંગને કારણે રોઈટર્સનું X એકાઉન્ટ ભારતમાં બંધ કરાયું છે. ઉલ્લેખનીય છે કે ઓપરેશન સિંદૂર વેળા સરકારે ચોક્કસ એકાઉન્ટ્સને બ્લોક કરવાનો આદેશ આપ્યો હતો.

શહેરોનું તાપમાન (મહત્તમ)

| અમદાવાદ | વડોદરા | સુરત | રાજકોટ |
|---|---|---|---|
| 33.7° | 32.8° | 31.8° | 32.7° |

હવામાન વિભાગ

શહેરમાં બુધવારે મહત્તમ તાપમાનનો પારો ૩૨.૮ ડિગ્રીએ રહ્યો હતો. જ્યારે ન્યુનત્તમ તાપમાન ૨૭.૧ ડિગ્રી રહ્યું હતું. દિવસ દરમિયાન દક્ષિણ-પશ્ચિમ દિશાનાં પવનની ગતિ ૧૦ કિલોમીટર પ્રતિ કલાકની રહી હતી.

નિડર અને નિષ્પક્ષ
લોકસત્તા જનસત્તા

## બગદાણા ગુરુપૂર્ણિમાનાં દર્શન કરવા જતાં પઢિયાર પરિવાર મહિસાગરમાં સમાઈ ગયો

# બચાવવા માટે બૂમો પાડતી રહી, મારો દીકરો દીકરી અને પતિ ડૂબી ગયાં



ગ્રાઉન્ડ રિપોર્ટ : દિગ્વિજય પાઠક । ભાવિક વાઢણકર

### કોઈક રીતે હું ગાડીના બોનેટ ઉપર ચઢી ગઈ અને મારો જીવ બચી ગયો...

વડોદરા, તા. ૯

ગંભીરા બ્રિજ તૂટતા આ ઘટનામાં ૧૩ વ્યક્તિઓનાં મોત થયા છે. આ ઘટનામાં મુજકુવાનો પઢીયાર પરિવાર પણ ભોગ બન્યો હતો. મુજકુવાથી પોતાના પરિવાર સાથે ગુરુપૂર્ણિમા નિમિત્તે બગદાણા દર્શનાર્થે જઈ રહ્યો હતો. સવારે ૭ કલાકે આ પરિવાર ઘરેથી નીકળ્યો હતો અને થોડી જ મિનિટોમાં આ ઘટના ઘટી હતી. આ ઘટનામાં ૪૫ વર્ષીય સોનલ પઢીયાર બચી ગયા હતા, પણ તેમનાં પતિ, પુત્ર અને પુત્રી નજર સામે ઘટનાનો ભોગ બન્યાં હતાં. સોનલ પઢિયારે જણાવ્યું હતું કે, અમે બ્રિજ ઉપર પહોંચ્યા ત્યારે અમારી આગળ એક ટ્રક હતી અને બે બાઈક પણ હતી. ધીમે ધીમે એક પોપડો નીચે પાડવા લાગ્યો જેમાં ટ્રક પાડવા લાગી અને સાથે અમારી ગાડી પણ પડી ગઈ. કોઈક રીતે હું ગાડીના બોનેટ ઉપર ચઢી ગઈ, પરંતુ મારો દીકરો, દીકરી અને પતિ સહિત અન્ય પરિવારના સભ્યો પાણીમાં ગરક હતા. હું બૂમો પાડી પાડીને મદદની ગુહાર લગાવતી રહી, પરંતુ એક કલાક સુધી કોઈ મદદ ન મળી. એક કલાક પછી રેસ્ક્યૂ માટે લોકો આવ્યા અને મને બહાર કાઢી. મારી નજર સામે મારો આખો પરિવાર ડૂબી ગયો. મારો જીવ કેવી રીતે બચ્યો તે તો મને ખબર નથી, પરંતુ મારી સામે મારો નાનો દીકરો, મારી દીકરી કોઈ ન બચ્યું.

## બ્રિજ પરથી આવતાં-જતાં બીક લાગતી હતી, પરંતુ કોઈ વિકલ્પ જ ન હતો એટલે નાછૂટકે ઉપયોગ કરવો પડતો હતો

# બ્રિજ રિપેર કરવાની લોકોની બૂમો અંતે તો મરણની ચિચીયારીઓમાં પરિણમી

### ૫૦ વર્ષ જૂનો બ્રિજ ખખડધજ બન્યો, સ્થાનિકોએ અનેક રજૂઆત કરી, તંત્ર સબ સલામતની ગુલબાંગો ફેંકતું રહ્યું, પરિણામ નિર્દોષોનાં મોત

વડોદરા/પાદરા તા. ૯

વડોદરા જિલ્લાના પાદરાથી બોરસદ તરફ જતા ગંભીર બ્રિજનો વચ્ચેનો એક હિસ્સો આજે ધરાશાયી થઈ ગયો હતો. ૫૦ વર્ષ જુના આ બ્રિજની મરામત માટે વર્ષોથી લોકો બૂમો પાડતા રહ્યા પરંતુ માત્ર થીંગડા મારીને સબ સલામત હૈની ફેંકતા તંત્રના પાપે આજે ૧૩ વ્યક્તિઓએ જીવ ગુમાવવાનો વારો આવ્યો. બ્રિજમાં થયેલો ભ્રષ્ટાચાર આજે છાપરે ચઢીને પોકાર્યો કે ક્યાં સુધી આવા બ્રિજ લોકોના જીવ લેતો રહેશે.

વડોદરાના પાદરા અને આણંદ જિલ્લાને જોડતો મહીસાગર નદી પરનો ૫૦ વર્ષ જુનો ગંભીરા બ્રિજ આજે વહેલી આશરે સવારે તૂટી પડતા હાહાકાર મચી ગયો હતો. આ ઘટનામાં બ્રિજ ઉપરથી પસાર થઈ રહેલી બે ટ્રક, એક બોલેરો જીપ, ઈકો ગાડી અને એક રીક્ષા સહીત પાંચ વાહનો બે કાંઠે વહેતી મહી નદીમાં ખાબક્યા હતા. જેમાં ૧૩ વ્યક્તિઓના મોત નીપજ્યા છે જ્યારે ૫ લોકોને રેસ્ક્યુ કરીને બચાવી લેવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. ઈજાગ્રસ્ત પાંચ લોકો ને સારવાર માટે વડોદરા ની એસ.એસ.જી. હોસ્પિટલ ખસેડાયા છે. આ ઘટના બનતા મુજપુર, એકલબારા, ડબકા, મહુવડ સહિત આસપાસના ગામના લોકોના ટોળેટોળા સ્થળ પર ઉમટી પડ્યા હતા. બનાવની જાણ થતા પાદરા પોલીસ ઘટના સ્થળે દોડી જઈ કાર્યવાહી હાથ ધરી હતી. સ્થાનિક તરવૈયા, પાદરા – મહુવડ – વડોદરા ફાયર બ્રિગેડ, એન.ડી.આર.એફ. ટીમ સહીત સ્થાનિક લોકો બચાવ કામગીરી માં જોતરાયા હતા. પાદરા મુજપુર રોડ સાયરન થી ગુંજી ઉઠ્યું હતું. પાદરા તાલુકાના મુજપુર ગામ પાસેથી પસાર થતી મહી નદી ઉપર આણંદ જિલ્લાને જોડતો ૫૦ વર્ષ પૂર્વે બ્રિજ બનાવાયો હતો. જે પાદરા મુજપુર - ગંભીરા બ્રિજ તરીકે ઓળખાય છે. છેલ્લા ઘણા વર્ષોથી આ બ્રિજ જર્જરિત થઈ ગયો હતો. દરમિયાન આજે વહેલી સવારે મુજપુર પાસે બ્રિજના વચ્ચેથી ટુકડા થઈ જતા બ્રિજ ઉપરથી પસાર થઈ રહેલા એક પછી એક ૫ જેટલા વાહનો બ્રિજ નીચેથી પસાર થતી અને બે કાંઠે વહેતી મહીસાગર નદીમાં ખાબક્યા હતા.

### કાર્યપાલક ઈજનેર શરમ કરો



### પુલ તૂટ્યા બાદ પણ કહો છો કે બ્રિજ જર્જરિત ન હતો

વહીવટી તંત્રે શરમને નેવે મૂકી દીધી હોય તેમ લાગે છે. ઘટના બની, ૧૩ વ્યક્તિઓએ જીવ ગુમાવ્યો તેમ છતાં બેશરમ અને નફ્ફટ અધિકારી કહે છે કે આ બ્રિજ જર્જરિત ન હતો. બધું સમુસુતરું જ હતું. માર્ગ મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર એન. એમ. નાયકાવાલાએ જણાવ્યું કે, "અમારા છેલ્લાં રિપોર્ટ અનુસાર બ્રિજમાં કોઈ મેજર ડેમેજ નહોતું. પુલ જર્જરિત નથી." તેમ છતાં અચાનક થયેલી આ ભયાનક દુર્ઘટનાએ સરકાર અને તંત્રને ચિંતામાં મુકી દીધા છે. હવે તપાસનો વિષય એ છે કે, તંત્રે જે રિપોર્ટ કઢાવ્યો તેની વિશ્વસનીયતા કેટલી? શું આમ જ બધા બ્રિજના રિપોર્ટ કાઢવામાં આવતા હશે?

### ઉમેટા બ્રિજ ભારે વાહનો માટે પ્રતિબંધિત

ડાયવર્ટેડ કરેલ રૂટની વિગતો જોઈએ તો, તારાપુરથી વડોદરા જતા ભારે વાહનોએ સીધા વાસદ થઈને વડોદરા તરફ રૂટનું ડાયવર્ટ કરાયો છે. તદ ઉપરાંત બોરસદ તાલુકાના ગામડાઓમાંથી વડોદરા તરફ જતા નાના વાહનોએ ગંભીરા બ્રિજ તરફ જવાની જગ્યાએ ઉમેટા થઈને નીકળવું તેમજ ભારે વાહનોએ વાસદ રૂટનો ઉપયોગ કરવા જણાવવામાં આવ્યું છે. વધુમાં,પાદરા તરફથી આણંદ કે તારાપુર તરફ જતા વાહનોએ ગંભીરા બ્રિજની જગ્યાએ નાના વાહનોએ ઉમેટા તરફ જવા અને મોટા વાહનોને વાસદ થઈને નિકળવા જણાવવામાં આવ્યું છે.

### ૯ જુલાઈથી ગંભીરા પુલ પુનઃકાર્યરત ન થાય ત્યાં સુધી વાહનોની અવર-જવર પર પ્રતિબંધ

૯ જુલાઈથી ગંભીરા પુલ પુનઃકાર્યરત ન થાય ત્યાં સુધી તમામ પ્રકારના વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું આણંદ અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ ઋતુરાજ દેસાઈએ પ્રસિદ્ધ કર્યું છે.ગંભીરા બ્રિજ ઉપર આવતા અને જતા તમામ પ્રકારના વાહનોને વૈકલ્પિક માર્ગો પર ડાયવર્ટ કરવામાં આવ્યા છે.



### વૈકલ્પિક રૂટ

- તારાપુરથી વડોદરા જતા ભારે વાહનોએ સીદા વાસદ થઈને વડોદરા તરફ જવું
- બોરસદ તાલુકાના ગામડાઓમાંથી વડોદરા તરફ જતા નાના વાહનોએ ગંભીરા બ્રિજ તરફ જવાની જગ્યાએ ઉમેટા થઈને નીકળવું તેમજ ભારે વાહનોએ વાસદ રૂટનો ઉપયોગ કરવો.
- પાદરા તરફથી આણંદ કે તારાપુર તરફ જતા વાહનોએ ગંભીરા બ્રિજની જગ્યાએ નાના વાહનોએ ઉમેટા તરફ જવું અને મોટા વાહનોને વાસદ થઈને નીકળવું.
- ભરૂચ થી જંબુસર તરફથી સૌરાષ્ટ્ર તરફ જતા ભારે વાહનો કરજણ ભારત માળા એક્સપ્રેસ (દિલ્લી મુંબઈ એક્સપ્રેસ ) અથવા કરજણ અમદાવાદ નેશનલ હાઈવે નંબર ૪૮ તરફ ડાયવર્ટ કરવામાં આવ્યા છે.
- સૌરાષ્ટ્ર તરફથી તારાપુરથી બોરસદ થઈ વડોદરા તરફ તેમજ આસોદરથી આંકલાવ તરફ આવતાં ભારે વાહનો નેશનલ નં. ૪૮ તથા એક્સપ્રેસ હાઈવે તથા ભારત માળા (દિલ્લી મુંબઈ એક્સપ્રેસ) તરફ ડાયવર્ટ કરવામાં આવ્યા છે.
- આણંદથી વડોદરા તરફ આવતા મહીસાગર નદી ઉપરનો સિધરોટ બ્રિજ ખુબ જૂનો હોવાથી સાવચેતીના ભાગ રૂપે ભારે વાહનો ડાયવર્ટ કરવામાં આવ્યા છે.



### ૪૦ વર્ષ પૂર્વે પૂલ યુપી સ્ટેટ બ્રિજ કન્સ્ટ્રક્શન કંપનીએ બનાવ્યો હતો

૪૦ વર્ષ પૂર્વે બનેલો આ બ્રિજ મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રને જોડતો મુખ્ય બ્રિજ છે. આ બ્રિજ ઉપરથી દરરોજ હજારોની સંખ્યામાં નાના મોટા તેમજ ભારદારી વાહનો પસાર થાય છે. આ બ્રિજનું બાધકામ ૧૯૮૯માં ૩.૪૩ કરોડના ખર્ચે થયું હોવાનું જાણવા મળે છે. ૮૫૯.૫૨ મીટર લંબાઈના તેમજ ૪૦ મી. ઉંચાઈ ધરાવતા આ બ્રિજના કુલ ૨૩ સ્પાન છે. સીંગલ પીલર્સ પર બનેલા આ બ્રિજનો કેચમેન્ટ એરિયા ૩૦૯૭૯ ચો.કિ.ની. છે. આ બ્રિજ લખનૌની યુ.પી.સ્ટેટ બ્રિજ કન્સ્ટ્રક્શન કંપનીએ બનાવ્યો છે.

### બાઈકમાં પંક્ચર પડ્યું અને ૩ યુવાનો બચી ગયા

આંકલાવ તાલુકાના કિંખલોડ ગામ ખાતે રહેતા બે સગા ભાઈ મહેશ અને વિજય સહિત ૩ યુવકો પાદરા પાસેની એક કંપનીમાં નોકરી માટે રોજ આવે છે. આજે પણ તેઓ નિયત સમયે નીકળયા હતા પરંતુ વચ્ચે બાઈકમાં પંક્ચર પડ્યું હતું. તેઓ પંક્ચર કરાવવા રહ્યા તેવામાં નોકરીનો સમય નીકળી ગયો અને તેઓ ઘરે પરત જઈ રહ્યા હતા દરમિયાન આ ઘટના બની. ઘટનાના પ્રત્યક્ષદર્શી મહેશે જણાવ્યું કે, અમે ત્રણેય એક બાઈક પર જઈ રહ્યા હતા. ઘરે પરત જઈ રહ્યા હતા અને અમારી બાઈક આગળ નીકળી ત્યાં જ એક પોપડો ખરી પડ્યો. મેં અચાનક બાઈકને બ્રેક મારી પણ બાઈક થોડી બ્રિજ ઉપર લટકી પડી હતી. મારા ભાઈનો પગ પણ બ્રિજમાં ફસાઈ ગયો હતો. અમે બાઈક છોડી દીધી અને પહેલા મારા ભાઈને ખેંચીને બહાર કાઢ્યો. ત્યાર બાદ લટકી રહેલી બાઈકને પણ બહાર કાઢી. તેઓએ જે ખીલીના કારણે પંક્ચર પડ્યું હતું તેને પાસે રાખીને જણાવ્યું કે આજે આ ખીલી ન હોત તો અમે ત્રણેય યુવાનો બચી શક્યા ન હોત.

### ઓક્સિજન મળી ગયો હોત તો બચી ગયો હોત

પાદરાની રેફરલ હોસ્પિટલ ખાતે બોરસદના રાધાબહેન પઢીયાર આવી પહોંચ્યા હતા. આ દુર્ઘટનામાં તેઓના ૨ વર્ષીય ભત્રીજાનું મોત થયું હતું. તેઓએ જણાવ્યું કે અમે જ્યારે હોસ્પિટલ આવ્યા ત્યારે મારા ભત્રીજાને અહીં લાવવામાં આવ્યો. અહીં આવ્યો ત્યારે તેનામાં જીવ હતો અને જો તેને ઓક્સિજન આપવામાં આવ્યો હોત તો તેનો જીવ બચી ગયો હોત પરંતુ આ લોકો પાસે ઓક્સિજનની સુવિધા જ ન હતી અને તેના કારણે મારા ભત્રીજાનો જીવ ગયો છે તેવો આક્ષેપ રાધાબહેને કર્યો હતો.

### અહીં મૃતકની કિંમત ફિક્સ છે

## ચાર લાખ રૂપિયા, બાકી બ્રિજ કરોડના ખર્ચે બની જશે અને તૂટશે પણ..!!

ઓપિનિયન
દીપક આશર

એક પૂલ તૂટ્યો છે, એમાં આટલીબધી રોકકળ શા માટે? તંત્ર નવી એસઓપી બનાવશે, તાપસ થશે, સમિતિઓ રચાશે, મૃતકના પરિવારોને વળતર પણ ચૂકવાશે, અહીં જીવની કિંમત ૪ લાખ રૂપિયા ફિક્સ છે. પછી આટલી રોકકળ શા માટે? વડોદરા નજીક વધુ એક બ્રિજ ધરાશાયી થયો છે. કોઈ માનતા માટે જતા હતા, કોઈ નોકરીની ફરજ બજાવવા જતા હતા, કોઈ અપડાઉન કરી રહ્યા હતા. ૧૪૦ કરોડમાંથી બે-ચાર ઓછા થયા, એમાં શું? આવી ઘટના હવે એક સમયના વિકાસ મોડેલ ગુજરાતમાં છાશવારે બનતી રહે છે. આવું હવે આપણે માની લેવું પડશે કારણ કે, આજે પણ દુર્ઘટના બની પછી સૌથી પહેલાં લોકોના જીવ બચાવવા સામાન્ય જનતા જ પહોંચી હતી. જાણે કે ગુજરાતમાં બ્રિજ ધરાશાયી થવા અને નિર્દોષ લોકોના ભોગ લેવા એ એક સામાન્ય બાબત બની ગઈ છે. તંત્રના પેટનું પાણી પણ હાલતું નથી. લોકો ભલે મરતા, પણ ભ્રષ્ટાચારનો ઉધઈ ક્યારેય સાફ નહીં થાય. આઝાદીના અમૃતકાળમાં જ્યાં વિકાસની મોટી મોટી વાતો થાય છે, ત્યાં ૧૦૦ વર્ષની આવરદા ધરાવતો બ્રિજ ૫૦ વર્ષ પણ ન ટકે, તેનાથી મોટો ભ્રષ્ટાચાર બીજો કયો હોઈ શકે? એક સમય હતો જ્યારે ગુજરાતને વિકાસનું રોલ મોડેલ ગણવામાં આવતું હતું, પરંતુ હવે તો બ્રિજ તૂટવા એ જાણે કે એક ટ્રેન્ડ બની ગયો છે. આ ઘટનાઓ તંત્રની ઘોર બેદરકારી, ઈજનેરી ક્ષતિઓ અને સૌથી ઉપર, ભ્રષ્ટાચારના ઊંડા મૂળિયાં દર્શાવે છે. ક્યારેક મોરબીમાં મચ્છુ નદી પરનો ઝૂલતો પુલ તૂટે છે તો ક્યારેક વડોદરા નજીકનો આ પુલ. સવાલ એ થાય છે કે શું આ "વિકાસ" લોકોના જીવ લેવા માટે જ થાય છે? શું આપણે ખરેખર એવી આશા રાખી શકીએ કે ભવિષ્યમાં આવા કમનસીબ બનાવો અટકશે? કે પછી લાશ પર રાજનીતિ કરવાનું ચાલુ રહેશે? આ પ્રશ્નોનો જવાબ તો સમય જ આપશે, પરંતુ હાલ પૂરતું તો ગુજરાતમાં બ્રિજ ભ્રષ્ટાચાર, તંત્રની નિષ્ફળતા, લોકોના મોત, જવાબદારીનો અભાવ જ પ્રવર્તી રહ્યો છે. આજે ફરી એકવાર, વિકાસના દાવાઓ અને પ્રગતિના વચનોના પડઘા શાંત થઈ ગયા છે. એક પુલ તૂટ્યો નથી, ખરેખર તો, જનતાનો વિશ્વાસ તૂટીને ચકનાચૂર થયો છે. આ એક કડવી પરંપરા છે, એક નિર્લજ્જ ચક્ર છે જે અવિરતપણે ચાલે છે. જ્યારે કોઈ દુર્ઘટના બને છે, ત્યારે તંત્રના ચોપડે સૌપ્રથમ એસઓપીનું પાનું ખોલવામાં આવે છે. પછી, તપાસના આદેશોની શાહી સૂકાય તે પહેલાં, નિષ્ણાતોની ટીમો રચાય છે, જેમના અહેવાલો ધૂળ ખાય છે. અને અંતે, માનવજીવનની કિંમત ફક્ત ચાર લાખ રૂપિયામાં આંકવામાં આવે છે, રેટ પણ ફિક્સ, જાણે કે જીવન કોઈ સસ્તામાં મળતી ચીજ હોય! પ્રશ્ન એ છે કે તંત્ર પોતાની જવાબદારીઓમાંથી કેમ વિમુખ થાય છે? શું તેમનો જીવ કાગળ પરની ફાઈલો જેટલો પણ મૂલ્યવાન નથી? ક્યાં છે પારદર્શિતા? ક્યાં છે જવાબદારી? શું આ ચાર લાખ રૂપિયાનો વળતરનો ટુકડો ફેંકીને, તેઓ માને છે કે તેમણે પોતાના પાપ ધોઈ નાખ્યાં? આ માત્ર એક પુલનું પતન નથી, આ તો વ્યવસ્થાના પતનની કમનસીબ ગાથા છે. જ્યાં સુધી તંત્ર પોતાની જવાબદારી સ્વીકારશે નહીં ત્યાં સુધી ભ્રષ્ટાચારના આ પુલ તૂટતા રહેશે, અને લોકોનો વિશ્વાસ પણ.

## મુજપુર-ગંભીરા બ્રિજ તૂટી જતાં વિદ્યાર્થીઓના ભણતર પર સંકટ

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાને આણંદ જિલ્લાના ભાદરણ અને બોરસદ જેવા વિસ્તારોથી જોડતો મહત્વપૂર્ણ મુજપુર-ગંભીરા બ્રીજ તૂટી પડતા સમગ્ર વિસ્તારના રોજિંદા જીવન ઉપર ગંભીર અસર થઈ છે. ખાસ કરીને પાદરા, જંબુસર તરફથી ભણવા માટે ભાદરણ અને બોરસદની કોલેજો અને સ્કૂલોમાં જતાં વિદ્યાર્થીઓ માટે આ ઘટના ભણતર ઉપર સીધો પ્રહાર ગણાઈ રહી છે. દરરોજ સવાર-સાંજ અનેક વિદ્યાર્થીઓ આ માર્ગે ભણવા જતા હતા. હવે તેમના માટેની મુસાફરી અસંભવ બની છે. ન તો પર્યાપ્ત આલ્ટરનેટ રસ્તા ઉપલબ્ધ છે, ન તો જાહેર પરિવહનના વિકલ્પો. જો તાત્કાલિક પાદરા, મીયાગામ, જંબુસર તરફથી ભાદરણ-બોરસદ સુધી વિશેષ વિદ્યાર્થીઓ માટેનાં એસ.ટી. બસો અથવા ખાનગી વ્યવસ્થિત વાહનો ની વ્યવસ્થા નહિ થાય, તો હજારો વિદ્યાર્થીઓના ભવિષ્ય પર અંધારું છવાઈ શકે છે.આસપાસના ગામોના વિદ્યાર્થીઓ હવે ભણવા માટે સ્કૂટર અથવા વાહન વ્યવસ્થા કરવી શક્ય નથી, અને દૂરદૂરના રસ્તા પણ સુરક્ષિત નથી. વિદ્યાલયો અને શિક્ષણ મંડળો દ્વારા "શિક્ષણ દરેક માટે" નીતિ અંતર્ગત જિલ્લા તંત્રએ તાત્કાલિક પગલાં લેવું જોઈએ. જે માર્ગ મરામત માટે સમય લાગશે, તો સુધી વિદ્યાર્થીઓ માટે ખાસ વાહન વ્યવસ્થા થવી અનિવાર્ય છે.માત્ર બ્રીજ તૂટ્યો નથી, પરંતુ અનેક વિદ્યાર્થીઓના સપનાનો માર્ગ પણ તૂટી રહ્યો છે. હવે જરૂરી છે કે પ્રશાસન સમય વેડફ્યા વિના બ્રિજની કામગીરી વહેલી તકે શરુ કરે તેવી પણ માંગ ઉઠી છે.



## જિ. પં.ના સભ્યે બ્રિજ અંગે ૨૦૨૨માં રજૂઆત કરી હતી

મહીસાગર નદી પર આવેલો મુજપુર-ગંભીરા બ્રિજ આજે વહેલી સવારે ધસી પડ્યો હતો, જેમાં ૧૩ લોકોના કરુણ મોત થયા છે. આ દુર્ઘટનામાં પાંચ વાહનો નદીમાં ખાબક્યા હતા, જ્યારે એક ટ્રક બ્રિજ પર લટકતી હાલતમાં જોવા મળ્યો હતો. આ ઘટનાએ તંત્રની ઘોર બેદરકારી ફરી એકવાર ઉજાગર કરી છે, આ બ્રિજની જર્જરિત સ્થિતિ અંગે અગાઉથી જ રજૂઆતો કરવામાં આવી હતી.

એક જાગૃત નાગરિકે ૨૭ જૂન, ૨૦૨૩ ના રોજ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક વીડિયો પોસ્ટ કરીને આ બ્રિજ અંગે ચેતવણી આપી હતી. તેણે મુખ્યમંત્રી, ગૃહ રાજ્યમંત્રી, કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી સહિત મીડિયાને ટેગ બ્રિજની હાલત અંગે લખ્યું હતું. ઉપરાંત મુજપુર જિલ્લા પંચાયતના સભ્ય હર્ષદસિંહ પરમારે ૪ ઓગસ્ટ, ૨૦૨૨ ના રોજ જિલ્લા કલેક્ટર અને માર્ગ અને મકાન વિભાગને પત્ર લખીને બ્રિજની જોખમી સ્થિતિ અંગે ધ્યાન દોર્યું હતું. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે બ્રિજના પીલરોમાં મૂમેન્ટ આવી ગઈ છે, બ્રિજ પરથી પસાર થતી વખતે ધ્રુજારી અનુભવાય છે અને તેની સપાટી સતત બગડી રહી છે. પત્રમાં સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી હતી કે જો ભવિષ્યમાં કોઈ જાનહાનિ થાય, તો તેની સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે.

## કમભાગી મૃતકોની યાદી

૧. રમેશભાઈ રાવજીભાઈ પઢિયાર, ઉ.વ.૩૨, ગામ-મુજપુર
૨. વૈદિક રમેશભાઈ પઢિયાર, ઉ.વ.૪, ગામ-મુજપુર
૩. નૈતિક રમેશભાઈ પઢિયાર, ઉ.વ.૨, ગામ મુજપુર
૪. વખતસિંહ મનુસિંહ જાદવ, ઉ.વ.૫૫, ગામ કહાનવા
૫. હસમુખભાઈ મહિજીભાઈ પરમાર, ઉ.વ.૪૦ગામ- હર્ષદપુરા
૬. રાજેશભાઈ ઈશ્વરભાઈ ચાવડા, ઉ.વ.૨૨, ગામ-દેવાપુરા
૭. પ્રવિણભાઈ રાવજીભાઈ જાદવ, ઉ.વ.૩૩, ગામ-ઉંદેલ
૮. કાનજીભાઈ મેલાભાઈ માછી, ઉ.વ.૪૦, ગામ-ગંભીરા
૯. જશુભાઈ શંકરભાઈ હરિજન, ઉ.વ.૬૫, ગામ-ગંભીરા
૧૦. સુખભાઈ ભગવાનભાઈ વાગડિયા, ઉ.વ.૩૨, ગામ-સરસવા
૧૧. પર્વતભાઈ ભગવાનભાઈ વાગડિયા, ઉ.વ. ૨૦, ગામ-ધનસુરા
૧૨. મહેરામણ પર્વતભાઈ હાથીયા, ઉ.વ. ૫૧, ગામ-દ્વારકા
૧૩. વિષ્ણુભાઈ ખોડાભાઈ રાવલ, ઉ.વ.૨૭, ગામ-નવાપુરા